
કુમાર

આવતી કાલનાં
નાગરિકો માટે આજનું માસિક માહ ૧૯૯૨ સળંગ અંક ૧૪૬મો

તંત્રી · રવિશંકર રાવળ
સપાદક·બચુભાઈ રાવત



શ્રી રવિશંકર રાવળનું અજંતા શૈલીનું આલેખન

નેપથ્યે

ગયા કરતાં આ અંક એક ડગલું આગળ ગયો લાગશે. જોકે 'લઘુલિપિ'વાળો લેખ આ મહિને અકસ્માતે મુલતવી રાખવો પડ્યો; કેમકે એને લગતાં આલેખનો એક વખત તૈયાર કર્યા છતાં અસ્પષ્ટ હોવાને કારણે રદ કરવાં પડ્યાં. બીજો એક અકસ્માત (સુભગ) એ થયો કે સારસ-જોડીનું રંગીન મુખચિત્ર આ અંક માટે અમે તૈયાર કર્યું ત્યારે કલ્પનાયે ન હતી કે શ્રી 'વનેચર' તરફથી એ જ વિષય પર વનવગડાનાં વાસીનો હપતો આવશે. ઉમાશંકર જોષી ફરી પાછા અગ્ર પૃષ્ઠ પર આવે છે. એ સૉનેટ પેલી 'આત્માનાં ખંડેર'વાળી માળામાંથી જ છે અને હજી બીજાં એવાં આવવાનાં છે. રામપ્રસાદ શુકલ ઘણે મહીને 'કુમાર'નાં પાનાં પર દેખાયા, નહિ ? ટૂંકી વાર્તાઓ આ મહીને પણ ત્રણ છે: એક છોટા છોકરાના સાહસની, એક પ્રાણીજીવનની ને એક દેશભક્તિની. 'માર્કોની-માસ્ટર ઑફ સ્પેઇસ'નું જે વિસ્તૃત ચરિત્ર બહાર પડવાનું છે તેનાં શરૂનાં પ્રકરણો તે આ અંકમાંનું કુમાર-જીવન. ગુજરાતના ગૌરવના સ્મશાનનો આટલો લાગણીભર્યો પરિચય આપ્યા છતાં શ્રી આચાર્યને એ લેખથી સંતોષ નથી થયો. 'ખભે ખડિયા'ની માળા વિષેના એમના કોડ અને આદર્શો તો કંઇકંઈ છે. અને અખાડા વિભાગમાં એમનો 'વ્યાયામ અને નમ્રતા'નો લેખ તમને કેવો લાગ્યો ? જીવનના પરોઢવાળી માળા હવે મૂળ કથા પર આવતી જાય છે. 'સુએઝની નહેર'નો લેખ સૂકો ભૌગોલિક ગણીને ટાળી ન મૂકતા. એમાં ઘણી હકીકત ને ઘણો રસ છે. એના નકશા ને ચિત્રો પણ ઉપયોગી છે. માધુકરીમાંનો આઠ એડવર્ડોવાળો લેખ કદાચ સૌથી આકર્ષક છે. આ પ્રસંગે એ બાજુનું એ રીતનું દર્શન આવશ્યક તેટલું જ નવીન નથી ? આ વખતે બેરંગી મુદ્રણવાળાં ચારને બદલે આઠ પાનાં આપ્યાં છે. અને આ રંગ-વધારો હવે બનતાં સુધી ચાલુ જ રહ્યા કરશે.

કુમાર
માહ ૧૯૯૨
અંક ૧૪૬

અનુક્રમ


મુદ્રક • બચુભાઇ રાવત; તંત્રી અને પ્રકાશક • રવિશંકર રાવળ; કુમાર પ્રિન્ટરી કુમાર કાર્યાલય ૧૪૫૪ રાયપુર અમદાવાદ; વાર્ષિક લવાજમ રૂ. ૬, પરદેશના ૧૨ શિ.; છ માસિક લવાજમ રૂ. ૩; છુટક નકલના ૧૦ આના; મુંબઇના એજન્ટો • આર.આર. શેઠની કંપની, અને સી. જમનાદાસની કંપની, પ્રિન્સેસ સ્ટ્રીટ; જાહેર ખબરના સોલ એજન્ટ રાવળ બ્રધર્સ પ્રિન્સેસ સ્ટ્રીટ.



જીવનનિર્વાહ (ફોટો · કનુ રાવત) આ માસની હરીફાઈમાં પહેલું ઈનામ જીતનારૂં ચિત્ર



સારસ-જોડી
ચિત્રકાર • છગનલાલ જાદવ
(ગુજરાત કલાસંઘ ચિત્રશાળા)



અશકયાકાંક્ષા ?

મહત્ત્વાકાંક્ષાના વિવિધવરણા મેઘધનુની
છટા ફેલે ચક્ષુ રિઝવી, પજવી આત્મબળને.
તરે દૃષ્ટિ સામે કણ થકી થયા મેરુ દ્યુતિના,
પુરે સાક્ષી કૂડી અફર ઇતિહાસે સ્મૃતિ ભરી.
વિશાળે નાનોશો જગફલક ઇસ્કિંદર ઘુમ્યો,
અને બાળે વેશે તખતતખતે બાબર રમ્યો;
ખરી વેળાની ગૈ ફરજ બજવી જોન કુમળી,
યુવાનીમાં શામ્યું પણ વિઘન ના કીટ્સ-ઉરને.

શ્વસે મારે હૈયે પણ તણખ એ ચેતનતણી,
સરી જે સૃષ્ટિની પ્રથમ પલકે, જે જળચરો
વનોની સૃષ્ટિ ને ગિરિગિરિ ભમંતાં પશુગણો
તણા પ્રાણે વ્હેતી, યુગયુગ ક્રમે વેગથી ધપી,
પ્રકાશી અંતે જે મનુજ રૂપમાં ઉત્ક્રમવતી.
વિકાસીને આગે પ્રગટ બનું પ્રજ્ઞાપુરુષ હું.

શિખરિણી · સૉનેટ

ઉમાશંકર જોષી


ચિત્રકાર · કનુ દેસાઈ

નાનો સરખો સિકંદર આવડા વિશાળા જગફલક પર ઘૂમી વળ્યો, કુમાર બાબરે બાલ્યાવસ્થામાં તખ્ત પર તખ્ત સર કર્યાં, જોન ઑફ આર્ક સરખી કુમળી બાળા દેશની ખરી વેળાની ફરજ બજાવી ગઈ, કારમા ટીકાપ્રહારોથી ઘવાતું–નીંગળતું પણ કીટ્સનું યુવાન હૃદય રસદર્શન કરાવતું ગયું,—એ બધું જેને પ્રતાપે થયું, જેને બળે કણમાંથી મેરૂ બન્યા એ મહત્ત્વાકાંક્ષાનું આ સૉનેટમાં પ્રશસ્તિગાન છે અને પ્રેરણા-પાન પણ છે. કવિ તો કહે છે કે સૃષ્ટિના આદિકાળ સાથે જ એનો જન્મ થયો છે, જળચરો, વનસૃષ્ટિ તથા પશુગણના પ્રાણમાં ધબકતી એની ચેતનાબળે જ આ જગતની ઉત્ક્રાન્તિ થતી આવી છે, અને એ ઉત્ક્રમમાં જ માનવસ્વરૂપ આટલું વિકસ્યું છે, તો એ ચેતનાની તણખ વડે હું (માનવી) આગળ વિકાસ પામી પ્રજ્ઞાપુરૂષ (superman) પણ બનવાનો જ. કવિ મથાળામાં પૂછે છે કે તમને એ શું અશકયાકાંક્ષા લાગે છે ?

સામયિક વિચાર-પ્રવાહ

સંસ્કારસેવી કૉલેજિયનોને

સામુદાયિક વ્યવસ્થાશક્તિ



ક. મા. મુનશી

થોડા મહિના પર હું હજારો વર્ષોની ઇતિહાસની સ્મરણભૂમિ ચિતોડમાં ગયો હતો. એક તરફ ગૂર્જરાધીશ કુમારપાલે ચણાવેલું શિવમંદિર ગુજરાતની જાહોજલાલીની સાક્ષી પૂરતું; બાજી તરફ કુંભા રાણાએ રચેલો કીર્તિસ્તંભ હજી યે સિસોદિયાઓનો ગર્વ મૂર્તિમાન કરતો હતો. ત્યાંથી નીકળી દર વર્ષે હજારો યોદ્ધાઓએ કેસરિયાં કરી પ્રાણ અર્પ્યા હતા. ત્યાં હજારો વીરાંગનાઓ શીયળ સાચવવા અગ્નિને વરી હતી. ત્યાં વીરતા હતી, અડગતા હતી, દેશદાઝ ને સ્વાતંત્ર્યપ્રેમ હતાં,—અવનિ પર કોઇ સ્થળે પણ નહોતાં એવાં—કેન્દ્રસ્થ!

આ હુતાત્માઓનાં સ્મરણોમાં ખિન્ન હું મારી જાતને પૂછવા લાગ્યો કે એવું આ દેશમાં શું હતું–એવો કયો શાપ આપણે શિર હતો કે જેથી આટલી વીરતા છતાં, આટલો ત્યાગ છતાં, આટલો સ્વાતંત્ર્યપ્રેમ છતાં, આપણે પરાધીન થઇ પડ્યા? હીંદુપત પાદશાહીનો કેમ અસ્ત થયો?

એનો જવાબ આવ્યો,—સ્પષ્ટ અને સચોટ: હિંદીઓ પાસે બધું હતું, પણ સામુદાયિક વ્યવસ્થાશક્તિ નહોતી. એક એક હિંદીવાન એક એક પરદેશીથી ચડિયાતો છે; પણ પચાસ હિંદીવાનોનો સંઘ બે પરદેશીઓના સંઘ આગળ નિસ્તેજ બને છે. આપણા સમુદાયમાં 'એક તન, મન, પ્રાણ' પ્રગટતો જ નથી. ચિતોડની કરુણ કથની વાંચો, મરાઠા સામ્રાજ્યના આંતરકલહો જુઓ, પાંચ વરસના સત્યાગ્રહ પર નજર કરો, ઑસ્ટ્રેલિયનો સાથેની મૅચ સંભારો, આપણી જાહેર સંસ્થાઓની કારકિર્દી તપાસો—સામુદાયિક વ્યવસ્થાનો અભાવ જ આપણી બધી વિપત્તિઓના મૂળમાં જડશે.

ઇંગ્લંડમાં કેવું પ્રતાપી સંઘબળ છે તેની પ્રતીતિ આપણે સર સૅમ્યુઅલ હોરના રાજીનામા વખતે કરી. ૧૯૨૩નું ઇટલી નિર્જીવ દેશ હતો; આજે લાખો સભ્યોની બનેલી ફૅસીસ્ટ પાર્ટી એક તન, મન, પ્રાણે—એક અવાજે—જગતના મહાસામ્રાજ્યોને ગભરાવી રહી છે. આજે નાઝી પક્ષે—લાખોના બનેલા એક વિરાટ પુરુષે—બાર મહિનામાં વેરસાઈના કોલકરારને ફાડી તોડી જર્મનીને મહા પ્રતાપી રાષ્ટ્ર બનાવી મૂક્યું છે. રશિયામાં એવો જ એક સંઘ મધ્યકાલીન દેશને આંખ ઉઘાડતાંમાં અર્વાચીન કરી રહ્યો છે.

આ વ્યવસ્થાશક્તિ સાથે આપણી શક્તિ સરખાવો. આપણું બધું કામ વરઘોડિયા (ઢીલી) ચાલે, ગમે તેમ, અવ્યવસ્થિત, અનેકાગ્ર. વર્ણવર્ણના ભેદ, પ્રાન્તપ્રાન્તના ભેદ, કાઠિયાવાડી ગુજરાતીના ભેદ, ગામેગામના ભેદ, શેરીએ શેરીના ભેદ. પ્રતાપી મોટી સેનાના સૈનિક થવા કરતાં નાનકડી નિર્વીર્ય ટુકડીના નાયક થવાની આપણી લિપ્સા! હજારો વર્ષની ગુલામગીરીનો આ વારસો છે. એનું જ નામ ગુલામી મનોદશા.

આ સામુદાયિક વ્યવસ્થાશક્તિના મંત્રનો સાક્ષાત્કાર કરતાં તમે આજથી જ શીખો. તમારી કલબોમાં, તમારાં જીમખાનામાં, વર્ગમાં, જીવનમાં organise, organise, organise. સ્વાતંત્ર્યવાદના શોખમાં જે સામુદાયિક વ્યવસ્થાશક્તિ નિર્બળ કરે તે ગુલામ આત્મસંતોષ માટે સ્વદેશને છેહ દે છે; પોતાના અલ્પ વિકાસને સામુદાયિક વિકાસનું જે અંગ બનાવે તે જ નર આપણી સાધન સંપત્તિ સમૃદ્ધ કરે છે ને લીધેલું ઉચ્ચ શિક્ષણ શોભાવે છે. વ્યક્તિત્વનો વિકાસ સાધો, પણ સામુદાયિક વ્યવસ્થાની આડે આવ્યા વિના.

મોટાઇ અને મહત્તા

પ્રતિષ્ઠા, મોટાઈ કે વિજય તે મહત્તા નથી, Success–'મોટાઇ' એ Greatness–'મહત્તા'નું સુવર્ણ નથી; માત્ર અણધાર્યા પ્રસંગો પર ચઢાવેલો સોનેરી ઢોળ છે. મોટાઈ હોય ત્યાં મહત્તા ક્વચિત જડે. મહત્તા હોય ત્યાં મોટાઇ ઘણીવાર નથી જોવામાં આવતી. મહત્તા પ્રાપ્ત કરવાના તમે પ્રયત્ન આજે કરી શકો. મોટાઈ મળે કે નહિ એ કોણ કહી શકે?

એ મોટાઇમાં, વિજયમાં સુખ પણ નથી ને જીવનસાફલ્યે નથી. મોટાઇ પ્રાપ્ત કરવાના પ્રયત્નો તમે ભલે કરો,—મહત્ત્વાકાંક્ષા એ માનવતાનું લક્ષણ છે; પણ તેની સિદ્ધિ કોઇના હાથમાં નથી. મહત્તા વિનાની, સુખ વિનાની મોટાઇ દીપકનો પ્રકાશ છે: તે આત્માને આકર્ષે યે ખરી, તેમ તેને બાળીને ભસ્મ પણ કરી મૂકે તે જ પ્રમાણે પૈસાની પ્રાપ્તિનો આધાર પણ ગુણ પર નથી, સંસ્કાર પર નથી, મહત્તા પર નથી—માત્ર અણધાર્યા પ્રસંગો પર છે. ઘણા મહાનો નિર્ધન છે; ઘણા યે ધનિકોને ધન કેમ મળ્યું તે સમજાતું નથી. ધન મનુષ્યને મહાન નથી બનાવી શકતું. જેનામાં સંકલ્પબળ હોય, કાર્ય-

દક્ષતા હોય, જ્ઞાન હોય, આદર્શ હોય તે જ મહાન છે—પછી તેને લક્ષ્મી વરી હોય કે નહિ.

મોટાઇ ને ધન એ એના લોભમાં જે પણ કંઈ પ્રયત્ન કરો તે નિરર્થક થવા સર્જાયા છે. આજે તમારા હાથમાં તો જ્ઞાનની પાંખે ચઢી ઊંચા ને ઊંચા ઉડવાનો અવસર છે.

હિંદમાં વિજ્ઞાન વિના લોકો ભૂખે રઝળે છે, પણ તેને કોઇ ખવડાવનાર નથી; કાઠિયાવાડમાં ગામે ગામ પ્રતાપી ઇતિહાસની અઢળક સામગ્રી પડી છે, પણ તેને કોઈ શોધનાર નથી; ગુજરાતી સાહિત્યની હજારો વર્ષની સમૃદ્ધિ જ્યાં ને ત્યાં રઝળે છે, પણ તેનો કોઇ ઉદ્ધારનાર નથી. આ તમારાં કાર્યક્ષેત્રો. એમાં ઘૂમતાં શીખો તો તમારું શિક્ષણ સંપૂર્ણ થશે.

અંતિમ મૂલ્યો

કેળવણીનો બીજો ને વધારે અગત્યનો મુદ્દો થોડાં અંતિમ મૂલ્યો મેળવવાનો છે. જીવનમાં આપણે કેટલીક વસ્તુઓ સાધન તરીકે મેળવીએ છીએ. પૈસો, વિદ્વત્તા, કાર્યદક્ષતા મેળવીએ એ કોઇ બીજો હેતુ સાધવા માટે. પણ સંસ્કાર, રસિકતા ને ભાવના એ એવાં સાધન નથી; એ તો અંતિમ મૂલ્યો છે.

શાકુંતલ અને શેલી તમે શીખો છો એ રસિકતા કેળવવા માટે; એમાં રહેલી સરસતા તમારા જીવનમાં ઉતારવા માટે. કાવ્યોનો અભ્યાસ, પ્રેમ, સૌંદર્યસેવા, ભાવનાશીલતા એ પાસ થવા માટે નથી, જીવનને દિવ્યતા આપવા માટે છે. ગરીબ કે તવંગર, સશક્ત કે રોગિષ્ટ, દુઃખી કે સુખી બધાને માટે એ અણમોલી પૂંજી છે. એનાથી જ માણસમાં ગૌરવ આવે છે.

આ વસ્તુ આજના ગ્રૅજ્યુએટોને ખાસ યાદ રાખવા જેવી છે. પૈસો મળે કે નહિ, મોટાઇ અને પ્રતિષ્ઠા મળે કે નહિ, એ આપણા હાથની વાત નથી. પણ અંતિમ મૂલ્યોની સેવા તો કોઇ પણ સ્થિતિમાં, કોઇ પણ વિપત્તિમાં જીવનસાફલ્ય સાધી શકે છે. કૉલેજના જીવનમાં એવાં થોડાં કોઇ મૂલ્યો અપનાવી લેજો, કોઈ એક એવી ભાવના તમારી કરી લેજો જે જીવનભર ઉપયોગી થાય. અને પછી જીંદગીમાં ગમે તે બીજી વસ્તુ માટે જીવન જોડે સમાધાન સાધજો, પણ એના વિષયમાં તો મક્કમ જ રહેજો. એ ન મળે તો પ્રાણ છોડવા તત્પર રહેજો.

એવું એક અંતિમ મૂલ્ય રાષ્ટ્રીયતા છે. ન્યાત પછી, જાત પછી, પણ દેશ પહેલો એ સંકલ્પે પશ્ચિમને આજે જગતનું સ્વામી બનાવી મૂકયું છે.

ગુજરાત માટે પ્રેમ કેળવવાનો મારો આગ્રહ જાણીતો છે. ગુજરાતની અસ્મિતા એ મારા જીવનસિદ્ધાંતોનું એક અનિવાર્ય અંગ છે. પણ એ મારો આગ્રહ, એ મારી ગુજરાતીતા રાષ્ટ્રીયતાથી જુદી નથી, તેનું અંગ છે. સત્યાગ્રહની લડત દરમ્યાન કર્ણાટકમાં, દખ્ખણમાં, સંયુક્ત પ્રાંતમાં, બંગાલમાં જ્યાંજ્યાં ગુજરાતી વસ્યા છે ત્યાંત્યાં તેમણે રાષ્ટ્રને ચરણે અનેક ભોગો ધર્યા છે. જે ગુજરાતી રાષ્ટ્રમય નથી, હિંદમય નથી, તે ગુજરાતી નથી. . . . .

હું તમને સૌને રાષ્ટ્રમય થવાનું કહું છું. ગુજરાતનાં સંસ્કાર, ભાવના ને અસ્મિતા ટકાવી તેના ઉપર તમારી રાષ્ટ્રભક્તિનો પાયો ચણજો. એ રાષ્ટ્રભક્તિમાં હિંદની મુક્તિ સમાઇ છે. એ મુક્તિ એક મહાત્માજીથી મળવાની નથી,—એંશી હજાર માણસો જેલમાં ગયે પણ ન મળી એ આપણે જોયું. દેશના પ્રત્યેક સ્ત્રીપુરુષ તેના ભાવિમાં જ્વલંત શ્રદ્ધા રાખી સર્વસ્વ સમર્પણ કરે તો જ એની પ્રાપ્તિ શક્ય છે. તમે એ વૃત્તિ નહિ કેળવો તો તમારી કૉલેજની કેળવણી વાંઝણી રહેવાની—તમે માત્ર યંત્ર જેવા બુદ્ધિજીવી પ્રાણીઓ થઈ રહેશો. પશ્ચિમની પ્રજાઓ સાથેના બુદ્ધિના અખાડામાં ઉતરવાની તમારી તમન્ના સાથે તમારા હૃદયમાં ઉત્સાહ, શ્રદ્ધા, આદર્શ ને સ્વાર્પણને પણ જીવનમાં ઉતારો તો જ તમે જીવન જીવી ગયા એમ કહેવાશે.

શામળદાસ કૉલેજના રૌપ્ય મહોત્સવ પ્રસંગે આપેલા વ્યાખ્યાનમાંથી ('ગુજરાત'માંથી) —**કનૈયાલાલ મુનશી**

ચોરવાડનો વ્યાયામવર્ગ


શ્રી કાઠિયાવાડ વ્યાયામ પ્રચારક મંડળના ઉપક્રમ હેઠળ દર સાલની માફક આ વરસે પણ વ્યાયામ વર્ગ ખોલવામાં આવશે તેનું સત્ર તા. ૧-૫-૧૯૩૬થી ૫-૬-૧૯૩૬ સુધી રહેશે અને હિંદનો કોઇ પણ વ્યાયામપ્રેમી તેનો લાભ લઇ શકશે. સત્રની ફી પંદર રૂપિયા છે અને ભોજન તથા વ્યવસ્થાનું બધું ખર્ચ તેની અંદર આવી જાય છે. સત્ર દરમ્યાન ચા, કૉફી, બીડી, પાન, સોપારી તથા કંઈ પણ બજારૂ ચીજ ખાવાપીવાની મનાઇ છે. ઉમેદવાર ભાઇઓએ પોતાની સાથે આ ચીજો લાવવાની રહે છે: ૩ લંગોટ, ૩ ગોઠણ સુધીની ચડ્ડી, ૩ ખુલ્લા ગળાનાં અર્ધી બાંયના સફેદ ખમીસ, ૧ ઉરબી ચડ્ડી, ૧ ચપ્પુ, ૪ નોટબુક તથા છુટા કાગળ—નોંધ (જે દરેકે રાખવી ફરજિયાત છે) લખવા માટે, ૧ થાળી, ૩ વાડકા, ૧ પાણીનો લોટો, બેડિંગ તથા ઓઢવાનું.

ઊનાળાની ગરમીના દિવસોમાં ઠંડક અનુભવવા, ઠંડક સાથે શરીરને વિકસાવવા, શરીરવિકાસ સાથે શરીરશાસ્ત્રની તથા વ્યાયામની માહિતી અને તાલીમ લેવા, તાલીમ સાથે કૅમ્પ લાઇફ અનુભવવા, અને ઉનાળાના મે વેકેશનનો સદુપયોગ કરવા જુવાનો, વિદ્યાર્થીઓ અને વ્યાયામપ્રેમીઓને આગ્રહભર્યું આમંત્રણ છે

છેલ્લાં છ વર્ષથી અનેક વિદ્યાર્થીઓએ તથા શિક્ષકોએ, યુવાનોએ અને વૃદ્ધોએ, વેપારીઓએ તથા નોકરોએ આ વર્ગનો લાભ લીધો છે.

દાખલ થવા ઇચ્છનારે તા. ૨૦-૪-૩૪ પહેલાં 'શ્રી હરખચંદ મોતીચંદ શાહ-ચોરવાડ' એ સરનામે ડીપોઝીટના રૂા ૩ મ. ઑ. થી મોકલી અરજી કરવી.

સહરાના
પેટાળ
પ્રદેશની
પ્રપંચખોરીની
નાની વાર્તા



છોટો ગવૈયો

'ખુદા પાકને નામે કંઇ આપશો, મહેરબાન?' ખજૂરની મોસમ આવતાં ગર્દીથી ચિકાર બનેલી બજારમાં એક ભિખારી છોકરાએ કોઇ અમીર આરબ સામે હાથ લંબાવ્યો.

'ખુદા જેવો આલા આપનારો જ તને આપી રહેશે.' બેપરવાઇથી હસતો અમીર એ નાના હાથને તરછોડતો ચાલ્યો ગયો. નિસાસો નાખતો એ ભિખારી છોકરો બેસી ગયો. તેની પાછળ અલમોરાનો તોતીંગ દરવાજો ઝૂકી રહ્યો હતો. આગળ ખામસીન (વંટોળિયા) ના ફૂંફાડા મારતું સહરાનું રણ ઓળંગવાની તૈયારી કરતી એક કારવાન તંબૂ તાણી પડેલી હતી.

'અલ્લાહ તઆલાને નામે!' દબાએલા અવાજે ને દયામણે મોઢે એ શબ્દો બોલતાં રાહદારીઓ સામે તે હાથ લંબાવતો.

સહરાના પોષાકમાં સજ્જ થએલા એક ફ્રેંચે આ અવાજ સાંભળ્યો. સાંભળ્યું ન સાંભળ્યું કરી તે આગળ ચાલ્યો. પણ કાવાખાનાના દરવાજા આગળ જઇ વળી કંઇ વિચાર આવતાં તે અટક્યો: 'અલ્યા સખી દિલના દીકરા, અહીં આવ!'

ભિખારી તેની પાસે ગયો.

'જો સાંભળ,' ફ્રેંચમૅન બોલ્યો: 'મેં બે વખત તને બજારમાં ગાતો સાંભળ્યો હતો. એક અમેરિકન ગીત પણ તારે મોંએ સાંભળ્યું હતું. તું ભણેલો તો છે ને?'

છોકરાએ ડોકું હલાવ્યું.

'ઠીક છે. તું મને કામ લાગે તેવો છોકરો જણાય છે. ચાલ, કાવો પી લે.'

ફ્રેંચે બે કાવાની પ્યાલીઓનો ઑર્ડર આપ્યો.

કાવો પીતાંપીતાં કાવાખાનાની ભીંત તરફ આંગળી ચીંધી તે બોલ્યો: 'જો, પણે મેં એક જાહેર ખબર ચોટાડી છે. હું અરબી બોલી તો શકું છું, પણ લખીવાંચી બરાબર નથી શકતો. તું વાંચ, એ બરાબર છે?'

છોકરાએ વાંચવું શરૂ કર્યું:

ઇનામ!

શ્રીમંત જમીનદાર અને હાથીદાંત તથા ચામડાના મોટા નિકાસદાર મેજર જૉર્ડનનો પત્તો લગાવનારને પાંચ હજાર ફ્રાંક ઇનામ!! તોરિગ ટોળીઓ સાથેની ઝપાઝપી બાદ તે કારવાનમાંથી ગુમ થએલ છે. મળેલી માહિતી વિશ્વાસપાત્રરીતે છૂપી રાખવામાં આવશે.

લેફ્ટેનન્ટ રાઉલ ગિડેલ
સહરાન ડેઝર્ટ પેટ્રોલ.

'હં, એ બરાબર છે.' લેફ્ટેનન્ટ ગિડેલ બોલ્યો: 'લે આ તારૂં ઇનામ!' તેણે ભિખારી તરફ એક સિક્કો ફેંક્યો અને ચાલ્યા જવા સૂચવ્યું.

ભિખારી થોડે દૂર ગયો ત્યાં ગિડેલે પાછો તેને બોલાવ્યો: 'છોકરા, તું બધે રખડતો હોઇશ. લગભગ તારી ઉમરના કોઈ ગોરા છોકરાને ક્યાંય ભાળ્યો છે? તેં હમણાં જ આ જાહેર ખબરમાં વાંચેલા મેજર જૉર્ડનનો તે દીકરો થાય. તેનું નામ ફિલ. તેને અમેરિકા ગયે ઝાઝો વખત નથી થયો. તેની જિંદગી લગભગ અલ્જીરિયામાં જ તેણે વીતાવી છે, ને મેં સાંભળ્યું છે કે બેત્રણ દિવસ પહેલાં જ તે આફ્રિકાને કાંઠે ઊતરી ચૂક્યો છે. તે આ મુલકમાં જ ક્યાંક હોવો જોઇએ. જો તું એની બાતમી મને આપશે તો હું તને પૈસાથી ન્યાલ કરી દઇશ.'

'ભલે મહેરબાન, હું ચોક્કસ તેને શોધવાનો પ્રયત્ન કરીશ' એટલું બોલતો છોકરો બજારમાં દોડી ગયો.

રાત પડતી હતી. બારીઓના કાચમાંથી સળગતી મીણબત્તીઓનો પ્રકાશ નીતરતો હતો. એક ખૂણે ઊભો રહી પેલો ભિખારી છોકરો અમેરિકન ગીત ગાવા

લાગ્યો. તેની મિઠાશથી થંભેલા એક અરબે પૂછ્યું, 'તારૂં નામ શું છોકરા?'

'જી, મારૂં નામ અલી.' છોકરાએ જવાબ આપ્યો.

અને અલીનાં ગાયનો સાંભળતાં માણસોની ઠઠ વધતી જ ગઇ. બારીઓમાંથી બુરખાવાળા ચહેરા ડોકાવા લાગ્યા. ઊંટોને દોરતા માલદારો પણ તે સાંભળવા થંભવા લાગ્યા.

એવામાં પાસેની મસ્જિદમાંથી મુઅજ્જિનની નમાજ સંભળાઇ. તરતજ ગિર્દી વિખેરાઇ ગઈ અને રસ્તા વચ્ચે ચાદરો પર ઘૂંટણીએ પડી આખું ટોળું નમાજમાં લીન થયું. અલી પણ કોઇની ચાદરમાં ભાગીદારી પડાવી નમાજ પઢવા બેઠો.

પણ અચાનક તે બેઠો થઇ ગયો. તેણે ગાયનનો કંઇક અસ્પષ્ટ અવાજ સાંભળ્યો. ગાયન અંગ્રેજી જ હતુંઃ

'Gone are the days
When my heart was young and gay...'


અલીએ કળી લીધું. તવંગર અરબ વેપારી હાજી અહમદના ઘરમાંથી એ અવાજ આવ્યો હતો.

નમાજ પૂરી થતાં અલી ચાલી નીકળ્યો. સૂની શેરી વચ્ચે જરા આગળ વધતાં બરાબર હાજી અહમદના ઘર સામે આવી તે ઊભો અને ઉચ્ચારો સ્પષ્ટ આવે તેની ખાસ કાળજી રાખતો મોટેથી તે અંગ્રેજી ગાયનો લલકારવા લાગ્યો. એવા જ ગાયનના પ્રત્યુત્તરની તેણે આશા રાખી હતી. પણ જતાઆવતા રાહદારીઓનાં પગલાં, ઊંટ કે બકરીને ગળે બાંધેલી ઘંટડીના રણકાર કે ભીંતો પાછળનાં ઘરોમાંથી સંભળાતી અસ્પષ્ટ ગુફતેગો સિવાય કશો પ્રત્યુત્તર તેને ન મળ્યો.

થોડીક પળો પસાર થઇ ગઇ. એવામાં એકધ્યાન બનેલા અલીના મોં પર તાજું તેજ દીપી નીકળ્યું. ચોક્કસ, હાજી અહમદના ઘરમાંથી જ મંદ અવાજે અંગ્રેજીમાં કોઇક ગાતું હતું. ઘરના છાપરા તરફ એકીટશે તે તાકી રહ્યો.

ઘરની બાજુમાં જ હાજી અહમદની વખાર હતી. વખારની પછીતમાં તેનું રસોડું હતું. તેનો દરવાજો સાચવતો એક ધીંગો કાળો સુદાની ઉંબરે ઊભેલો હતો.

'થોડું ખાણું, ખુદાને વાસ્તે!' અલીએ એ સુદાની તરફ હાથ લંબાવ્યો.



પેંતરામાં આવેલા શિકાર પર જેટલી નિઃશંકતાથી વાઘ કૂદી પડે એટલી નિઃશંકતાથી સાલમ તેના પર તૂટી પડ્યો અને કાળા હથોડા પેઠે તેના હાથ હાજીના ગળામાં ઘણના ઘા દેવા લાગ્યા.

ચિત્રકાર · રવિશંકર રાવળ

એમાં કસોટી કાઢનારી ખંત છે, સાહસ છે, બુદ્ધિચાતુર્ય છે— બધું જ એક છોટા છોકરાનું

'હું તને ખવડાવું તો જરૂર, દોસ્ત; પણ મારા માલિકને ખબર પડે તો મારી ખાલ ઉતારી નાખે.' સુદાનીએ જવાબ આપ્યો.

'હું બે રોજનો ભૂખ્યો છું.' અલીએ દલીલ કરી.

'ત્યારે તો છોટા ગવૈયા, હું જરૂર તને કંઇક આપીશ; અને એવું ખાણું ખવડાવીશ કે આ સાલમ સુદાનીને તું હમેશ યાદ કરતો રહીશ. પણ જરા તારાં થોડાંક ગાયન થવા દે!'

અલીએ ગાવાનું શરૂ કર્યું. બેચાર ગાયન સાંભળી, સુદાની તેનું બાવડું ઝાલી અંદર લઇ ગયો. રણના પેટાળમાં ઊભેલું એ અલમોરાનું શહેર આખું એ વેળા અંધારથી વીંટાઇ ગયું હતું.

વખાર પાછળના રસોડામાં તે અલીને લઈ ગએલો. તૈયાર પીરસેલા પડેલા ખાણા તરફ આંગળી ચીંધતો તે બોલ્યો: 'જો, આ મારા માલિકનું પ્રિય ખાણું! પણ તું એક જ સાસર ખાજે, હં?'

'તારો શેઠ બહુ દિલાવર માણસ લાગે છે! ઉતાવળે કોળીઓ ભરતાં અલીએ કહ્યું: 'દિલાવર? બરોબરનો! પૂરો પાજી છે! નોકરો ને ગુલામોને તો રોજ એ ધોળે દહાડે તારા દેખાડે છે!'

'ગુલામો?!' અલી અચંબામાં બોલી ઊઠ્યો.

'શિ . . . . સ્! ધીમે બોલ, ધીમે!' સાલમે તેને ચેતવ્યો. 'ફ્રેન્ચોએ જોકે સુદાનમાંથી ગુલામો પકડવાની અરબોને મનાઇ કરી છે, છતાં રણ વચ્ચેનાં આવાં શહેરોમાં તો તેઓ અનેક ગુલામો રાખે છે. ફ્રેન્ચ સરકારને તેની ખબર નથી હોતી અને પકડાએલાઓમાંના પણ ઘણાખરા પોતાની ગુલામીમાં સંતોષ માની લે છે. પણ હું?—ખુદાના કસમ ખાઇને કહું છું કે હું તો સ્વતંત્ર થઇશ ને થઇશ જ.'

'ત્યારે સાલમ, તું એકલો જ અહીં નથી, ખરું?'

'તું ચબરાક લાગે છે છોકરા! મારો એ કમબખ્ત માલિક—શિ . . . . સ્.' બોલતાં બોલતાં એકદમ અટકી સાલમે નાકે આંગળી મૂકી: 'અલી, મારો માલિક આવતો જણાય છે. શહેર બહાર ઊતરેલા શેખને તે મળવા ગએલો. તારે સંતાવું પડશે.'

સાલમે બધી રકાબીઓ એક પડખે કરી અને અલીને બાજુના ભઠિયારખાનામાં લઇ ગયો: 'અહીં છાનોમાનો પડ્યો રહેજે.' અલીને તેણે ચેતવણી આપી ને દરવાજો અડકાવ્યો.

ભઠિયારખાનામાં અજવાળું પૂરતું હતું, કેમકે તેની છતની આગલી ભીંતોને ઉપરના ભાગમાં સળંગ જાળી હતી જે પડખેનાં ચારે ખંડોમાં પડતી હતી. અલી સાલમના શેઠને જોવા આટાની ગુણો ઉપર ચડી બેઠો.

એક ઊંચો પડછંદ વ્યક્તિ મિજાજી પગલે સાલમવાળા ખંડમાં આવી પહોંચી. શકરા જેવી તેની આંખોમાંથી નીતરતી ક્રૂરતા જોઇ અલીના શરીરમાં એક ધ્રૂજારી આવી ગઇ.

'હડકાયા કૂતરાના હાડકા! અત્યારમાં જ તું ખાવા મંડ્યો હતો કેમ?' આવતાંવેંત જ તેણે સાલમનું ગળું પકડ્યું.

'એક જ કોળીઓ, અરશી!' ધ્રૂજતાંધ્રૂજતાં સાલમે જવાબ આપ્યો.

'બરખાસ્ત થા અહીંથી; નહિતર, ખુદાના કસમથી હું હમણાં જ તને ચાબૂકથી ઊતરડી નાખીશ!' ખૂની આંખે હાજી અહમદ બોલ્યો.

સાલમ તેની આંખો કળી જઇ બહાર નાસી ગયો.

એ જ ખંડની અંદરનું સામેનું બારણું હવે હાજી અહમદે ઉઘાડ્યું અને તે અંદર પ્રવેશ્યો. અલી થોડોક વધુ ઊંચો થયો.

'ગોરા રૂના ખચ્ચર, હજુયે કહે છે કે નહિ કે અલગોલીમાં કયે ઠેકાણે તેં હાથીદાંતો છુપાવ્યા છે?' કોઇને ઉદ્દેશીને બોલાએલો હાજી અહમદનો તિરસ્કારભર્યો અવાજ સંભળાયો.

આ સવાલનો જવાબ સાંભળવા અલીનો શ્વાસ પણ જાણે થંભી ગયો.

'નહિ, હરગીઝ નહિ; સમજ્યોને કુત્તા?'

સ્પષ્ટ અરબીમાં અપાએલા એ જવાબમાં પરદેશી ઉચ્ચારણની ચોખ્ખી છાપ હતી.

અલી હવે ઠેઠ ઉપર ચડ્યો અને બંને બારણાંની પાર તેણે એકધ્યાને નજર માંડી. તેનો ખ્યાલ સાચો પડ્યો. ભીંતમાંના કડા સાથે જડી લોખંડી સાંકળથી બંધાએલો એ માણસ અમેરિકન મેજર જૉર્ડન જ હતો.

'બદબખ્ત હેવાન! તું આ હાજી અહમદને હજી પિછાનતો લાગતો નથી! કૂતરાની મિસાલે તારા હાલહવાલ થઈ જશે!' હાજીનો અવાજ તેજ થતો જતો હતો.

'પણ ડેઝર્ટ પેટ્રોલ તને હરગીઝ છોડવાની નથી.

તું જાણે છે, તારા પર બધાને વહેમ છે?' મેજર બોલ્યો.

'જુઠ્ઠો, સુવ્વર!' કહેતાંક ને હાજીએ પોતાના બંને હાથ ખંખેર્યા. બારીકાઈથી જોનારને તેની આંખોમાં ભયની છાંટ જણાઈ આવે.

રસપૂર્વક આ ઝગડો સાંભળતો અલી હળવે રહીને બારણું ખોલી બહાર નીકળ્યો તો બીજી ભીંતને કાન દઈ સાલમ પણ એ સાંભળતો ઊભેલો જણાયો. અલીએ હળવા સાદે તેને ટપાર્યો.

'સાલમ, તું આઝાદ બનવાની તક શોધે છે ને? આવી તક તને કયારે મળવાની? તું જાણે છે, પેલો કેદી કોણ છે? તે અલ્જીઅર્સનો માલદાર વેપારી મેજર જૉર્ડન છે. તેને છોડાવવામાં જો તું મને મદદ કરે તો બદલામાં તને હું ડેઝર્ટ પેટ્રોલના રક્ષણ નીચે મુકાવી સ્વતંત્ર બનાવીશ. ત્રણ દિવસમાં સહરા ઓળંગી તારા વતનમાં પહોંચી જા એવો ઝડપી ઊંટ ને ઘણી બધી અશરફીઓ તને અપાવીશ.'

સાલમનું મોઢું આશ્ચર્યથી ફાટી રહ્યું: 'શુકર ખુદાના! હું તો તેને કોઈ નાનોસૂનો વેપારી ધારતો હતો! કબૂલ છે અલી, ખુલતા નસીબની સામે થવું એ ગુન્હો છે.' અને આકાશ સામે હાથ લંબાવી તે ફફડયો: 'અલ્લાહ મદદગાર છે.'

બંને જણ ધીમે રહીને મેજરવાળા બારણા પાસે આવી પહોંચ્યા. અલી જરાક અચકાયો, પણ સાલમ તો બેધડક અંદર ચાલ્યો ગયો. મેજરની જોડે ધુંઆં-પૂંઆં થઈને જીભાજોડી કરતા હાજીની પીઠ બારણા તરફ હતી; પણ મેજરનું મોં બારણા સામે જ હતું. સાલમ ને અલીને અંદર આવતા જોઈ પોતાને થએલા આશ્ચર્યનો ભાવ સંતાડવા મેજરે બે હાથ વચ્ચે મોં સંતાડી દીધું. હાજીને પણ ભયની ગંધ આવી, પણ તે મોઢું ફેરવે તે પહેલાં તો, પેંતરામાં આવેલા શિકાર પર જેટલી નિ:શંકતાથી વાઘ કૂદી પડે એટલી જ નિ:શંકતાથી સાલમ તેના પર કૂદી પડયો.

હાજી જમીન પર તૂટી પડયો. કાળા હથોડા પેઠે સાલમના હાથ તેના ગળામાં ધબોધબ ઘણના ઘા દેવા લાગ્યા. થોડીવારમાં તો હાજીના મોંમાં ફીણોટા આવી ગયા; તે બેભાન બન્યો.

પોતાના માલિકની અચેન કાયા પર નજર ઠેરવતો સાલમ ઊભો થયો. અલી હાજીની કેડ તપાસવા મંડયો. બાંધેલી ભેટના સળ વચ્ચેથી તેણે ચાવીનો ઝૂમખો ખેંચી કાઢયો.

'સિતાબી કર.' સાલમે બૂમ પાડી અને મેજર જૉર્ડન કંઈ સમજે ને શાબાશી આપે તે પહેલાં તો તેને છોડાવી અલી ને સાલમ તેને બહાર લાવ્યા. હાજીને એમ જ પડયો રહેવા દઈ, તાળું લગાવી ત્રણે ચાલી નીકળ્યા.

અંધારા ઓરડાઓમાંથી પસાર થતાં પાછળ કશાક અવાજો સંભળાવા લાગ્યા. અલી ગભરાયો. સાલમને તેણે કહ્યું: 'સાલમ, તારો અવાજ એ લોકો ઓળખશે. એમને શંકા ન આવે તે માટે તું કંઈક બોલ તો જ આપણો છૂટકારો છે; નહિતર માર્યા જવાના!'

'આ બાજુ, મહેમાનો! ધણી વારથી માલિક તમારી રાહ જુએ છે!' મોટેથી સાલમ બોલ્યો ને થોડીવારમાં પાછળ સંભળાતા અવાજ શાંત થઈ ગયા.

મકાનની બહાર નીકળી શેરીની ગલીકૂંચીઓ વટાવતા તેઓ બજારમાં આવી પહોંચ્યા. જરાક શ્વાસ ખાવા થોભ્યા ત્યાં તો પાછળથી બૂમો સંભળાઈ: 'ચોર...ચોર...પકડો!'

અને હાથમાં જાન લઈ મૂઠીઓ વાળી ત્રણે જણે દોટ મૂકી.

તંબૂ વણનારાઓની બજાર તેઓએ ઓળંગી. અલીએ પાછળ જોયું. હજુ ટોળું પાછળ પડયું જ આવતું હતું. તે ઝડપથી દોડતો હતો; સાલમ પણ સારૂં દોડતો હતો; પરંતુ લાંબા કેદખાનાએ જૉર્ડનને બેહાલ બનાવી મૂકયો હતો. 'હવે અરધો જ કિલોમીટર છે!' તેણે જૉર્ડનને આશ્વાસન આપ્યું.

પગલાં વધુ આગળ આવ્યાં. અલીએ જૉર્ડનનું એક બાવડું પકડયું, સાલમે બીજું પકડયું, અને તેને અરધો ઘસડતા તેઓ આગળ દોડયા.

અંતે શહેર બહાર સહરાના ડેઝર્ટ પેટ્રોલના થાણા પર તે ત્રણે આવી લાગ્યા. પણ દરવાજો બંધ હતો.

'દરવાજો ખોલો; મેજર જૉર્ડન બહાર છે!' અલીએ શુદ્ધ અંગ્રેજીમાં બૂમ પાડી. મેજર જૉર્ડન તો આ ભિખારી અરબ છોકરાને અંગ્રેજી બોલતો જોઈ આભોજ બનીગયો.

દરવાજો ન ખૂલ્યો. પાછળ પડેલું ટોળું આવી લાગ્યું. ત્રણે જણ પર મુક્કા અને લાકડીઓની ઝડી

(અનુસંધાન આગળ પૃ. ૭૨મે)

તરંગી

માર્કોની



કુમાર વયના જેના એક તરંગે અવકાશના અદૃશ્ય તરંગો પર કાબૂ મેળવ્યો અને . . .

વીસ વરસનો એક તરંગી છોકરો પોતાના ભાઈઓ સાથે ઉનાળો ગાળવા આલ્પ્સનાં મનોહર શિખરો વચ્ચે આવેલી એક રમણીય હૉટેલમાં ઊતરેલો. બરફ છાએલી ટેકરીઓ વચ્ચે ખૂબ રખડપાટ કરી એક વખત તે થાક્યો-પાક્યો બિછાનામાં પડ્યો એવામાં તેના મનમાં ઓચિંતો એક તરંગ ઊઠ્યો. તેને લાગ્યું કે તારની મદદ વિના કેવળ વીજળીથી પણ હવામાં સંદેશા મોકલી કેમ ન શકાય?

પછી તો પાઈનનાં ઝાડોની મહેકથી મઘમઘતા એ વાતાવરણમાં તે ઘસઘસાટ ઊંઘી ગયો; પણ સવારમાં

> આભારવશ જગતના આશીર્વાદો લેતો એક કાળનો એ તરંગી ઇટાલિયન છોકરો આજ પળિયાં આવ્યાં છતાં પણ પોતાની એ સિદ્ધિની દિશામાં આગળ ને આગળ શોધો કર્યે જાય છે.

ઊઠતાંવેંત જ રાતવાળો પેલો તરંગ પાછો તેના મનમાં તાજો થયો. વિચાર કરતાં એ પોતાની માન્યતામાં વધુ ને વધુ દૃઢ થતો ગયો. થોડાક સમય પહેલાં આવો જ કંઈક ઊહાપોહ પ્રો. હર્ટ્ઝે 'ઈટાલિયન ઈલેક્ટ્રિકલ જર્નલ'માં કરેલો, પણ તાજેતરમાં જ તેમનું અવસાન થયું હતું. એ તરંગી જુવાનના અંતરમાં મહત્ત્વાકાંક્ષા જાગી કે એ જશનો મહાભાગી પોતે જ કાં ન થાય?

એનું નામ ગગ્લિલ્મો માર્કોની. ઉત્તર ઇટલીમાં બોલોના પાસે તેના બાપ જિસેપ માર્કોનીની મોટી જાગીર હતી. ચોમાસું બેસતાં તે જેવો ઘેર પાછો ફર્યો કે તરત જ તેણે પોતાના તરંગને વાસ્તવિક સ્વરૂપમાં લાવવા અખતરા ચાલુ કર્યા. વહેલી પરોઢે કોઈને ભાળ પણ ન હોય ત્યારે તે ઊઠતો; અને રાત્રે કોણ જાણે કેટલા વાગ્યે સૂતો તે પણ કોઈ જાણતું નહિ. પોતા સારૂ તેણે બે ખંડ અલાયદા જ રાખ્યા હતા. એ ખંડોને તાળું લગાવી તે અંદર બેસતો. સામાન્ય રીતે ઘરમાં મોડામાં મોડી સૂનાર તેની મા હતી; પરંતુ તે પણ જ્યારે સૂવા જતી ત્યારે એ માર્કોનીના ખંડમાં તો દીવો બળતો જ દેખતી. તેને શ્રદ્ધા હતી માત્ર પોતાની એ મધુર વત્સલ માતા પર. ઘણી યે વખત તે પોતાની માને અંદર બોલાવી પોતાની હાથઘડાઉ બૅટરીઓ તેને બતાવતો.

'પણ હવે તું સૂઈ જા બેટા' એ બધું જોઈને હેતાળ મા કહેતી.

'હજુ હું થાક્યો નથી મા. થાક લાગશે એટલે જરૂર સૂઈ જવાનો.' તે જવાબ આપતો.

પાછળથી તેના બાપને ખબર પડી કે આ છોકરો

...સ્થળકાળના સીમાડા લોપી જેણે અવાજને સંસારવ્યાપી કર્યો

પોતાના ખંડોમાં રાતદિવસ ગોંધાઇ રહીને કંઇક માથાફોડ કર્યાં કરે છે અને પોતાની મા સિવાય બીજા કોઇને અંદર આવવા દેતો નથી.

'આમ છાનોછાનો ત્યાં એ શું કર્યાં કરે છે?' એક દિવસ તેણે પોતાની પત્નીને પૂછ્યું.

'કશાક અખતરા કરે છે; અને કોઈ તેમાં ખલેલ ના પાડે માટે બારણાં બંધ રાખે છે.' તેણે સહાનુભૂતિથી જવાબ આપ્યો.

'પણ આવા તે શેના અખતરા પાછળ એ મંડ્યો છે?'

'તેનો તરંગ એવો છે કે હવા દ્વારા—દોરડાં વિના, માત્ર હવાના તરંગો દ્વારા જ—અવાજ દૂર મોકલી શકાય.'

બુઢ્ઢાના ચહેરા પર કરચલીઓ વળીઃ 'આ શાં નકામાં તૂત' એમ તે કહેવા જતો હતો, પણ પોતાની પત્ની સામે જોતાં તેની આંખો પુત્ર પ્રત્યેના વિશ્વાસથી ચમકી રહી હતી! એ જોઇ બુઢ્ઢો ખમચાઇ ગયો અને છેવટે એટલું બોલ્યોઃ 'ઠીક છે. ભલે એ અખતરા કરતો રહે. એમાંથી કાંઇક તથ્ય નીકળે તો રાજી થઇશું.'

માર્કોનીમાં આત્મવિશ્વાસ હતો તેટલું જ અતડાપણું પણ હતું. વળી તેનો સ્વભાવ બહુ લાગણીવશ હતો. બીજાઓ તરફની સહાનુભૂતિના અભાવથી કે તેમની તરફની મશ્કરીથી તે હમેશાં ત્રાસતો રહેતો. આથી જ એ દિવસોના પોતાના અખતરાઓની વાત તેણે પોતાની મા સિવાય કોઇને મોઢે ન કરેલી.

એના અખતરાઓમાં એનાં લગભગ બધાં સાધનો હાથઘડાઉ જ હતાં. જોકે આજ તો એ સાધનો પર તે પોતે પણ ઘણીવાર હસે છે; પણ હરકોઈ ચીજ સરવાળે કેવી નીવડશે એ પામી લેવાની એનામાં શક્તિ છે, અને તેથી તેનાં ઘણાં સાધનો સફળ જ નીવડતાં. ઉપરાંત એ સફળતા પાછળ તેની તીવ્ર આકાંક્ષા અને ઉત્સાહ તો હતાં જ.

નોકર-ચાકરો તો તેની એ ખોફનાક બૅટરીઓથી બહુ જ ડરતાં. રખેને તેને અડતાં ક્યાંક આવી બને, એ ખ્યાલથી તેઓ સૌ એના ઓરડાથી દૂર જ રહેતાં.

(અનુસંધાન માટે જુઓ આગળ પૃ. ૯૮મે)







ઉપરઃ બાવીસ વર્ષનો સફળ વૈજ્ઞાનિક માર્કોની અને એનું પ્રથમ યંત્ર જે વડે બીનતારી સંદેશાનો પહેલો પ્રયોગ એણે જાહેર રીતે પાર પાડ્યો. વચ્ચેઃ સાડાત્રણ વરસનો માર્કોની પોતાની મા અને મોટાભાઇ આલ્ફોન્ઝો સાથે—જે બંનેએ એના તરંગ પાર પાડવામાં સહૃદયતાથી સહાય કરી. નીચેઃ આ 'વિલા ગ્રિફોન'નાં બે એકાંત કાતરિયાંમાં એ 'ચસ્કેલ' ભેજાએ બે વરસ મથામણ કરી.



તૈમુર લંગ

જેનો ખોડંગતો પગ એના વીર જીવનનું સદાનું સ્મરણ મૂકતો ગયો

એ, અમારા ગામમાં નવો જ આવેલો હતો. કોણ જાણે ક્યાંથી આવેલો, પણ અઠવાડિયું થયાં દરરોજ અમને સીમમાં એ પાડો દેખાતો. ચાલતાં ચાલતાં તેનો આગલો ડાબો પગ સહેજ લંગડાતો એટલે તેની ઓળખાણ માટે અમે 'તૈમુર લંગ'નું વિશેષ નામ તેને આપ્યું.

સાંજ પડે ને તળાવની પાળે આવેલી પીપળો પર આમલી પીપળી રમવા અને મીઠી પેપડીઓ ખાવા અમે પહોંચી જતા. દરરોજ પેઠે આજે યે અમે ત્યાં જઇ પહોંચેલા. સીમમાંથી ધણ વળી આવ્યું હતું ને ગૌઘાટના આરા પાસે બેસી વાગોળતું હતું. રૂપ-જીનો મસ્તીખોર પાડો બધાંથી જુદો પડી જતો હતો. તે ઘડીએ ઘડીએ ઊઠબેસ કર્યા કરતો, ઝાડના થડ સાથે કપાળ ઘસતો કે શીંગડાંથી જમીન ખોદ્યા કરતો.

અમે તો પેપડીઓ ખાવામાં જ મશગુલ હતા ત્યાં એ પાડાએ જબરો ફૂંફાડો કર્યો. કારણ જાણવા અમે આજુબાજુ જોવા લાગ્યા. ત્યાં સામેથી ગઢની રાંગોરાંગ તૈમુર લંગને આવતો અમે જોયો.

તૈમુરે આ ફૂંફાડો સાંભળ્યો હતો, છતાં તદ્દન બે-દરકાર રહી તે આગળ ને આગળ વધ્યે રહ્યો હતો. તેની ચાલ ધીમી છતાં ચોક્કસ હતી. તેનું શરીર કદાવર ન હતું છતાં ગઠેલું હતું અને તેના એકેએક સ્નાયુ પરનો તેનો કાબૂ સૂચવતું હતું. એ આગળ વધતો ગયો તેમ રૂપજીના પાડાના ફૂંફાડા વધતા ગયા. તેના મોંમાંથી ફીણના ગોટ નીકળવા લાગ્યા. ગુસ્સાની વરાળ ઝરતાં તેના નસકોરાં ફૂલવા માંડ્યાં. પોતાના એકલછત્રી સા રાજ્યમાં આ નવા આગંતુકનો પ્રવેશ તે સાંખી શકે એમ ન હતું. ધણનાં ઢોરો એની મુરાદ પામી ગયાં ને આખું ટોળું હળવે હળવે ઊઠવા માંડી દૂર જઇ બેઠું. યુદ્ધ માટે જગ્યાની મોકળાશ મળી એટલે પહેલા ઘા માટે રૂપજીનો પાડો તૈયાર થઇ ઊભો.

થોડીવારમાં તો તૈમુર ચોગાનમાં આવી પહોંચ્યો. રૂપજીના પાડા જેમ તેના માંસલ સ્નાયુઓ બહાર તરી આવતા ન હતા, પણ બરછટ ચામડી નીચે મખમલી પટ જેમ પથરાઇ ગયા હતા. તેની આંખમાં હજુ સુધી લડાયક વૃત્તિ જ નહોતી પ્રગટેલી.

થોડા વામનું છેટું રહેતાં તો રૂપજીના પાડાએ ઢીક તાકી. એ જોતાં જ તૈમુરની આંખોમાંનું નમ્ર તેજ અદૃશ્ય થઇ ગયું ને તેમાંથી આત્મવિશ્વાસનું તેજ ઝરવા માંડ્યું. તેણે ડીલને એક કંપારી આપીને શરીર પર તાજો ચોંટેલો બધો કાદવ ખંખેરી નાખ્યો.

તાકેલી ઢીંકે, બરડાની કમાન વાળી રૂપજીનો પાડો આગળ વધ્યો; બે ત્રણ ઠેક મારી તેણે શરીર તોળ્યું ને પછી સીધો તૈમુરના શરીર સુધી ધસી ગયો. તૈમુર પણ તૈયાર જ હતો. તરતજ શીંગડે શીંગડાં ને કપાળે કપાળ સામસામે અફળાયાં. પગની ખરીઓ જમીનનો પટ ખોદવા લાગી. ધૂળના ગોટેગોટ ઊડી થોડીવારમાં તો બંને યોદ્ધાઓને અદૃશ્ય કરી મૂક્યા; પણ બીજી જ પળે ઠંડા પવનનો ઝપાટો આવ્યો ને ધૂળનાં વાદળ વિખરાઇ ગયાં. પરંતુ ત્યારે યે એ બંને લડનારા તો

જ્યાં પહેલીવાર શીંગડાં મળેલાં ત્યાં ને ત્યાં જ, જાણે જમીન સાથે ખૂંચી ગએલા ન હોય એમ, ચોંટેલા હતા. બંનેમાંથી એકકે યે એક તસુભાર પણ પાછાં પગલાં નહોતાં કર્યાં. બંનેની આંખની ખુન્નસ હવે સરખી લાલાશ પર આવી ગઇ હતી.

શીંગડાંની બરોબર ભીંસ ઘાલી, નાકેનાક મિલાવી હવે તો બંને પાડા જમીનથી અરધા ઊંચા થઇ ગયા હતા. ખરીઓએ જમીનનું ખોદાણ વધારી મૂક્યું હતું.

થોડી વારમાં તો આ દ્વંદ્વયુદ્ધના ખબર ગામ સુધી પહોંચી ગયા. પાડાખાર એ બહુ બૂરી ચીજ છે. એક વખત બંધાયા પછી પાડાઓનું વેર ચિરંજીવી થઇ જાય છે, અને પછી તો ઠામઠેકાણું જોયા વિના જ તેઓ એકબીજા સાથે અથડાઅથડી કરે છે એ બધા જાણતા હતા; એટલે દોરડાં ને ડાંગોથી સજ્જ થઇ ગામલોકોનું ટોળું ત્યાં આવી પહોંચ્યું. પણ તાકાત કોની કે એમને છૂટા પાડી શકે? ડાંગોનો વરસાદ વરસવા લાગ્યો, પત્થરોના ઘા ઉપર ઘા થવા લાગ્યા, પણ બાઝેલા એ પાડા છૂટા ન થયા તે ન જ થયા!

રૂપજીનો પાડો ચારેક કદમ પાછળ હઠ્યો ને ઝનૂની ઢીક તાકી તેણે તૈમુરના પેટમાં શીંગડાં અફાળ્યાં. ઢીકે બરાબર ચોટ લીધી ને તૈમુરના પેટમાંથી લાલ સેર ઝરવા લાગી.

બધાંને લાગ્યું કે રૂપજીનો પાડો જીતી જશે. તૈમુર હારવાની અણી ઉપર હતો. સૌએ ધાર્યું કે એ નાસી જશે. પણ ના. હારવાની અણી પર હોવાને લીધે, જખમાએલો હોવાને લીધે કે નવો પેચ લડાવવાના ખાહેશનો માર્યો હોવાને લીધે, ગમે તેમ, પણ તૈમુરે તો થએલો જખમ એક પળમાં વિસારે પાડી સીધા રૂપજીના પાડા પર દોટ મૂકી.

એક જ પળ, અને ચરૂરાટ કરતું રૂપજીના પાડાનુ નસકોરૂં ફાટી પડ્યું. તૈમુરની દોટે તેનું શીંગડૂં સીધું એના નસકોરામાં ઘાલી દીધેલું. પીડાથી વ્યગ્ર બની ગએલા એ પાડાને તૈમુરે બીજી એક જ ઢીક દીધી અને તે જમીન પર ચત્તોપાટ ઊછળી પડ્યો. તૈમુર પણ સાથે જ ઊછળ્યો અને આગલા પગોનાં ઢીચણ નીચે તેને દબાવી દઈ તેણે ગર્વથી માથું ઊંચું કર્યું. લાલ વાવટા શાં તેનાં રક્તરંજિત શીંગડાં ધૂળના ગોટાઓ વચ્ચેથી તેની વિજયપતાકા ફરકાવી રહ્યાં હતાં.

રૂપજીનો પાડો ફરી ઊભો થયો, પણ પછડાવા વાસ્તે જ. શરીરનો તસુ યે તસુ તોળી તૈમુર એ



પીડાથી વ્યગ્ર બનેલા એ પાડાને તૈમુરે બીજી એક જ ઢીકથી ભોંય ભેગો કરી દીધો.

ખડા થએલા શત્રુ પર બાણની માફક ધસી ગયો. થથરાતો ઊભો થએલો રૂપજીનો પાડો તેની એક જ ઢીકથી ગોધાટની કોરાણ પર ઢળી પડ્યો અને તરતજ ધુબ્બાકા સાથે તળાવનાં પાણી વચ્ચે મોટા ચક્રાવા ફેલાવતો જઈ પડ્યો.

તૈમુરે યુદ્ધનો એટલેથી જ સંતોષ માની લીધો અને ગૌરવથી પોતાને રસ્તે પડ્યો.

તૈમુરની જવાંમર્દી પર અમે ફિદા થઇ ગયા. અમે હવે તેને હેળવવાનો પ્રયત્ન કરવા લાગ્યા. દરરોજ કોઇ મસ્ત વેરાગી જેમ કશી સ્પૃહા વગર તે અમારા ખેતર પાસેથી પસાર થતો. અમે હવે તેને ચાલ્યો જતાં ડચકારી દરરોજ કડબનો અકકેક પૂળો ખવડાવવા મંડ્યા. પછી તો એ કોશને થાળે પાણી પીવા પણ આવવા લાગ્યો ને થોડાક દિવસો ગયા ત્યાં તો એ ખેતરમાં આવી બેસવા પણ લાગ્યો. અમારૂં ખેતર હવે તેના માટે ફુરસદનો સમય ગાળવાનું સાધન થઇ પડ્યું.

તૈમુર ઊંઘણશી જબરો હતો. ખેતરમાં એના આવી બેઠા પછી ઘણુંખરૂં તો અમો તેને બે પગ વચ્ચે માથું ઘાલી ઊંઘતો જ જોતા. ઊંઘ ન આવતી હોય તો યે લુચ્ચાઇ કરી પોતે જાણે કેવોક ઉજાગરો ખેંચી આવ્યો હોય એમ દેખાડતો આંખો મીંચી તે ઝોલાં ખાધા કરતો. સાથોસાથ એ ફરતીઆળ પણ જબરો હતો. દૂર દૂર પંજાપુરની ટેકરી સુધી તો એ અવારનવાર ફરી આવતો. રખડપટ્ટીથી તો એ કદી ધરાતો જ નહિ, અને જ્યારે આવતો ત્યારે કાદવથી લદબદતા શરીરે જ આવતો.

પણ અમે તેની આ બધી અવળચંડી ટેવો ઉદાર દિલે સહી લેતા કેમકે તે હવે અમારો દોસ્ત બની ગયો હતો. તેને નથ ન હતી છતાં તેની પીઠ પર બેસી આખું ખેતર ફરી વળતાં અમોને ભો નહોતો લાગતો.

એક દિવસ અમારા સાથીની તબીઅત એકાએક બગડી પડી અને ખેતરે સૂવાનું મારે ને ભીખુને માથે આવ્યું. અમે તો તૈયાર જ થઇ ગયા કારણકે અમારો તૈમુર લંગ ત્યાં હતો. સવાર માટેનું શીરામણ બાંધી લઇ ધાબળા ને ડાંગ સાથે હું ને ભીખુ ખેતરે ઊપડ્યા.

ઊંઘણશી તૈમુર તો આટલું વહેલું હોવા છતાં ઊંઘી ગએલો. હું તેને ઊઠાડવા જતો હતો, પણ ભીખુએ ના પાડી. અમે તરત જ તૈમુર સામેના ચાડીઆ પાસે ધાબળો પાથરી તે પર લંબાવી દીધું.

અમને સૂતે પહોરેક પણ નહિ થયો હોય ત્યાં કાંઇક વિચિત્ર અવાજથી એકાએક ભીખુ જાગી ઊઠ્યો, તરત જ તેણે મને પણ બાંય ઝાલી બેઠો કર્યો. વાડ પાસે તેણે કંઈક અવાજ સાંભળ્યો હતો એમ તેનું કહેવું હતું. હું તેના આવા વહેમી સ્વભાવ ઉપર હસવા લાગ્યો પણ તેણે ભારપૂર્વક કહ્યું કે આજની બાબત હસી કાઢવા જેવી ન હતી. ત્યારે તો તપાસ કરવી જ જોઇએ ને? દોડતાક ને વૈયાં ઉડાડવાની નાની ચાવડી પર અમે ચડી ગયા ને ચારે કોર નજર ફેરવવા લાગ્યા.


તરત ભીખુએ આથમણી બાજુ ઉપર મારી નજર ખેંચી. ત્યાં વાડ ઠેકી આવી કોઈ જનાવર આગળ વધી રહ્યું હતું. એ બે પગલાં ભરતું ને વળી બે પળ સ્થિર થઇ હવા સૂંઘતું ઊભું રહેતું.

ચન્દ્ર પરનાં વાદળાં હટી જતાં અમે સ્પષ્ટ જોઇ શક્યા કે એ ચિત્તો હતો. અમે ગભરાયા. સુવ્વરોનો અમે ઘણી વખત સામનો કર્યો હતો, પણ ચિત્તો તો આજ અહીં પહેલી જ વખત અમે જોયો. વળી તે હતો પણ પુખ્ત ઉમરનો.

અમને તૈમુરની ચિંતા થઇ પણ બીજી જ પળે એ ચિંતા સહેજસાજ તો ઓછી થઇ ગઈ.
કોઇ ભયંકર સ્વપ્નું આવ્યું હોય કે આવતા ભયને તેણે સૂંઘી લીધો હોય, કોણ જાણે કયા કારણે, પણ તૈમુર તરત માથું ધુણાવતો ને કાયા ખંખેરતો ઊભો થઇ ગયો.

ખંધી ચાલે ચિત્તો આગળ વધતો જતો હતો. તૈમુરે પણ તેને જોઇ લીધો હતો. શું થવાનું છે એ તૈમુર જાણી ચૂકેલો અને પરિણામ માટે તૈયાર બની ઊભેલો. રૂપજીના પાડા સાથેના યુદ્ધે તેને યુદ્ધના ઘણા નવા દાવપેચ શીખવાડ્યા હતા. જેમજેમ ચિત્તો પાસે આવતો ગયો તેમતેમ તે પાછો હઠતો ગયો, અને ખળાં માટે ઊભું કરેલું એકઢાળિયું આવી પહોંચતાં તેની ભીંતનો આશરો લઇ, ટટાર બની તે ઊભો રહ્યો. ચિત્તો યે થોડાક ફૂટને અંતરે આવી ઊભો રહ્યો.

મોકો જોઇ ચિત્તાએ છલાંગ મારી. તૈમુરે એ છલાંગ ચુકાવવાનો પ્રયત્ન કર્યો, પણ તે સહેજ મોડો પડ્યો ને ચિત્તાના બે પંજા તેની માંસલ ગરદનમાં પરોવાઇ ગયા. એક જબરા ચીરા સાથે થોડુંઘણું માંસ બહાર લળી આવ્યું. પીડાતી ગરદન પરનું લોહી તૈમુર



ચિત્તાના ચત્તા પડેલા શરીર સાથે શીંગડાં જડયાં અને કેમ જાણે તેના પેટાળમાં પરોવી જમીનમાં સોંસરાં કાઢવાં હોય તેમ હતું તેટલા જોરથી અને ખુન્નસથી તેણે શીંગડાંને ભીંસ દીધી.

ખરેખર તે પહેલાં તો ચિત્તો બીજી છલાંગ માટે તૈયાર થઈ ગયો હતો.

પણ તૈમુર હવે વધુ સાવધ બન્યો હતો. જાતે હુમલો કરવામાં રહેલું જોખમ એ સમજતો હતો એટલે ફરી ચિત્તા તરફથી જ હુમલો થાય તેની રાહ જોતો તે સ્થિરતાથી ઊભો હતો.

અને તૈયાર થઇ ગએલો ચિત્તો ફરી કૂદ્યો. પાછે પગે તૈમુર બેચાર કદમ હટી પડખું કરી ગયો. ઘા ચૂકેલો ચિત્તો પટકાઈ જમીન પર અફળાયો. તે અફળાયા સાથે તો એક ક્ષણ પણ ખોયા વિના તૈમુર તેના પર ધસી ગયો. ચિત્તાના ચત્તા પડેલા શરીર સાથે તેણે શીંગડાં જડયાં, અને કેમ જાણે તેના પેટાળમાં એ પરોવી જમીન સોંસરાં કાઢવાં ન હોય તેમ હતું તેટલા જોરથી ને પૂરી ખુન્નસથી તેણે શીંગડાંને ભીંસ દીધી.

ચિત્તાની ચીસો વધતી ગઇ ને સાથે તેના પંજાઓની ઝડપ પણ વધતી ગઇ. એક ઓચિંતી થાપટ ઠોકી તેણે તૈમુરનો ડાબો ડોળો બહાર ખેંચી કાઢયો. તૈમુર ધૂંધવાતો રહ્યો ત્યાં સુધીમાં તો બીજી થાપટથી કપાળ પરની ધોળા ચાંદલાવાળી ચામડી તેણે ઉઝરડી નાખી. વહેતા ખૂનથી તૈમુરની આંધળી સાજી બંને આંખો ઢંકાઇ ગઈ. હવે તેણે ઘુંટણ ખોડયા ને આખા શરીરનો ભાર શીંગડાંમાં દીધો. ચિત્તાના પાછલા પગ તેની ગરદન ઊંડી ને ઊંડી ચીરતા જતા હતા. તેની પૂંછડીના ઉપરાઉપરી સબાકા તૈમુરની પીઠ પર ચાબૂક જેવા સોળ પાડતા જતા હતા.

(અનુસંધાન માટે જુઓ આગળ પૃ. ૧૦૦મે)

स्मरण यात्रा

રામાનો ચાન્ની


રામા એ મોટા મામાનો મોટો દીકરો. સાતારાથી જ્યારે અમે શાહપુર આવતાં ત્યારે રામાને મળવાનું થતું.

રામાએ ભણતર ક્યારે છોડ્યું એની ખબર નથી. ભાગ્યે જ એ ઘરમાં રહેતો. એનો પોતાનો એક અખાડો હતો. બ્રાહ્મણ છોકરાઓ એમાં કસરત કરવા અને કુશ્તી શીખવા આવતા. સ્વાભાવિકરીતે અખાડાબાજ છોકરાઓમાંથી જ એના બધા દોસ્તદારો હતા. પિતા-પુત્રને ભાગ્યે જ બનતું, એ પણ ઘરમાં ન રહેવાનું કારણ હોય. બધાં જમી રહ્યા પછી રામા ઘરમાં આવે અને એકલો જમી પાછલે બારણેથી ચાલતો થાય.

એની મિત્રમંડળીએ એકવાર 'સંભાજી નાટક' ભજવ્યું હતું. એથી એ શાહપુરમાં પ્રસિદ્ધ થયો. પણ પિતાને તો એથી બહુ જ માઠું લાગ્યું. એ કુશ્તીમાં જેટલો હોશિયાર હતો એટલો જ વાતોમાં. તેથી પોતાનું ઘર છોડી બીજે જ્યાં એ જાય ત્યાં એને આવકાર જ હતો. રામાની વાતો મને ખૂબ ગમતી. પણ એ વાતો કરવા પલાંઠી વાળીને બેસે ત્યારે ઘૂંટણને આખો વખત હલાવવાની એને ટેવ હતી, એ મને જરા યે રુચતી નહિ.

એક દિવસ રામા ક્યાંકથી ખિસકોલીનું એક બચ્ચું પકડી લાવ્યો. આખો દિવસ એ ખિસકોલીનું જ એને ધ્યાન. જ્યાં જાય ત્યાં એ બચ્ચું સાથે જ હોય. એક દિવસ સાંજે ખિસકોલી સાથે એ અમારે ત્યાં આવ્યો. બધા એને પૂછે, 'રામા, તારી ચાન્ની ક્યાં?' શાહપુર તરફ ખિસકોલીને ચાન્ની કહે છે.

રામા ગર્વથી ફુલાઇને દરેકને પોતાની ચાન્ની બતાવતો. એવામાં, ચાન્ની હાથમાંથી છટકે તો એ પોતે એને સહેજે પકડી શકે છે એમ સિદ્ધ કરવાનું એને મન થઇ આવ્યું. અમને બધાને એ ઘરની પાછલી બાજુના આંગણામાં લઇ ગયો. અમે સાતઆઠ જણ હોઇશું. મદારી જેમ પોતાના ખેલને માટે પૂરતી જગ્યા કરવા તમાશગીરોની ભીડને પાછી હઠાવે છે અને પોતાની આસપાસ ખુલ્લું ગોળ મેદાન કરી લે છે તેમ રામાએ અમને બધાને પાછા હઠાવ્યા અને ધામે રહીને પોતાનું ચાન્નીનું બચ્ચું જમીન પર મૂકી દીધું. એ દિવસનાં અટકચાળાંથી બચ્ચું બિચારૂં બહેર મારી ગયું હતું. જમીન ઉપર મૂકયું તો યે એને ખાતરી ન થાય કે પોતાને છૂટ મળી છે. બિચારૂં આમતેમ જોવા લાગ્યું. અમે પણ અમારૂં બધું ધ્યાન આંખમાં ભેગું કરી જોવા લાગ્યા કે બચ્ચું હવે કઇ દિશામાં દોડે છે! એટલામાં રેશમના નવા કપડાનો અવાજ થાય તેવો કંઇ અવાજ અમારા કાનમાં સંભળાયો અને ઝ...પ દઇને એક



શાપિત પ્રતિભા

• શિખરિણી •

પ્રભુએ સર્જન્તાં જગજગવતી ભવ્ય પ્રતિભા
લહ્યું ચિત્તે કે 'એ અનુપ નિજનાં કલ્પનબળે
ઉડી જાશે ઊંડાં અતલ ગહને વિશ્વગણનાં,
પછી પૃથ્વી પે અપ્રતિહતગતિ શે ઉતરશે?'
વિચાર્યું: 'શા રીતે અવનિ સહ એને જકડવી?'
તદા હૈયે ઊગ્યું: 'ધન, વસન, રોટી ન મળતાં
પછી ભૂખ્યાં પેટે કયમ કરી જ ઊડે ગગનમાં?'
ક્ષુધાનો, દુઃખોનો ત્વરિત અરપ્યો શાપ અઘરો.
અરે! તે દિ'થી આ પ્રકટ પ્રભુ શા દિવ્ય મનુજો
કવિઓ, દ્રષ્ટાઓ, યુગપુરુષ ને સંતશહીદો
મરે ભૂખ્યાં પેટે, નિરવસન અંગે સબડતા.

અને એ પોઢેલાં શુચિજીવનનાં ખાતર થકી
ફળે, ફૂલે પૃથ્વી પ્રતિ યુગયુગે ગંધ પમરે
મહાઉત્થાનોનાં નિરજીવ જગે ચેતન ઝરે.

રામપ્રસાદ શુક્લ

પ્રતિભાશાળી માણસોને ગરીબીનો શાપ શા માટે હોય છે તેનો મર્મ કહેતું કાવ્ય



સમળી અમારા કુંડાળા વચ્ચેથી ચાન્નીને ઉપાડી લઇ ગઇ!

એ બધું એટલું તો અચાનક અને એક ક્ષણમાં બની ગયું કે શું થાય છે એની કલ્પનાયે ન થઇ. અમે બચ્ચાને છોડાવવા આગળ ધસીએ એ પહેલાં તો સમળી આકાશમાં ઊંચે ઊડી ગઇ હતી. બચ્ચાએ એક જ કારમી ચીસ પાડી. એ ચીસ મારા કાનમાંથી સોંસરી છાતી સુધી ઊકળતા પાણીની પેઠે પહોંચી ગઇ. સમળી ઊડતાંઊડતાં ચાંચ અને નહોર વતી બચ્ચાને ફરીફરી વધારે મજબૂત રીતે પકડવા મથતી હતી. અમે 'અરેરે!' કહીએ તે પહેલાં તો સમળી પેલા નાળિયેરના ઝાડ ઉપર જઇ બેઠી અને અમારા બધાના દેખતાં એણે પેલા બચ્ચાને ઉદરસ્થ કર્યું.

રામાનું મોંઢું તો આશ્ચર્ય અને ઉદ્વેગથી સાવ ભૂરૂં થઇ ગયું હતું. ચહેરાની એ કાળાશને લીધે એના દાંત વધારે ધોળા દેખાવા લાગ્યા. એની એ આંખો અને દાંત હજી મારી દૃષ્ટિ આગળ તે દિવસના જેટલાં જ પ્રત્યક્ષ છે. અમે બધા અવાક્ થઇ એકબીજા તરફ જોવા લાગ્યા. આશ્ચર્યની અસર હજી અમારા પરથી ઊતરી નહોતી. દરેક જણને પોતે સૌથી વધારે ગુનેહગાર હોય એમ લાગતું હતું. કોઇના ઉપર ચીડાય એવું હોત તો તો રામાએ એના દાંત જ ભાંગી નાખ્યા હોત. પણ અત્યારે તો અમે બધા અસહાય હતા. આમ કેમ થવા પામ્યું એમ જ દરેકના મનમાં ચાલતું હતું. અરે, એક ક્ષણ પહેલાં તો એ બચ્ચું અમારૂં હતું. કેટલા આનંદથી તેની સાથે અમે ગેલ કરતા હતા! એક ક્ષણમાં કેટલો ફેરફાર થઇ ગયો! આમ કેમ થયું? શું એનો હવે કશો જ ઇલાજ નથી? ના, સાચે જ નથી. ઇશ્વરના રાજ્યમાં આમ કેમ થતું હશે? ના, આમ નહોતું જ થવું જોઇતું. આ તો અસહ્ય છે. પણ અસહ્ય હોવા છતાં સહન કર્યે જ છૂટકો. અરેરે! અમે આટલા બધા હતા; કોઇ કશું કરી ન શક્યો! અમારાથી કશું બનવા ન પામ્યું અને સૌના દેખતાં બચ્ચાને જતું કરવું પડ્યું! છેલ્લી ક્ષણે બચ્ચાને શું થયું હશે? સમળીએ એનું પેટ ફાડ્યું ત્યારે એને કેટલી વેદના થઈ હશે! મને તો જાણે મારૂં જ પેટ ચીરાતું હોય તેમ થઇ ગયું! કયા કુમુહૂર્તે પેલા બચ્ચાને પકડવાની રામાને દુર્બુદ્ધિ સૂઝી હશે? શું આ સમડીને ખવડાવવા માટે જ એ બચ્ચાને અહીં સુધી આણીને એને સોંપી દીધું? પોતાની માના પેટ તળે હૂંફ મેળવત તે આજે સમડીના પેટમાં જઇ બેઠું ને! ગરીબ પ્રાણીઓનાં બચ્ચાંને પકડવાં એ ખરેખર મહાપાપ છે. હું તો કોઇ કાળે આવી ઘાતકી ક્રૂરતા નહિ કરૂં.

દરેક જણ પોતાને ઠેકાણે થાંભલાની પેઠે ઊભો જ હતો. કોઇ કશું બોલે નહિ, કોઇ ચાલે નહિ. આખરે રામાએ જ એક મોટો નિસાસો મૂક્યો અને દબાએલે અવાજે કહ્યું, 'થયું, ચાલો હવે!'

જેના પ્રત્યે હૃદયની કાંઇક લાગણી હોય એવા પ્રાણીનું મોત જોવાનો આ મારો પહેલો જ પ્રસંગ હતો. હતું તે એક ક્ષણમાં ન હતા જેવું કેમ થઇ જાય છે એ સવાલ એટલા ઊંડા આઘાત સાથે હૃદયમાં કોતરાયો કે એની અસર બહુ લાંબા વખત સુધી ટકી રહી. હજી યે જ્યારેજ્યારે એ પ્રસંગ યાદ આવે છે ત્યારેત્યારે એની એ જ સ્થિતિ જાગ્રત થાય છે. વેદાંતની તટસ્થ દૃષ્ટિએ મારે એવો પણ વિચાર કરવો ઘટે છે કે સમળીને કુમળું બચ્ચું ખાવાને મળ્યું ત્યારે એને કેટલો આનંદ થયો હશે! પણ રામાની ચાન્નીની બાબતમાં તો મારૂં એ પ્રથમ દુ:ખ કેમે કરીને રૂઝાતું નથી અને સમળીના સુખનો ખ્યાલ જરા યે પ્રત્યક્ષ થતો નથી.

દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર



છોટો ગવૈયો . . . . (અનુસંધાન પૃ. ૬૩થી)

વરસવા લાગી. સાલમ બને તેટલો માર પોતાના અંગ પર ઝીલી અલી તથા જૉર્ડનનો બચાવ કરી રહ્યો હતો.

'દરવાજો ખોલો, મેજર જૉર્ડન બહાર છે.' અલીએ ફરી બૂમ મારી ને થોડીવારમાં દરવાજો ખૂલી ગયો.

પેટ્રોલના શસ્ત્રસજ્જ સૈનિકોને જોતાં જ ટોળું વિખરાઇ ગયું.

'મૉં ધૂ! મેજર જૉર્ડન?! 'દરવાજો ખોલનાર લેફ્ટેનન્ટ ગિડેલ હર્ષાવેશમાં બોલી ઊઠયો. તેણે અલી સામે જોયું: 'અને છોકરા, તેં આ પરાક્રમ કર્યું?'

'જી હા, લેફ્ટેનન્ટ સાહેબ!' અલીએ નમ્રતાથી જવાબ આપ્યો અને પોતાનાં ભિખારીનાં કપડાં એક પછી એક તે ઉતારતો ગયો.

'મૉં ધૂ! તું તો ગોરો છે!' લેફ્ટેનન્ટ ગિડેલ આશ્ચર્યથી બોલી ઊઠયો.

'જી હા!' કહેતોક ને અલી મેજર જૉર્ડન તરફ ફર્યો. 'મને ન ઓળખ્યો?' મેજરને તેણે પૂછયું.

ધ્રૂજતા હાથનું નેજવું કરી મેજર જૉર્ડન બારીકાઇથી તેને જોવા લાગ્યો, અને ઓળખાણ પડતાં એકાએક આનંદનો પોકાર કરી ઊઠયો. 'ઓળખ્યો, ઓળખ્યો, છોટા ભિખારી, ઓળખી લીધો તને!' કહેતાં તેણે તેને બાથમાં લઇ લીધો. 'મારા બેટાને હું ન ઓળખું? કેમ મઝેમાં તો છો ને ફિલ?!'

'કોણ ફિલ?! ઓહ ગૉડ! હાઉ વન્ડરફુલ (કેવું અજબ)!' લેફ્ટેનન્ટ ગિડેલ બોલી ઊઠયો.

'લેફ્ટેનન્ટ, એ અજાયબીને અજબ રીતે પાર પાડનાર તો આ રહ્યો!' ફિલે સાલમ તરફ આંગળી ચીંધી: 'તમારૂં જાહેર કરેલું ઇનામ તેને ફાળે જ જાય છે. મારા પિતાને કેદ કરનાર હાજી અહમદે એને ગુલામ તરીકે પકડેલો. હું એટલું જ ઇચ્છું છું કે મજકુર ઇનામ તેને આપી સુરક્ષિત રીતે તેને સુદાન તેના વતનમાં મોકલી દેવામાં આવે.'

'ઓહ, બા ખુશી!' લેફ્ટેનન્ટે જવાબ આપ્યો.

બીજી રાત્રે મેજર જૉર્ડન, ફિલ અને લેફ્ટેનન્ટ ગિડેલ પેટ્રોલનાં માણસો સહિત કુંડાળું વળી બેઠા હતા. સાલમ સુદાન તરફ રવાના થઇ ગયો હતો.

'પણ ફિલ, તને ભિખારી બનવાનો તુક્કો કેમ સૂઝી આવ્યો?' લેફ્ટેનન્ટ ગિડેલે ફિલને પૂછયું.

બધા તરફ મુશ્કેરાતી નજર નાખતો ફિલ બોલ્યો: બિસ્ક્રાની હોટેલ દ સહરામાં મને એ વિચાર આવ્યો. અલ્જીયર્સના કમાન્ડરે તો મારી આગળ મેજર માટે તદ્દન નિરાશા જ બતાવેલી! રાત્રે ઊંઘ ન આવતાં 'રિશાર્ડ કુએર દ લિઓં'નું જીવનચરિત્ર હું વાંચવા લાગ્યો. તેમાં એક પ્રસંગ આવતો હતો કે રિશાર્ડ ઑસ્ટ્રિયામાં કેદ બનતાં તેનો મિત્ર બ્લોન્ડેલ તેના કારાવાસની જગ્યા શોધવા નીકળ્યો. બીજો કોઇ રસ્તો ન સૂઝતાં તેણે માગણિયાત ભિખારીનો વેશ લીધો ને રિશાર્ડનું પ્રિય ગાન ગાતો તે બધે ઘૂમવા લાગ્યો. એક વખત અચાનક ત્રાટ્ઝના કિલ્લા નીચેના કેદખાનાની બારીમાંથી એ ગીતના પ્રત્યુત્તર રૂપે તેનો કરુણાત્મક ઉત્તરાર્ધ તેણે સાંભળ્યો, અને થોડી જ વારમાં રિશાર્ડની વીંટી પણ તેના પગ આગળ આવી પડી. રિશાર્ડનું કેદખાનું શોધવા બ્લોન્ડેલે લીધેલા આ રસ્તાએ મને પણ તે જ પળે તે રાહ લેવા ઉશ્કેરી મૂકયો ને મેં તેમ કર્યું!'

'શાબાશ, શાબાશ!' લેફ્ટેનન્ટ ગિડેલે ફિલની પીઠ થાબડી.

શાબાશી મળતાં ફિલની આંખો આનંદી બની. પણ તે કરતાં યે એ દૃશ્ય જોતા તેના બાપ જૉર્ડનની આંખો વધુ આનંદી બની હતી.

(અંગ્રેજી ઉપરથી) **અશોક હર્ષ**

અથાણું

અજાણ્યો: છોકરા, તારા કાંડે આ દોરો શાનો બાંધ્યો છે?
છોકરો: મારી માએ તે બાંધ્યો છે.
અજાણ્યો: પણ શા માટે બાંધ્યો છે?
છોકરો: હું ટપાલમાં કાગળ નાખવાનું ભૂલી ન જાઉં તે માટે.
અજાણ્યો: તો પછી તેં કાગળ ટપાલમાં નાખ્યો?
છોકરો: ના, ના. મારી મા તે આપવો જ ભૂલી ગઇ છે.

ફોજદાર: (નવા સિપાઇને રાતને વખતે ફરતી એક લાલ બત્તી બતાવતાં) પેલી દૂર લાલ બત્તી જોઇ? ત્યાં સુધી તારે રોન મારવા જવાનું સમજ્યો?

જુવાન સિપાઈ એક અઠવાડિયા સુધી પાછો જણાયો નહિ અને પાછો આવેલો જોતાં જ ફોજદાર ગુસ્સે થઇ ઊઠયા: તું કયાં મૂવો હતો આજ સુધી?

કેમ સાહેબ, આપે મને પેલી લાલ બત્તી બતાવી હતી ને?


હા તેનું કેમ?

સાહેબ, એ ખંભાત જનારો મોટર ખટારો હતો.



આપકમાઈ

ફોટો: શ્રીતામ ભટ્ટ



સંધ્યા

ચિત્રકાર · ચન્દ્રવદન ભટ્ટ

ખભે ખડિયો



જ્ઞાનની તૃષા અને રખડપાટની તમન્નાથી કરેલાં પરિભ્રમણોની લેખમાળા

ગુજરાતના ગૌરવનું સ્મશાન

પંચાસર અને શંખેશ્વર


પૂર્વકાળમાં દુર્જનશલ્ય નામે રાજા હતો. કરણીને યોગે એને શરીરે કોઢ નીકળ્યો. કોઇએ કહ્યું ઝિંઝુવાડામાં સૂર્યદેવનું પવિત્ર મંદિર છે. એમની પૂજા કરો. સૂર્યનારાયણ તેજના રાશિ. એ પ્રાણીમાત્રમાં પ્રકાશ પૂરનારા. તમારો કોઢ જરૂર મટાડશે. રાજાએ માન્યું. સોળ કળાઓ સાથે સૂર્યની પૂજા કરી, અર્ઘ્ય આપ્યો અને દીન વદને વીનવણી કરી કે મહારાજ, આપ તેજના સ્વામીછો. મારે રૂપ નથી જોઇતું, ધન નથી જોઇતું. હું તો રોગમુક્તિ માગું છું. આ ભયંકર નરકયાતનામાંથી તારો. એની આંખમાં આંસુ હતાં. એના દીન વદનમાં આશા-નિરાશાનાં તેજછાયાના શેરડા બદલાતા હતા.

ભગવાન ભાસ્કરને દયા આવી. એમણે પ્રલય-કાળની પૂર્ણ કળાઓની સહાય લીધી અને તપ્યા. ખૂબ તપ્યા. પણ રાજાના શરીરનું રૂંવું યે ન ફરક્યું. એનો કોઢ ન ગયો. શરમના માર્યા સૂર્યનારાયણ લાલ-ચોળ થઇ ગયા. એ દિવસે સન્ધ્યા વહેલી આવી. નિશાના કાળા અંધકારમાં એમણે શરમ છુપાવી: રોગી-ની નિરાશા યે એમાં ભળી ગઇ.

એ રાતે રાજાને સ્વપ્ન આવ્યું. જિનશાસનની અધિષ્ઠાતા દેવતાએ પ્રત્યક્ષ થઇ એને શુભવાણી સંભળાવી કે રાજા, ધીરજ રાખ. તારૂં દુઃખ હું નથી જોઇ શકતી. પણ તું સ્વધર્મપ્રતિપાલક છે. સૂર્યમાં તારી શ્રદ્ધા ન ડગે એ માટે હું આજ પર્યંત ન આવી. તારો મોહ પૂરો થયો. તારા કોડ ન પુરાયા. હું તને કહું છું કે અહીંથી ઓતરાદે, બાર જોજન પર શંખેશ્વર નામનું નગર છે ત્યાં જા. એમાં પાર્શ્વનાથનો અધિવાસ છે. એની ઉપાસના કર. એ તારૂં દુઃખ ભાંગશે. પુરા-કલ્પમાં પ્રતિવાસુદેવ જરાસંધની મૂકેલી જરાથી યાદવોને અકાળ વૃદ્ધાવસ્થા આવેલી. એમનું ઘડપણ ટાળી યુવાવસ્થા આપનાર એ તીર્થંકર. એ ઉપકારથી ઓ-શીંગણ થએલા યદુકુળમણિ કૃષ્ણદેવે એની સ્તુતિનાં ગાન કર્યાં, એના ઐશ્વર્યનો વિજય ગજાવનાર શંખ પૂર્યો. એથી એ સ્થળ શંખપૂર કે શંખેશ્વર કહેવાયું.

કહેવાય છે કે રાજાએ શંખેશ્વર જઇને ષોડશો-પચારથી પાર્શ્વનાથની પૂજા કરી, નમિવિનમિએ સ્થાપેલા, ઇન્દ્ર, સૂર્યચન્દ્ર, નાગેન્દ્ર, નારાયણ વગેરેએ આરાધેલા, દેવાધિદેવ ભગવાન પાર્શ્વનાથ પ્રસન્ન થયા ને રાજાના કોઢ મટ્યા. કોટિકંદર્પ જેવી શરીરકાન્તિ પામ્યો. ગુણજ્ઞ એણે વિમાનતુલ્ય જિનપ્રાસાદ ચણાવ્યો.

જિનધર્મની પ્રાચીનતાનો પુરાવો ગણો કે પાર્શ્વ-નાથની પ્રતિષ્ઠા વધારવાની પ્રશસ્તિ ગણો; પણ વઢી-આરના નિર્જળ વેરાન સપાટ પ્રદેશમાં આવેલાં શંખે-શ્વરનાં ઉત્તુંગ શિખરો સૈંકડો વર્ષથી આજ પર્યંત ભાવિક-જનોને આકર્ષી રહ્યાં છે.



પંચાસર અને શંખેશ્વરનાં સ્થાન બતાવતો ઉત્તર ગુજરાતનો નકશો

હું આસ્થાળુ ન હતો. પણ મારે ગુજરાતના ઇતિહાસ અને સંસ્કૃતિના ઉદ્‌ભવસ્થાનને જોવાં હતાં. એનાં ભગ્ન કલેવરને શ્રદ્ધાંજલિ આપવી હતી. એટલે કાળી ચૌદશને દિવસે હું બપોરે અઢી વાગ્યે નીકળ્યો. મારી સાથે ઇન્દુભાઇ પણ થયા. સાઈકલ પર અમદાવાદથી વીરમગામ, ત્યાંથી ખારાઘોડાને રસ્તે ઝિંઝુવાડા; આદરિયાણા થઇ પંચાસર, પછી શંખેશ્વર અને બહુચરાજીના માર્ગે પાછા ઘેર,—આ અમારા પરિક્રમણની પગદંડી હતી. ભાલની ભાગોળે આવેલા વીરમગામથી ખારાઘોડાનો રસ્તો પાણી અને કચરાથી ભરપૂર હોવાને લીધે હજુ ઉઘડ્યો ન હતો, એટલે એટલો ભાગ અમારે ટ્રેનમાં જવું પડ્યું.

દીવાળીના દિવસે દસ વાગ્યે અમે ઝિંઝુવાડા પહોંચ્યા. ચાર વરસ ઉપર હું અહીં આવ્યો હતો.[1] પણ ઇન્દુભાઇ તો આ પ્રદેશમાં પહેલી જ વાર આવેલા, એટલે કચ્છના રણના પાદરમાં અને ગુજરાતની નવપલ્લવ વાડીની વાડે આવેલા આ પ્રાચીન સ્થળને જોવાની એમની ઉત્કંઠા ખૂબ હતી. તેથી બપોરો અહીં કરવાનું રાખ્યું.

રસ્તો અનુકૂળ પડે તેથી પહેલાં ઝિલ્લાણંદ ગયા. સજીવ જળવાળા ભોટવાનાં ઊનાં ટાઢાં નવાણમાં નાહ્યા. રોઝ અને દૂધિયા દેહવાળાં ઓનાગર[2]થી ભરપૂર એનાં બીડમાં ફરીને બપોરે ગઢમાં ગયા.

ઝિંઝુવાડાથી ધામા (બે ગાઉ). ત્યાંથી ભાળગામ (બે ખેતરવા) થઇને આદરીઆણા. આદરીઆણા ઝિંઝુવાડાના ભાયાતોનું થાણું છે. એ વટાવીને આગળ જતાં ચાર ગાઉ ઝાળીઆણા અને હળી. વચ્ચે સરાણ આવે છે. સરાણ[1] એટલે ડીલા નામના ઊંચા ઘાસથી ભરપૂર પાણીનાં તળાવ. આ તરફ કૂવા ઓછા એટલે ગામલોક બારે માસ આ સરાણનું પાણી પીએ. ડીલા સુકાય એટલે એની સાદડી ગૂંથે કે ઝૂંપડાંની ભીંતોમાં વાપરે. એનાથી ઘરનાં છાપરાં પણ છવાય, એટલે ગરીબોના મનથી એ સોનાનું.


માથાપૂર ડીલાની વચ્ચે ઊતરી, બતક અને બગલાંથી ઊભરાતી સરાણમાં હું મારી વૉટરબૅગ ભરતો હતો. ઇન્દુભાઇ પાસેની વાડીમાં લીલી કૃષ્ણાવળી અને મરચાં તથા મૂળા ખરીદતા હતા. ત્યાં, ખાખી લૂગડાંથી સાહેબલોક ધારી મને કોઇએ સલામ કરી. પાછો વળી જોઉં છું તો એક હરિજન. જાતે ખખડતું પાન, પણ ઘેર વસતિ નહિ એટલે માટલું લઇ મારી પેઠે સરાણમાં પાણી ભરવા આવ્યો હતો. મારે માથે ભૂરિયા ટોપી, ડીલે ખાખી ડ્રેસ અને ખભે લટકતી દૂરબીનની ઝોળી જોઇ એણે મને 'સાહેબ' ધારી લીધો. 'સાહેબ' છતાં હાથે પાણી ભરતો જોઇ એને નવાઇ તો લાગી હશે. પણ જીવનમાં ગુલામી સિવાય બીજો એશઆરામ ભોગવેલો નહિ, એટલે બીકનો માર્યો મારી અડોઅડ પાણી ભરવા ઊતરતાં અચકાયો અને વિનયથી મને સલામ કરી. માથેથી ટોપું હેઠે નાખી હું એની પાસે ટેકરા પર બેઠો અને અમે વહીઆરની વાતે ચડ્યા.

અહીં લોક ગરીબ. કોઇ ગામ દરબારી, કોઇ રાધનપુર નવાબની સત્તાનાં. કુવેતર ઓછાં એટલે ખેડૂત છપ્પનિયો (અહાડો જુવાર) ને કપાસ વાવે. વીઘે દસ મણ કાલાં ઊતરે તો અધધધ માને. ઑણ સાલ વરસાદ ઓછો હોવાથી જારબાજરા કપાસમાં કસ

૧ જુઓ કુમાર અંક ૬૩

૨ ઝિંઝુવાડાના લેખમાં જે 'જંગલી ઘોડાં'ની મેં વાત કરી છે તે પ્રાણી વાસ્તવિક રીતે 'જંગલી ગધેડાં' (=ઓનાગર) છે. શરીરે મેલા ધોળા રંગનાં આ ચપળ પશુ રણની ધારે રહે છે. ઉનાળામાં ઘાસચારો સુકાઇ જાય ત્યારે રણમાં સુકાએલા કાદવના પોપડા નીચે એક જાતનું ઘાસ થાય છે તે પર એ નિર્વાહ કરે છે. આવાં ગધેડાં આપણે ત્યાં આ સ્થળ ઉપરાંત માત્ર બીકાનેરના જ રણમાં થાય છે. એને પાળવાં કઠણ છે.

૧ Swamp.



વઢિયારના નિર્જન વેરાન સપાટ પ્રદેશમાં આવેલાં શંખેશ્વરનાં ઉત્તુંગ શિખરો આજ સેંકડો વર્ષથી ભાવિકજનોને આકર્ષી રહ્યાં છે: પણ . . . . (જુઓ પછીના ત્રીજા પૃષ્ઠ પર)
ફોટો • હરિનારાયણ આચાર્ય

ન મળે, એટલે એની જાતવાળાં દહાડિયાંમાં શું કમાય?


વાતોમાં સાંજ પડવા આવી ને હું ઊઠ્યો.

'આ સામું દેખાય એ પંચાસર. પેલી તળાવની પાળ જોઈને? એ પર પેલો વડલો રહ્યો. એના હેઠળ થઈને નીકળજો તો સોંસરા પંચાસરને ગોંદરે. રસ્તો મજાનો ધોરી છે. વચ્ચે સરાણ કે કંઈ આવતું નથી. લ્યો રામરામ. આવજો હો.'

મેં એનું માટલું માથે ચડાવવા માંડ્યું. 'અરે એ શું બોલ્યા? તમે તો ઊંચા લોક. ના, બાપા, ના. એ તો હું હાથે ચડાવીશ. મારે તો રોજની પડી... હોય, બાપા હોય. એ તો ચડતી ઊતરતી સૌને આવે. મેંય ઘણી જોઈ છે. સૌના સરખા નથી જતા. અંત આવશે એટલે કોઈ કાંઈ થોડું ઊભું રહેવાનું છે. સૌ સૌના મારગે. લ્યો બાપા, હવે જાઓ. અહુરું થશે. આવજો, રામરામ.'

વૃદ્ધની આંખમાં ઝળઝળિયાં આવ્યાં. એનો અપાર ભાવ અને અમાપ નિખાલસતા જોઈ મારું ગળું પણ ભરાઈ આવ્યું. એને કંઈક આપું એમ થયું: પણ એથી એની ગરીબાઈ ભૂષણ મટી અકારી બનશે—એમ ધારી મેં મન વાળ્યું. પાછળ એક નજર કરી હું—અમે અમારા પંથે પડ્યા. હરીઆળાં ખેતર વચ્ચે ચરતાં હરણનાં ટોળાં જોતા અમે સાંજે સાડા છ વાગ્યે પંચાસર પહોંચ્યા. ગામનાં છોકરાં 'આકડી માકડી મેર મેરાયાં . . . ઘી પુરાવે એને ઘેટો છૈયો; તેલ પુરાવે એને કાણી ઘોડી . . .'ના કલશોરથી સંધ્યાકાળને ગજવી રહ્યાં હતાં.

'**આ** જ તમારું પંચાસર?'—ઇન્દુભાઈએ રુદ્રમાળ અને પાટણ જોએલાં. આગલે દહાડે ઝિંઝુવાડા જોએલું. એમના ભગ્નાવશેષોના બળે પંચાસર વિષે કંઈક કલ્પનાઓ કરેલી. એટલે બેસતા વરસની સવારે આખું ગામ ભમતાં યે જ્યારે પ્રાચીનતાના પુરાવા જેવો એક પણ અવશેષ અમને જોવા ન મળ્યો ત્યારે તેમણે મને પૂછ્યું. એમના અવાજમાં નિરાશા અને ખેદ હતાં.



શંખેશ્વર પુરાતન મંદિરની રચના દર્શાવતો પ્લાન

અને ખરેખર ઘડીભર તો નથી મનાતું કે ગુજરાતના ગૌરવની આ જન્મભૂમિ હોય. આ જ ચાવડાઓનું ઉદ્દ્ભવસ્થાન શું? અહીં જ વીર જયશેખરનાં નિશાન ગડગડતાં? આ જીર્ણ સરોવરે જ શુભદેહા પાણીઆરીઓના પાદધ્વનિ થતા? હોય? ના ના. આ તો લૂખી સૂકી ખાવા ધાતી ધરતી. અહીં તો કુંવરનાં વન. આ ખાડાખાબોચિયા જેવી રઝળતી, છપ્પનિયા જેવી ક્ષીણ દેહવાળી રૂપેણ. રૂપાવરણાં કયાં ગયાં એનાં નીર! જેમાં થઇ શૂર પંચાસરીઓના હણહણતા ઘોડા થનગનતા ઊતરતા. આજે તો પંચાસરને પાદરે ગધેડાંએ જમાત નાખી છે. આ સ્થળે જ જૈનોની સંસ્કૃતિ ફેલાઇ. આજે તો શીલગુણસૂરિને જૈનેતરો જાણતા જ નથી. પાટણની પદ્મસખી જેવી કુમારિકાનાં નીર આ પણે ક્ષિતિજમાં ઊછળતાં. હંસ અને ચક્રવાક, સારસ અને કારણ્ડવ—જૂથેજૂથ મળી અહીં જ તેજ રેલવતાં! માનવામાં નથી આવતું. શી રીતે આવે? કયાંય પણ કપાલાસ્થિ કે ઊરુદણ્ડને જોઇ, મદોન્મત્ત સિંહ કે ગૌરવવંતા હાથીના દેહની શોભા અનુભવાઇ છે? આ તો ગુજરાતના ગૌરવનું સ્મશાન. અહીં જ ગુજરાતીઓનાં સ્વધર્મના પરિપાલન અર્થે હાડ વેરાયાં, એ વેરણછેરણમાંથી વીણીવીણીને ફૂલ એકઠાં કરી, એના પર બે આંસુ પાડી, એમાં જ ગૌરવ નિહાળવાનું રહ્યું. એની રૂપેરી આંજીને માથે ચડાવી પુનિત થવાનું રહ્યું.


રૂપેણ! કયાં ગયાં તારાં રૂપ ને તારી મસ્તી, તારાં ગુમાન અને ગૌરવ? આજે તને વાચા હત તો? તારૂં જોએલું, તારૂં અનુભવેલું કંઇક તો કહે! કાળની પેઠે તું પણ આમ શું નિર્દય થાય છે? જરા તો હૈયું હાલવ! પણ, ના. નથી બોલતી એમાં જ મજા છે. એટલું ય કર્તવ્ય તેં બજાવ્યું છે કે તારી આછીપાતળી રૂપાસેર આ પ્રદેશને પલાળી રહી છે. તારૂં તો એટલું ય સૌભાગ્ય છે. જ્યારે અમે? અમે તો ઘરમાં યે પરદેશી. કોક દિ આવીએ: ઘડી પુરતા. અહીં કયાં વિસામો છે? વિસામો આપે પણ કોણ? આ તો અમારા પૂર્વજોના ગૌરવનું કીર્તિમંદિર. અમારી અધમતાથી ચિતાભસ્મ અને અસ્થિખંડ પર રચાએલું!

પંચાસર! પાંચ પાંચ સરોવરો વાળી કહેવાતી છતાં ય પાણી વિનાની પવિત્ર ભોમ! તને નમસ્કાર. આવશું વળી 'કોક દિ'. નહિ તો . . . .

ઐતિહાસિકો કહે છે કે આ પંચાસર ન હોય. અમે પણ કહીએ છીએ કે આ પંચાસર ન હોય, નથી. પણ પ્રાચીનતાની સાક્ષીએ નામ તો રાખી રહ્યું છે ને? પ્રાચીન પંચાસર આટલામાં જ હશે: એની નિશાની તો રાખે છે ને? અમારે કયાં એને પ્રત્યક્ષ કરવું છે? અમને તો એનાં સ્મરણની પરવા છે. શ્રાદ્ધ સ્મરણનાં જ હોય: નહિ કે મૃતદેહનાં અથવા એના ઓળાનાં.

રાત પંચાસરની ભાગોળે મહાદેવની પડાળીમાં ગાળી. અમારા વિચિત્ર પોષાક અને ગુજરાતીઓના સ્વભાવ પ્રમાણે વગર પ્રયોજને 'ગોટપીટ' અમને કરતા જોઇ સંધ્યા આરતી વખતે ભેળા થએલા ગામલોક ગભરાયા. પછી તો અમે એમના ભેગા ભળી ગયા. જમાડવાનો ખૂબ આગ્રહ કર્યો. અમે ન માન્યું. તો યે છેવટે થાળી ભરીને 'માતર' તો અમારા ખોળામાં ઠાલવી ત્યારે જંપ્યા. આ બધો વખત ગામના રાજા, મહારાજા, નવાબ કે ગવંડર જે ગણો તે, હાથ નીચે એકે ય સિપાહી ન મળે છતાં જમાદાર કહેવાતા મહાપુરુષ ઉર્ફે થાણાનો ચોકીયાત ખૂણામાં બેસી ગણગણતો હતો કે નક્કી આમાં કંઇ ભેદ છે. અમદાવાદથી આ અહીં આવ્યા એમાં કંઇક છે. આ 'કંઇક'નો એને પત્તો લાગ્યો કે નહિ એ હું કહી શકતો નથી; પણ અમારો ગુન્હો એટલો કે એની દોદડાહી પૂછપરછથી અમે ચીડાઇને એને કોઠું આપ્યું ન હતું. પોલીસ નામના પ્રાણી સાથે એવી જ રકઝક અમારે બહુચરાજીમાં થએલી. પણ ત્યાં તો ફોજદાર ઓળખીતો નીકળ્યો. એટલે અમને ઝાઝી માથાકૂટ કરવી ન પડી અને પેલા ખેરખાં 'જમાદાર'ને એણે ચાર ચોપડાવી એ નફામાં.

બીજે દિવસે બેસતું વરસ. ગામલોકનો આગ્રહ



પણ શંખેશ્વરની ખરી મહત્તા તો એના આ જીર્ણાવશેષોમાં છે. ગામને છેડે આવેલા એ મૂળ પ્રાચીન મંદિરની જીર્ણશીર્ણ ભીંતો પરથી આજે પ્લાસ્ટર ખરી પડ્યું છે, એની ઇંટોમાંથી લોકે ઘર બાંધ્યાં છે; છતાં જે બચ્યું છે તેમાં પ્રાચીનતાના પૂજારીને કે સુંદરતાના ભોગીને જોવાનું (ને આંસુ સારવાનું) ઓછું નથી જડતું

છતાં અમે રોકાયા નહિ. બસોએક વર્ષ ઉપર બંધાએલું, 'પંચાસર' નામે હાલ ઓળખાતું ગામડું, એના ફરતા પાળિયા, વનરાજને નામે ચડેલું જીર્ણ મંદિર વગેરે આધુનિક અવશેષો જોઇ શંખેશ્વર (ચાર ગાઉ) ભણી રવાના થયા. વચ્ચે રૂપેણ ઊતરવાની આવી. એમાં બારે માસ ખારા પાણીનો રેલો વહ્યા કરે છે.

શંખેશ્વર ગામ (આ પ્રદેશનાં તેમજ સામાન્ય રીતે ઉત્તર ગુજરાતનાં ઘણાખરાં ગામ) ટેકરા પર છે. પ્રાચીન કાળમાં એની મહત્તા કેવળ એના જિન-મંદિરથી હતી. આજે પણ દસ ગાઉમાં રેલવે નથી છતાં ગાડાંમાં કે ઊંટ પર, અનેક અડચણો ભોગવી હજારો જૈનો એના દર્શને આવે છે.


પંચાસરને માર્ગે પૂર્વ દિશાથી ગામમાં પેસીએ કે સામે જ વિશાળ ચોકમાં સોએક વર્ષ પર બાંધેલું મંદિર નજરે પડે છે. વચ્ચોવચ્ચ ઊંચો મુખ્ય પ્રાસાદઃ એની આસપાસ ગોખવાળી નાની દહેરીઓ. એ બધાંની શોભા આંખને ઠારે એવી છે.

પણ આ સ્થળની ખરી મહત્તા તો ગામને છેડે આવેલા પ્રાચીન મંદિરમાં દેખાય છે. એનાં વિશીર્ણ અંગોમાંથી એના શુદ્ધ ગુજરાતી સ્થાપત્યની સુંદરતા નીતરે છે.

વઢીઆર એટલે કેવળ સપાટ મેદાન. એમાં પહાડ કે પત્થરનાં દર્શન પણ દુર્લભ. આથી આ પ્રાચીન મંદિર આખું યે ઇંટોથી બાંધેલું હતું. જેમ કૂવાની ગોળાઈ લાવવા ગોળાશવાળી ઇંટો પડાય છે, તે જ રીતે આ મંદિરમાં પ્રત્યેક ભાગને અનુકૂળ એવા જ આકારની ખાસ ઇંટો ઢાળવામાં આવેલી છે. કોઇ પણ ઠેકાણે ઘડેલી ઇંટ જોવામાં આવતી નથી! જ્યાં ચણતર શકય નથી તે ભાગ આખાને આખા સળંગ માટીનાં ગચિયાંરૂપે પકાવીને બનાવવામાં આવ્યા છે. ઇંટો પર સુંદર મુલાયમ ચૂનાનું પ્લાસ્ટર કરી, એ લીલું હોય તે જ વખતે એમાં તીક્ષ્ણ હથીઆરથી સુંદર સુરેખ મૂર્તિઓ અને બીજું કોતરકામ કરવામાં આવ્યું છે. એનું સ્થાપત્ય સોળમા શતકનું છે.

બહારથી ૧૩૫ ફૂટ લાંબા અને ૧૦૨ ફૂટ પહોળા વિશાળ મંદિરની વચ્ચોવચ્ચ પાર્શ્વનાથનો જિનમહાલય હતો. ફરતી દહેરીઓ હતી. દહેરીઓ વચ્ચેનો ચોક ૧૨૧ ફૂટ × ૭૦ ફૂટ હતો.

આજે તો બધું ભાગ્યુંતુટ્યું છે. મંદિર પર કાળનું આક્રમણ થતાં એમાંની મૂર્તિ નવે સ્થળે પધરાવવામાં આવી, એટલે પછી કોણ દરકાર રાખે? થોડું જે ઊભું છે તે પણ અણીશુદ્ધ દશામાં તો નથી જ. એનો



એ પ્રાચીન મંદિરનાં વિશીર્ણ અંગોમાંથી એના શુદ્ધ ગુજરાતી સ્થાપત્યની સુંદરતા નીતરે છે

ભીંતો પરથી પ્લાસ્ટર ખરી પડ્યું છે. એની ઇંટોમાંથી લોકે ઘર બાંધ્યાં છે. છતાં જે બચ્યું છે તેમાં પ્રાચીનતાના પૂજારીને કે સુંદરતાના ભોગીને જોવાનું ઓછું નથી જડતું.

અને આ બધો વિનાશ કોના પ્રતાપે?

ઇસ્લામનો સિતારો ઝળક્યો અને હિંદુ સ્થાપત્યના અવસાનની નોબત વાગી. મુસલમાની સલ્તનતે ભારતવર્ષને તાજ આપ્યો. દીવાનેખાસ આપ્યું. મોતી મસ્જિદ અને શાલીમાર આપ્યાં. પણ એથી શું? એથી કંઇ અમારાં રુદ્રમાળ, સોમનાથ કે સૂર્યમંદિર (મોઢેરા), વડનગર, ચંદ્રાવતી કે શંખેશ્વર થોડાં જ પાછાં આવવાનાં છે? એનાં ગૌરવ, એની જાદુઇ મોહિની—ગયાં તે ગયાં જ. આજે તો એ સ્મશાનોની પવિત્ર રાખને, પૂર્વજોના ગૌરવની પાદધૂલિને આંખે કપાળે અડાડી, ભુંસાએલી સંસ્કૃતિ અને સુંદરતાને અંતશ્ચક્ષુથી જ જોવી રહીને? ભલા સુલ્તાન! તું આવ્યો તો ભલે આવ્યો. કાળક્રમે તારું આગમન વસમું નથી લાગતું. આર્યોએ પણ એવા જ આક્રમણથી આર્યાવર્તને અપનાવ્યો. પણ અમારા આત્મતોષની ખાતર જરા આવાં સ્થાન રાખવાં તો હતાં. એમાં તારી યે શોભા હતી, અને અમારા પૂર્વજોની ઝાંખી સચવાતી હતી. આજે તો કેવળ તર્પણ જ રહ્યાં ને? કા ગતિઃ!

શંખેશ્વરની પ્રાક્કાલીન તીર્થધારા જોઇ. એનાં ભગ્ન કલેવર અવલોકયાં. નવા ચૈત્યમાં પાર્શ્વનાથને પ્રણામ કરી અમે ખરે બપોરે પાછા વળ્યા. સરાણનાં પાણી પીતા, ધાંધારની લીલીસૂકી જરઠ ભૂમિના સૌંદર્ય જેવું વિચિત્ર સૌંદર્ય આ વઢીઆરમાં અનુભવતા અમે ફેંચડી થઇને રાત્રે બહુચરાજી પહોંચ્યા.

સૂરજના સપ્તરંગી પ્રકાશમાં ચમકતાં શંખેશ્વરનાં શ્વેત શિખરો, છેટે સુધી, સુવર્ણ આંગળીએ અમને આમંત્રી રહ્યાં હતાં.

હરિનારાયણ આચાર્ય



મેંદીનાં પાન

જેનો ખરો રંગ જો લાગશે તો સદર તમારા આત્માને સોહાવી રહેશે.

મહાન શહાદત મૃત્યુથી કદી નથી બનતી: મૃત્યુ પાછળના કારણથી જ તે બને છે.

મૌન એ જિંદગીમાં કદી ન છેતરતો મિત્ર છે.

પોતાને પ્રમાણિક જાહેર કરતા માણસથી હમેશાં ચેતતા રહેવું.

તમારા જ મોઢે તમોને વખાણતો માણસ તમારા જ પગ નીચે જાળ પાથરવા તૈયાર રહેતો હશે.

મુગટ ન પહેર્યો છતાં કોઇક પુરુષ રાજાધિરાજ જ હોય છે.

ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

કૅમેરા ખરીદ્યા પછી શરૂઆતમાં સગાં સંબંધીઓની છબી ઉતારવામાં તે મોટે ભાગે વપરાય છે. મિત્રો છબીઓને વખાણે છે. પરંતુ એ તસ્વીરો કોઇ હરીફાઈમાં ભાગ્યે જ ઇનામને પાત્ર ઠરે છે. તેથી કૅમેરા વાપરનાર કંટાળીને ફોટોગ્રાફીને અગર પોતાના ભાગ્યને દોષ દઇ કૅમેરાને છાજલીએ ચડાવી દે છે.

ઇશ્વરે ઘડેલી મનુષ્ય–આકૃતિમાં સૌંદર્ય છે જ. તોપણ નાક, કાન ને આંખ માત્ર જ છબીમાં દેખાય ત્યારે ચિત્રમાં ભાવના ખામીને લીધે ચેતન ન દેખાતાં તે નિર્જીવ કાગળનો ટુકડો લાગે છે. પરંતુ ગમે તે વ્યક્તિને તે કાર્યનિમગ્ન હોય ત્યારે તેની અજાણમાં તેને ચિત્રમાં ઝડપો અને પછી તે ફોટો-ચિત્ર નિહાળો. અલબત્ત તેમાં ઉત્તમ ટેકનીકની સાથે છાયા, પ્રકાશ, ચિત્રરચના એ બધી વસ્તુઓ કલામય જોઇએ જ.

આ માસની હરીફાઈમાં પહેલું ઇનામ જીતનાર ભાઇ કનુ રાવત (અમદાવાદ)ના ફોટો-ચિત્ર 'જીવનનિર્વાહ'ને આ દૃષ્ટિએ તપાસી જુઓ. જીવનની હરેક પળ ઉદ્યમમાં વિતાડનાર શ્રમજીવી વાઘરી કોમની સ્ત્રી બપોરે ઝાડની છાયામાં ટોપલા ગૂંથવા ખપાટિયાં તૈયાર કરી રહી છે. ચિત્રનું વસ્તુ સુંદર છે. વિષયને અનુરૂપ અને તેથી યે અધિક વિષયસૂચક બૅકગ્રાઉન્ડથી ફોટો-ચિત્ર સરસ બને છે. ઝાડની ઘટામાંથી વેરાતો સૂર્યનો પ્રકાશ કામ કરતા હાથ પર બરોબર આવ્યો હોય તે વેળા ચાંપ દાબીને પાડનારે ચિત્રનું લક્ષ્ય આબાદ ઉતાર્યું છે. બૅકગ્રાઉન્ડમાં ટોપલો ગૂંથનાર પુરુષ અસ્પષ્ટ દેખાય છે તેથી મુખ્ય વસ્તુ જોર પકડે છે અને જોનારની દૃષ્ટિ સ્ત્રીના હાથ પર સ્થિર થઇ ક્રિયા નિહાળી રહે છે. ભાઇ કનુ રાવતે ચિત્ર ઉતારવામાં ઠીક કાળજી લીધી છે, પણ નામ જોઇએ તેટલું સરળ અને સૂચક નથી.

'ધૂંવાંધાર'માં ભાઇ પ્રભાકર ત્રિવેદી (અમદાવાદ) એ નર્મદાનાં ધસમસતાં નીરથી ઉપજતું કુદરતનું રમણીય દૃશ્ય હૂબહૂ રજુ કર્યું છે. 'ધૂંવાંધાર' બીજું ઇનામ જીતે છે. ફોટો-ચિત્રમાં પાણીની ગતિ અને ધોધનું બળ સ્પષ્ટ જણાય છે. ચિત્રનું સંયોજન પણ સારૂં છે. ફોટોગ્રાફી માટે દુર્જેય અને લગભગ વર્જ્ય મનાતા વિષયોમાં ધોધની અને દરિયાની ફોટોગ્રાફીની ગણના થાય છે. શરૂઆતમાં જ 'ધૂંવાંધાર' જેવું સારૂં ફોટો-ચિત્ર ઉતારનાર પાસેથી આપણે સારી આશા રાખીએ.

સૂર્યાસ્તનું આકર્ષણ અને વિવિધતાભરેલું સૌંદર્ય પકડવા ઘણા મથે છે, પણ કોઇક જ વાર તેમાં સંપૂર્ણ સફળતા મળે છે. તેનું કારણ આંખે દેખાતા રંગોની કાળી ઝાંખ ફોટોગ્રાફમાં જોઇએ તેવી તેજસ્વી પડતી નથી. સૂર્યાસ્તનો સંપૂર્ણ ખ્યાલ તો રંગીન ફોટોગ્રાફી જ આપી શકશે, છતાં વાદળાંની વિવિધ લાલી અને પ્રકાશની કિનારીઓ ફોટોગ્રાફીના વિષય બની શકે છે. ભાઇ સી. કુમાર પટેલ (ખાનપુર)નું ચિત્ર એવું એક સફળ પરિણામ છે અને આ હરીફાઈમાં એ ત્રીજું ઇનામ લઈ શક્યું છે.

હરીફાઇ માટે મોકલવાના ફોટોગ્રાફો ઉપર લીલો કે રતુંબડો રંગ લાવવાની ક્રિયા કરેલી હોવી ન જોઇએ. ચિત્રોના





ઉપર: 'ધૂંવાધાર'–પ્રભાશંકર ત્રિવેદી (અમદાવાદ) બીજું ઇનામ;
નીચે : 'સૂર્યાસ્ત'–સી. કુમાર પટેલ (ખાનપુર) ત્રીજું ઇનામ

બ્લૉક કરવામાં તે અંતરાયરૂપ થાય છે. ભાઇ કે.જે. જોશીએ કલકત્તાથી મોકલેલી 'પ્રતિકૃતિ'માં વિક્ટોરિયા મેમોરિયલનું જળબિંબ અને અસલ મકાન ઉઠાવદાર ફોટોગ્રાફીમાં રજુ થયાં છે, પણ તેનો પ્રિન્ટ નીલવર્ણો (બ્લ્યુ ટોનવાળો) હોવાથી તે પ્રકટ કરવો બંધ રાખવો પડ્યો છે.

શ્રીમતી શારદા મહેતાના (પાલનપુર) 'શિલ્પસૌંદર્ય'માં સુરેખ ફોટોગ્રાફી છે, પરંતુ ચિત્ર જોતાં શિલ્પરચના નાટકી લાગવાથી મન પર આલ્હાદ થતો નથી. ભાઈ જશભાઇ પટેલ (આણંદ)ના 'સરિતાસ્નાન'માં પાણી પર પડતા પ્રકાશ આડે જે બાળકની આકૃતિ દેખાય છે તે મુખ્ય પાત્રને છટાદાર મરોડ આપી લેવાની જરૂર હતી.

બલવન્ત ભટ્ટ



કૅમેરા કેવો ખરીદવો ?

કોઇ હિતેચ્છુ મિત્રે આપેલો ભેટનો કૅમેરા હાથમાં આવી પડતાં મારા જેવા ઘણાને ફોટોગ્રાફીનો શોખ શરૂ થાય છે. પરંતુ કેટલાક તો બીજાની ફોટોગ્રાફી જોઈ, આકર્ષાઇ તે શીખવાનો નિર્ણય કરે છે. એવા સમયે કૅમેરાની પસંદગીનો પ્રશ્ન સામે આવીને ઊભો રહે છે.

કૅમેરા જીવન-મિત્ર છે. જીવંત માણસોની માફક નિર્જીવ વસ્તુ માટે પણ આપણને પ્રેમ થાય છે ને તેની તરફ આકર્ષણ રહે છે. કૅમેરા જિંદગીભર સુખદુઃખ તથા આનંદ-શોકનો સાથી છે. મિત્રની પસંદગીમાં જે કાળજી ને સારાસારની દરકાર આપણે રાખીએ છીએ તેટલી જ કાળજી ને વિચાર કૅમેરાની ખરીદી માટે પણ કરવાં જોઇએ. કાંઇ બધા જ કૅમેરા સારા અને જરૂરી કામ આપનારા હોતા નથી.

દિવસે દિવસે કૅમેરાની જાતો અને પ્રકારમાં અવનવા ફેરફારો થતા જ જાય છે. આજથી પાંચ વર્ષ પહેલાં બજારમાં વેચાતા કૅમેરા આજ નજરે પડતા નથી. વિજ્ઞાનમાં જેમજેમ શોધો વધતી જાય છે તેમતેમ કૅમેરાની ક્રિયાશક્તિઓ અને સાધનોમાં ઉમેરા થતા જાય છે. કોઈમાં ઢાંકણું બંધ કરવાની રીત, કોઈમાં લેન્સનો ફેરફાર કરવાની પદ્ધતિ, તો કોઇમાં ફિલ્મ ચડાવવાની અને આંકડાઓ આણવાની ક્રિયાઓ, એમ દરેકમાં કાંઇ ને કાંઇ તરકીબો સુધારી વધારી દિનપ્રતિદિન કૅમેરાની વપરાશમાં સરળતા અને ઉપયોગમાં વધારો કરવામાં આવે છે.

પોતાને કઇ જાતની ફોટોગ્રાફી કરવી છે અને તેનો કેવા પ્રકારનો ઉપયોગ પોતાને જરૂરનો છે તે જાણ્યા સિવાય ઘણા લોકો તો કૅમેરાની ખરીદી માટે બજારમાં જાય છે. દુકાનમાં પગ મૂકતાં, કૅમેરાની અનેક જાતો જોઇને જ તેઓ વિમાસણમાં પડે છે. પાંચ રૂપિયાથી માંડીને પાંચસો રૂપિયા સુધીની કિંમતના કૅમેરાઓ દુકાનદાર તેમને એક પછી એક બતાવવા માંડે છે અને ન સમજાય તેવા શબ્દો વાપરી દરેક કૅમેરાની ખાસિયતો તથા લાભાલાભ પર પ્રવચન કરે છે. અંતે મુંઝાઇને તે ફાવે તેવો એક નિર્ણય કરી કે કિંમત પર કૅમેરાની શક્તિનો ખ્યાલ બાંધી ગમે તે એક કૅમેરા ખરીદીને ઘેર આવે છે. થોડા દિવસ બાદ તેમને એમ થાય છે કે આના કરતાં બીજો જ કૅમેરા લીધો હોત તો સારૂં થાત!

ઊંચી જાતના કૅમેરાના ઉપયોગથી વાપરનારને કેટલીક સુગમતા પડે છે, તોપણ કૅમેરાની કિંમતને અને પરિણામને ઝાઝો સંબંધ નથી. કૅમેરા ગમે તેવો હોય તોપણ તેની બધી મર્યાદાઓ જાણી લીધા બાદ કૅમેરાને રમકડાની માફક વાપરીને મનપસંદ ચિત્રો ઉપજાવી શકાય છે. એટલે ફોટોગ્રાફી શરૂ કરનાર દરેક જણે કૅમેરા ખરીદતાં પહેલાં જુદાજુદા આકાર, બનાવટ અને ઉપયોગના કૅમેરાઓનાં ભિન્નભિન્ન સ્વરૂપો, તેની વિવિધ શક્તિઓ તથા મર્યાદાઓ તેમજ તેમાં ગોઠવેલી અનેક યુક્તિઓ, તરકીબો, રચનાઓ વગેરેનાં નામો અને ઉપયોગો, અંગોનાં હલનચલનો એ બધાંનું થોડુંથોડું જ્ઞાન મેળવી લેવું આવશ્યક છે.

કૅમેરા ખરીદતાં પહેલાં બે વસ્તુ પર ધ્યાન આપવાની જરૂર છે: (૧) પોતાની જરૂરિયાત અને ઉપયોગ માટે સહેલાઇથી વાપરી શકાય તેવો સરળ બનાવટનો, અને (૨) પોતાની આર્થિક શક્તિના માપ પ્રમાણે ભારેમાં ભારે કિંમતનો કૅમેરા પસંદ કરવો. વળી કોઇ જાણીતી કંપનીની બનાવટનો જ કૅમેરા ખરીદવો કે જેથી તેની બનાવટમાં વપરાએલી વસ્તુઓ અને રચનાઓની કાર્યશક્તિમાં જોખમપણું રહે નહિ.

કૅમેરાની પસંદગી કરતી વેળા નીચેની જાતો યાદ રાખજો. વળી કૅમેરામાં વપરાતી ફિલ્મ અગર પ્લેટની સાઈઝનો પણ વિચાર કરી લેજો; કેમકે કૅમેરાની કિંમત તો એક વાર આપવાની છે, પરંતુ તેમાં ઉપયોગ કરવાની ફિલ્મો વગેરે તો વારે વારે ખરીદવાની હોય છે. અને જેમ ફિલ્મનું કદ મોટું તેમ તેની કિંમત ભારે; એટલે એક ફિલ્મ પાછળ તેના કદના પ્રમાણમાં ચાલુ ખર્ચનો આંકડો વધતો જ રહે છે. માટે એ મુદ્દો ખાસ ધ્યાનમાં રાખવો.

જુદીજુદી કંપનીઓના બહાર પડેલા જુદાજુદા કૅમેરાઓ બજારમાં વેચાય છે. તેને ત્રણ મુખ્ય વિભાગોમાં ગોઠવી શકાય. કેટલાક કૅમેરાઓ પેટીના આકારના જ હોય છે. તેનું કદ હંમેશાં કાયમ રહે છે. વાપરતી વખતે અગર બંધ કરી મૂકી રાખવાની સ્થિતિમાં તેના કદનું પ્રમાણ ફરતું નથી. બીજી જાતના કૅમેરાઓને વાપરવાની સ્થિતિમાં આણવા તેને ઉઘાડવાથી લેન્સ વગેરે બહાર નીકળી આવે છે, અને વાપરી રહ્યા બાદ બંધ કરીને કદનું પ્રમાણ ઘટાડી શકાય છે. આ પ્રકારના કૅમેરાઓને 'ફોલ્ડિંગ' કૅમેરા કહે છે. વળી કેટલાક કૅમેરા તેના લેન્સના ઢાંકણથી ઓળખાય છે. આ કૅમેરા ફોકલ પ્લેન ટાઇપના નામે બજારમાં વેચાય છે. કેટલાક કૅમેરામાં ફોટોગ્રાફ લેતાં પહેલાં તેમાં વિષયને જોવાની અમુક પ્રકારની રચના હોય છે અને તેઓ એ રચનાના નામથી રિફ્લેક્સ કૅમેરા તરીકે ઓળખાય છે. બધી જાતો નીચે મુજબ છે:

રોલ ફિલ્મ બૉક્સ (પેટીના આકારના) કૅમેરા.
રોલ-ફિલ્મ ફોલ્ડિંગ કૅમેરા.
પ્લેટ-ફિલ્મપૅક બૉક્સ કૅમેરા.
પ્લેટ-ફિલ્મપૅક ફોલ્ડિંગ કૅમેરા.
ફોકલ-પ્લેન કૅમેરા.
રિફ્લેક્સ કૅમેરા.
ફીલ્ડ કૅમેરા અથવા સ્ટૅન્ડ કૅમેરા.

આ બધા કૅમેરાઓની રચના વગેરે હવે પછી વિચારીશું.

બલવન્ત ભટ્ટ

સુએઝની નહેર

મૂળ તો વ્યાપારી સરળતા ખાતર યોજાએલી; પણ અત્યારે ઇંગ્લંડ અને ભૂમધ્ય સમુદ્ર પરની પ્રજાઓ તેનો ઉપયોગ પોતાનાં સંસ્થાનો તથા વેપારના સંરક્ષણ ખાતર કરવા ઇચ્છતી હોવાથી એનું રાજકીય મહત્ત્વ ઘણું વધી ગયું છે.

ઇજીપ્તના શાસક સૈયદ પાશા પાસે એક દિવસ એક ફ્રેન્ચ ઇજનેર આવી લાગ્યો. એ તરંગી પણ દીર્ઘદૃષ્ટા ફ્રેન્ચનું નામ મૉં. ફર્ડિનાન્ડ દ લેસેપ્સ. તેણે સુએઝની સંયોગીભૂમિમાંથી નહેર બનાવવાની રજા પાશા પાસેથી માગી અને ૧૮૫૪ના નવેંબરની ૩૦મી એ તેને તે રજા મળી.

ખંત અને શ્રમને નીચોવી નીચોવીને તેણે એ મહાભારત કામ પૂરૂં કર્યું અને ૧૮૬૯ના નવેંબરની ૧૭મીએ સુએઝની નહેર ઉપયોગ માટે જાહેર થઇ. ફ્રેન્ચ મહારાણી ગણાતી સ્ટીમર યુજેનીમાં બેસી લેસેપ્સે પહેલી વાર એ નહેર પસાર કરી. તેની પાછળ બીજી સાઠ જુદીજુદી સ્ટીમરો હતી. બદુઓ, અરબો અને મિસરીઓ ઉપરાંત યુરોપના દશ હજાર યાત્રીઓ એ પહેલી યાત્રા કરવા આવેલા. નહેર પસાર કરતાં લેસેપ્સના મોંમાંથી શબ્દો નીકળેલા કે 'જગતની શાંતિ અને પ્રગતિ માટે હું કંઇક કરી શક્યો છું.'

આજે તો આંતરરાષ્ટ્રીય મહત્ત્વની બની ગએલી એ નહેર પાછળ ઝાઝામાં ઝાઝું કોઇનું હિત સમાએલું હોય તો તે બ્રિટનનું છે. એ માર્ગે ચાલતા વેપારમાં એકલા બ્રિટનના જ ૫૭ ટકા આવે છે. છતાં એ નહેરના ઉદ્‌ઘાટન વખતે બ્રિટનનું લક્ષ તેના મહત્ત્વ પ્રત્યે નહિ દોરાએલું. ત્યારના ઇંગ્લંડના વડા પ્રધાન વાઇકાઉન્ટ પામર્સ્ટને એ પ્રત્યે કેવળ ઉપેક્ષા જ બતાવેલી.

પણ પામર્સ્ટનના જતાં પરિસ્થિતિ બદલાઇ, ડિઝરાએલી વડો પ્રધાન બન્યો અને તેણે તરત પરખી લીધું કે આ નહેર ભવિષ્યમાં બ્રિટિશ સામ્રાજ્યની સમુદ્રપારની કબજાગીરીમાં સારામાંસારી આડખીલી તરીકે ઊભી થાય તેમ છે. એ વેળા ડચ અને ફ્રેન્ચ સરકાર છૂટથી એ નહેરના શેરો ખરીદી રહી હતી. મિસરના ખર્ચાળ ખેદિવ પાસે જે શેરો બાકી રહ્યા હતા તેને માટે દસ કરોડ ફ્રાન્ક આપવા ફ્રેન્ચ સરકાર વતી લેસેપ્સ ઊભો થયો, પણ ખેદિવે તે તેને ન આપતાં એટલી જ કીમતે બ્રિટિશ સરકારને આપવા મરજી દેખાડી.

ડિઝરાએલી આની જ રાહ જોઇને બેઠો હતો. દસ દિવસ સુધી તેણે મહારાણી વિકટોરિયા સાથે આ બાબત મસલત ચલાવી તેમને સમજાવ્યાં. બ્રિટનનાં હિત સાચવવાનો આ છેલ્લો જ મોકો હતો. હવે સવાલ એ હતો કે એટલા પૈસા ક્યાંથી કાઢવા?

છેવટ ડિઝરાએલીએ રસ્તો શોધી કાઢ્યો. બૅરન રૉથ્સચાઇલ્ડને ત્યાં તેણે પોતાના મંત્રી મોન્ટેગ્યુ કૉરીને મોકલ્યો. તેણે જઇ બૅરનને કહ્યું: 'વડા પ્રધાનને કાલે ચાળીસ લાખ પૌંડ જોઇએ છે.'

'પણ તેનો જામીન કોણ?' બૅરને કહ્યું.

'બ્રિટિશ સલ્તનત.' કૉરીએ જવાબ આપ્યો.

બૅરન પૈસા આપવા તૈયાર થયો. ડિઝરાએલીને સંદેશો મળ્યો અને તરત તેણે મહારાણી પર તાર કર્યો: 'બધું પતી ગયું છે, મૅડમ; એ તમને મળશે જ.'

૧૮૭૫ના નવેંબરની એ ૨૪મી તારીખ હતી.

પૈસા હાથ આવતાં જ કુલ ૬,૫૨,૯૩૨ (લગભગ સાડા છ લાખ)માંથી બાકી રહેલા ૨,૯૫,૯૨૬ (લગભગ ત્રણ લાખ) શેરો ડિઝરાએલીએ બ્રિટન માટે ખરીદી લીધા. ચાળીસ લાખ પૌંડના એ શેરોના ભાવ આજે સાત કરોડ ને વીસ લાખ પૌંડ થવા જાય છે અને એમાંથી નફા અને વ્યાજ તરીકે જ બ્રિટન આજ સુધીમાં ત્રણ કરોડ ને છયાસી લાખ પૌંડ ઉપરાંત તો કમાઇ ચૂકેલું છે.

પૂર્વ અને પશ્ચિમની સંસ્કૃતિઓના હસ્તમિલાપ કરાવતી સુએઝની એ નહેરની ટૂંકી હકીકત આ નીચે રજુ થાય છે

ગુજરાતી લઘુલિપિ

નો આગળ છપતો આ અંકમાં આપી શકાયો નથી આવતા અંકે તે ચાલુ થશે.

સુએઝની નહેરનો જળમાર્ગ અને એનું નામ આજે તો એટલાં સામાન્ય બની ગયાં છે કે ભાગ્યે જ કોઈ તેનાથી અજાણ હશે. લાખો લોકો મુસાફરો આજ તેમાંથી પસાર થયા કરે છે, અને રાતા સમુદ્રમાંની આગબોટ સીધી સરળતાથી એ સાંકડો માર્ગ પસાર કરી એટલી આસાનીથી સામે પાર ભૂમધ્ય સમુદ્રમાં પ્રવેશ કરે છે કે કોઇના ખ્યાલમાં પણ નથી આવતું કે માત્ર એમની બે જ પેઢી પહેલાં અહીં જમીન હતી.

સુએઝનો જળમાર્ગ આ નહેર રૂપે ભલે હાલમાં જ ઉપયોગમાં આવ્યો છે, પણ સુએઝના અખાતથી નાઇલ સુધી એવો માર્ગ કરવાનો વિચાર પહેલવહેલો જ કાંઇ લેસેપ્સને સૂઝ્યો નથી. પૃથ્વીના બે મોટા ખંડ વચ્ચે પડેલા એ અગત્યના માર્ગનું વ્યાપારી અને સફરી મહત્ત્વ સૈકાઓથી દક્ષ લોકોની નજરે ચડતું રહ્યું છે અને ત્યાં એવો માર્ગ કરવાનો ખ્યાલ લાંબા કાળથી ચાલ્યો આવ્યો છે.

ઇ. પૂર્વે ૧૩૦૦ વરસ પર ઇજિપ્તના રાજા સેટી પહેલાએ તેવો પ્રયત્ન કરેલો. પ્રખ્યાત ઇતિહાસલેખક હિરોડોટસના સમયમાં બે વહાણો સાથોસાથ ચાલી શકે એટલી પહોળી અને ચાર દિવસે પસાર કરી શકાય એટલી લાંબી નહેર ત્યાં અસ્તિત્વમાં આવેલી યે ખરી. અને છેક નવમી સદી સુધી એમાં વહાણો ફરતાં, પણ ત્યાર બાદ ખલીફા અલ મન્સુરે અરબસ્તાન સાથે વ્યવહાર રાખનારાં વહાણોને એ નહેરમાં મુસાફરી કરવાની મના કરી એટલે ત્યાર પછી જોઇતા વપરાશને અભાવે તેમજ સહરાના રણ તરફની ખામસીન વંટોળીઆથી ઊડતી રેતી વડે એ નહેર પૂરાતી ગઇ. મિસર પરની ચડાઇ વખતે મહાન નેપોલીઅને એ પૂરાએલી નહેર ફરી ચાલુ કરવાનો ઇરાદો કરેલો, પણ ભૂમધ્ય સમુદ્ર કરતાં રાતા સમુદ્રની સપાટી તેત્રીસ ફૂટ ઊંચી છે એવો ખોટો અભિપ્રાય તેના ઇજનેર લપિરેએ આપતાં તે ઇરાદો અધૂરો રહેલો.

અંતે, જે મહાન કાર્ય કરવાનું સદ્દભાગ્ય નેપોલીઅનને ન મળ્યું તે તેના જ દેશના ફર્ડિનાન્ડ દ લેસેપ્સના હાથે પાર પડ્યું. ઇ.સ. ૧૮૪૯થી ૧૮૫૪ સુધીનાં પાંચ વર્ષો તેણે પ્રાથમિક માપણી કરી તેની સંભાવ્ય શક્તિનો વિચાર કરી લીધો. પછી ૧૮૫૪માં તેણે



સુએઝની આજની નહેરનો ઉત્પાદક અને બાંધનાર
ફર્ડિનાન્ડ દ લેસેપ્સ

એ નહેરનું વ્યાપારી તેમજ સફરી મહત્ત્વ સમજનાર દીર્ઘદ્રષ્ટા અને કલ્પનાશીલ ચતુર એન્જિનિયર જ માત્ર નહોતો; ગમે તેવી ભયંકર મુશ્કેલીઓનો સામનો કરી શકે તેવો નિશ્ચલ વીર નર પણ એ હતો; અને રાજકીય તેમજ કુદરતી જે જે અડચણો તેને નડી તે બધીની સામે બાથ ભીડી, ખંત અને શ્રમને નીચોવી નીચોવી એ મહાભારત કામ અંતે પૂરૂં કર્યે એ જંપ્યો.


કેરોના ખેદિવ મહમ્મદ સૈયદ પાશાને સમજાવી, અંગ્રેજ પ્રજાના દેખીતા વિરોધની સામે થઇ, એ નહેર બાંધવાની મંજુરી મેળવી અને એ સાલમાં જ 'ધ યુનિવર્સલ સુએઝ કૅનાલ કંપની લિમિટેડ' ઉભી કરી.

પ્રથમનાં બે વરસ પ્રાથમિક તૈયારી અને નાણાં મેળવવામાં ગયાં. અરધો ભાગ યુરોપમાંથી ઉઘરાવવામાં આવ્યો અને તેમાંનો ઘણો મોટો ભાગ તો ફ્રાંસે પોતે જ ઉઘરાવી આપ્યો; બાકીનો અરધો ભાગ ખેદિવે પોતે ભર્યો. એ કંપનીના આઠ લાખ શેરો કાઢવામાં આવ્યા હતા. અત્યારે તેનો વહીવટ ૨૧ ફ્રેંચ, ૧ ડચ અને ૧૦ અંગ્રેજ મળીને બત્રીસ ડાયરેક્ટરો કરે છે. એના બાંધકામ પાછળ સોનાના એક અબજ ફ્રાંક અથવા બે કરોડ પૌંડનો ખર્ચ થઈ ચૂકયો છે.


ફર્ડિનાન્ડ દ લેસેપ્સ ભયંકર મુશ્કેલીઓનો સામનો કરી શકે એવો વીર નર હતો. કેરોના ખેદિવે નહેરનું ખોદાણ કરવા માટે પચીસ હજાર મજુરો પૂરા પાડચા હતા. એ બધા મજુરોને ઉજ્જડ રણમાં કામ કરવાનું હતું એટલે તેમને પીવાનું પાણી જ પૂરૂં પાડતાં રોજના પાંચથી છ હજાર રૂપિયા ખર્ચ થવા લાગ્યો. આ ખર્ચથી બચવા મીઠા પાણીની સગવડ કરવાનું કામ સૌથી અગત્યનું થઇ પડ્યું. લેસેપ્સે આ મુશ્કેલી દૂર કરવા કેરોની દક્ષિણે નાઇલ નદીમાંથી એક મીઠા પાણીની નહેર ખોદીને સુએઝની દરિયાઇ નહેર તરફ તેને વાળી. ઇસ્માઇલિયા શહેર પાસે તેમાં દરવાજા જેવી રચના કરી એના બે ફાંટા કર્યાં છે. તેમાંનો એક ફાંટો ઉત્તર તરફ પોર્ટ સૈયદ સુધી અને બીજો ફાંટો દક્ષિણ તરફ સુએઝ સુધી વહ્યો જાય છે. એ મીઠા પાણીની નહેરમાંથી દરિયાઇ નહેરમાં સહેલાઇથી સરકી શકે એવા દરવાજાઓ પણ અમુક અમુક અંતરે ગોઠવેલા છે.

રાતા સમુદ્રમાંથી સુએઝના અખાતમાં પેસતાં જ સુએઝની આ જગવિખ્યાત નહેરનો આરંભ થાય છે. ત્યાં નહેરની ડાબી બાજુએ પોર્ટ તોફિક નામનું બંદર આવેલું છે અને એ બંદરની બાજુમાં જ પોર્ટ ઇબ્રાહિમ નામનું ઘાસલેટનુ એક બીજું બંદર આવેલું છે, જેની બાજુમાં દરિયાકિનારા ઉપર ઘાસલેટ શુદ્ધ કરવાની અનેક મીલો ઊભી કરવામાં આવેલી છે, કારણકે એની પાછળના પ્રદેશમાંથી ખનીજ તેલ મળી આવે છે.

સુએઝના અખાતમાંથી નહેરની સફર શરૂ કર્યા પછી ૧૦--૧૧ માઇલના અંતરે, એ નહેર અને રેલવેનું શાલુફા નામનું સામાન્ય સ્ટેશન આવે છે. મીઠા પાણી-ની નહેરમાંથી વહેતાં પાણીની ગતિ નિયમિત રાખવા માટેની દરવાજાની ગોઠવણ ત્યાં આગળ જ કરવામાં આવેલી છે. વળી પૂરાઇ ગએલી પ્રાચીન નહેરમાં બગીચો પણ અહીં જ બનાવવામાં આવેલો છે. એ સ્ટેશન પછી લિટલ બિટર નામના સરોવરનો આરંભ થાય છે. એ સરોવરની ઉત્તર દિશાએ કાબ્રેટ પાસેના સાંકડા ભાગને સામે કાંઠે કોલસાનો ભંડાર રાખવામાં આવેલો છે, જ્યાંથી એ નહેર ગ્રેટ બિટર નામના બીજા સરો-વરમાં પ્રવેશ કરે છે. એ બંને સરોવરો એકબીજાને સળંગ જોડાએલાં હોવાથી તેમની એકંદર ૨૩ માઇલ-



સુએઝની સંયોગીભૂમિમાં આવેલાં ત્રણ સરોવરોનો લાભ લઇને તેમના સોંસરી કાઢેલી સુએઝની નહેરનો નકશો



સુએઝની નહેરના ભૂમધ્ય સમુદ્રના મુખ પર આવેલા પોર્ટ સૈયદના બંદરમાં યુરોપની વહાણવટું ખેડનારી બધી કંપનીઓની ઑફિસો તેમજ નહેરની કંપનીની મુખ્ય કચેરી આવેલી છે. તેને સામે કાંઠે દેખાય છે તે કંપનીના ૨૦૦૦ કારીગરો તથા ૧૦૦ નાવિક અફસરોના નિવાસ માટે ખાસ વસાવેલું પોર્ટ ફાઉદનું બંદર.

ની લંબાઈ નહેરને મળે છે. તેની ઉત્તરે ડેવરસોઇર Deversoir નામના સ્ટેશન આગળથી ફરીને ખોદેલી નહેરનો આરંભ થાય છે અને ૧૦–૧૧ માઇલ આગળ ગયા પછી લેઇક ટીમશા નામના ત્રીજા સરોવરમાં એ નહેર પ્રવેશ કરે છે. અહીં રસ્તામાં સેરાપીઅમ Serapium નામના સ્થળ આગળ રેતીના ઘણા ઊંચા ડુંગરામાં થઇને નહેર કાઢવામાં આવેલી છે. ટીમશા સરોવરની પાંચ માઇલની લંબાઇમાંથી નહેર પસાર થયા બાદ ઉત્તરે ઇસ્માઇલિયા નામનું શહેર વસાવેલું છે, જે સમગ્ર નહેરની લંબાઇના બરાબર મધ્ય ભાગે આવેલું છે. અહીં સુધીની નહેરની ૫૦ માઇલની લંબાઇમાં સુએઝનો અખાત અને એ ત્રણે ય સરોવરોનો ભાગ જતાં બનાવટી નહેર તો ભાગ્યે જ ૨૦ માઇલથી સહેજ વધારે લંબાઇની ખોદવી પડી છે. અને આ સગવડને લીધે જ ઇજનેર લેસેપ્સે ખોદકામનો આરંભ પણ સુએઝ તરફથી જ કર્યો હતો.

ટીમશા સરોવરના ઉત્તર તરફના કિનારેથી આગળ વધીને નહેર ફરી પાછી અલ્લજીસર પાસે ૫૦ થી ૬૦ ફૂટ ઊંચાઇના રેતીના ડુંગરા સોંસરી ખોદવી પડી છે. ત્યાંથી પછી બાલાહ (Ballah) નામના પૂરાઇ ગએલાં ખાબોચિયાં જેવા ભાગને પડખેપડખે થઇને મેન્ઝાલા (Menzaleh) નામના દરિયાકિનારાની પાછળના સરોવરના કિનારેકિનારે લઇ તેને ભૂમધ્ય સમુદ્ર ઉપર પેલ્યુસીઅમ (Pelusium) અખાતમાં ઉતારવામાં આવેલી છે.

ભૂમધ્ય સમુદ્ર આગળ આવેલા એ નહેરના મુખમાં પેસતાં ડાબે કિનારે આફ્રિકા, એશિયા અને યુરોપની પંચરંગી પ્રજાથી વસેલું પોર્ટ સૈયદ નામનું બંદર આવેલું છે અને જમણે કિનારે નહેરમાં કામ કરનાર કામદારો માટે પોર્ટ ફાઉદ નામનું નવું બંદર વસાવવામાં આવેલું છે.

આખી યે નહેરમાં સેરાપીઅમ અને અલજીસર એ બે જ સ્થળે ઊંડું ખોદાણકામ કરવું પડેલું છે. તેમાં પણ અલજીસર પાસે જ ૫૦–૬૦ ફૂટની ઊંડાઇએ ખોદતાં તળીએ ચોરોડીના પત્થરના ખડકો મળેલા હતા; બાકી કોઇ પણ સ્થળે પત્થર મળ્યો નહોતો.

તેના બંને તરફના પુશ્તા (Jetties)ની લંબાઇ

લક્ષમાં લેતાં સુએઝની નહેરની લંબાઇ એકંદર ૧૦૪ માઇલ જેટલી ગણાય. પણ પોર્ટ સૈયદથી પોર્ટ તોફિક વચ્ચેનું સીધું અંતર તો ૮૮ માઇલ જેટલું છે. તેમાં ૧૪ માઇલ સરોવરોનાં પાણીમાં ખોદાણ કરવું પડેલું હતું અને ૮ માઇલના અંતરમાં જરા ય ખોદાણ કરવું પડેલું હતું નહિ એટલે આખી યે નહેરમાંથી ૬૬ માઇલ જેટલી લંબાઇમાં જ ખોદાણ કરવું પડેલું હતું. જમીન પણ ખડક વિનાની, માટી અને રેતીવાળી હોઇ ખોદાણ-કામ હાથે થઇ શકવું સરળ હતું.

મૂળ તો એ નહેરનો આખો યે રસ્તો દરિયાની સપાટીથી નીચાણમાં આવેલો હતો; અને અત્યારે જ્યાં સરોવરો જોવામાં આવે છે, તે પણ મીઠું પકવવાના અગરો જ હતા. ત્યાંના પાણીમાં સામાન્ય દરિયાના પાણી કરતાં ત્રણગણું મીઠું હતું, કારણકે દરિયાઇ પાણીની સપાટી ઉપર ઝડપથી બાષ્પભવન થાય તેના કરતાં આ સ્થળે વધારે પ્રમાણમાં બાષ્પભવન થતું હતું. એ બધા અગરો દરિયાની સપાટીથી ઘણા નીચાણમાં આવેલા હતા એટલે એ નહેર તૈયાર થઇ ગયા પછી ૧૮૬૮ના ફેબ્રુઆરી માસથી ભૂમધ્ય સમુદ્ર તરફથી પાણી એમાં વહેવાદીધું અને ૧૮૬૯ના જુલાઇ માસથી રાતા સમુદ્ર તરફથી પાણી એમાં વહેવા દીધું ત્યારે તે વરસના ઑકટોબર માસની આખરે એ આખી યે નહેર પાણીથી ભરી શકાઇ; અને અગરના નીચાણવાળા ભાગો સરોવરના સ્વરૂપમાં બદલાઇ ગયા.

નહેર ખુલ્લીમૂકાયા પછી પંદરેક વર્ષે તેનો ઉપયોગ ખરો વધવા લાગ્યો. પ્રથમ તો નહેરમાં વહાણો માત્ર દિવસે જ ચાલતાં. નહેર પસાર કરતાં ૩ દિવસ જેટલો વખત લાગતો તેથી એ નહેરમાંથી વહાણો રાત્રે પસાર કરવા સારૂ નહેરના કિનારે બત્તીઓ કરવાની અથવા પસાર થનાર વહાણ ઉપર તેજસ્વી દીવાઓ રાખવાની વ્યવસ્થા વિચારાઈ. આ ઉપરથી વહાણના આગલા તુતક ઉપર પ્રકાશનાં કિરણો પાંચ અંશનો ખૂણો કરે એવી રીતના બે અત્યંત તેજસ્વી દીવાઓ મૂકાયા કે જેથી ૧૩૦૦ વારના અંતરે કિનારા ઉપર સ્પષ્ટ જોઇ શકાય અને મુસાફરી નિશ્ચિંત તેમજ સુખરૂપ કરી શકાય.


જેમજેમ વધુ વહાણોએ નહેરનો ઉપયોગ કરવા માંડ્યો તેમતેમ એમની સગવડ વધારવાની ફરજ પણ



◘ સૌને આમંત્રણ આપતું હોય એવી અદાથી હાથ લંબાવીને પોર્ટ સૈયદમાં નહેરના નાકા આગળ જ ઊભેલું ફર્ડિનાન્ડ દ લેસેપ્સનું આ પૂતળું, 'જગતની સર્વ પ્રજાઓ માટે સુએઝની નહેર ખુલ્લી છે' એ તેની વિશિષ્ટતાને તાદૃશ કરે છે.

◘ ઇસ્ટ ઇન્ડિયા કંપનીનો હિંદમાંનો અધિકારી ટૉમસ વાગહૉર્ન અને ફ્રેન્ચ ઇજનેર લેસેપ્સ એ બંને સુએઝના માર્ગનો ઉપયોગ કરવાની પ્રથમ હિમાયત કરનારા હતા. માત્ર એનો ઉપયોગ કરવાની પદ્ધતિ એ બંનેની ભિન્નભિન્ન હતી. વાગહૉર્ન આગગાડીનો હિમાયતી હતો, લેસેપ્સ નહેરનો હિમાયતી હતો. ઇંગ્લંડે પણ પોતાના માણસની હિમાયત પ્રમાણે કરવામાં કાંઇ મણા રાખી નહિ. એણે એ રસ્તે ટપાલ લઇ જવાની શરૂઆત છેક ઈ. ૧૮૩૭થી કરી દીધેલી. નહેર તો ઇ. ૧૮૬૯માં ખુલ્લી મૂકાઇ પણ ટપાલ તો રેલવે રસ્તે જ જાય એવો આગ્રહ ઇંગ્લંડે ઠેઠ ૧૮૮૨ની સાલ સુધી ચાલુ રાખ્યો. અંતે સ્થળમાર્ગ કરતાં જળમાર્ગ સોંઘો હોવાનો નિશ્ચય થયો ત્યારે જ ઇંગ્લંડે એ જીદ છોડી, અને ત્યાર પછી જ નહેરનો વિકાસ થયો.

◘ કંપનીના ડાયરેક્ટરોએ જ્યારે પોર્ટ સૈયદના બારામાં ઊંચી વેદી ઉપર લેસેપ્સનું પૂતળું ઊભું કરવાનો ઠરાવ કર્યો ત્યારે તેણે પોતાના વિરોધી, પણ એ વિરોધ કરવામાં યે પરોક્ષ રીતે પોતાના કાર્યમાં મદદ કરનાર ટૉમસ વાગહૉર્નનું ઉત્તમાંગ (bust) પણ પોર્ટ તોફિકના બારામાં મૂકવાનો ઠરાવ કરાવ્યો. એ રીતે નહેરના બંને મુખ પર એ માર્ગની હિમાયત કરનાર એ બંનેની યાદગીરીઓ જાળવી રાખવામાં આવેલી છે.



રાતા સમુદ્રમાંથી નીકળી ત્રણ સરોવરો વચ્ચે થઇને પસાર થઇ સામે પાર ભૂમધ્ય સમુદ્રને મળતી સુએઝની નહેરનો પ્રાકૃતિક ખ્યાલ આપતો નકશો

નહેરની કંપનીને માથે આવી પડી. વહાણનાં કદ પણ વધતાં જવા લાગ્યાં. આથી નહેરમાં થઇને મોટાં કદનાં વહાણો સરળતાથી પસાર થઇ શકે એવી યોજના પણ હાથ ધરવાની ફરજ પડી. પાણીની સપાટીની નીચે તળિયેથી ખોદકામ કરવાનાં નવાંનવાં સાધનો ઉમેરાતાં જતાં હતાં. આ સર્વે જરૂરિયાત અને અનુકૂળતાનો લાભ લઇને એ નહેરની પહોળાઇ અને ઊંડાઇ વધારવાનો નિર્ણય સને ૧૮૮૭ના અરસામાં કરવામાં આવ્યો. એને પરિણામે અત્યારે એ નહેરની પહોળાઇ ઉપરની સપાટીએ ૪૦૦ થી ૫૦૦ ફૂટ જેટલી છે અને લગભગ ૩૩ ફૂટની ઊંડાઇએ તેની પહોળાઇ ૧૯૬ ફૂટ જેટલી છે. તેમાં ઓછામાં ઓછી એકંદર ૩૦ અને વધારેમાં વધારે એકંદર ૪૩ ફૂટની ઊંડાઈ છે. આને લીધે જે આગબોટોનો પાણીમાં ડુબેલો ભાગ ૩૨ ફૂટથી વધારે હોય તેને એ નહેરમાંથી પસાર થવા દેવામાં આવતી નથી. એ રીતે રાત્રિએ મુસાફરી કરવાની સગવડ મળવાથી, તેમજ નહેરની ઊંડાઇ અને પહોળાઇ વધવાથી કોઈપણ આગબોટ એ નહેર ફક્ત ૧૩ થી ૧૪ કલાકમાં પસાર કરી જાય છે.

નહેર ઉપર આવેલું સુએઝ ગામ ભૂતકાળમાં મિસર અને પૅલેસ્ટાઇનના હાજીઓનું બંદર તેમજ બદુઇન ટોળીઓનું ગુજરી ભરવાનું શહેર હતું. આજે તો એ બંને પ્રકારો જોકે લગભગ અદૃશ્ય થઈ ગએલા છે. પણ નહેરને લીધે વેપારધંધો સારી રીતે વધ્યો છે. મીઠા પાણીની નહેરથી તેનો પ્રદેશ પણ વધારે ફળદ્રુપ બન્યો છે.

નહેરમાંથી નીકળતા ગાળને મુખ ઉપર ઠાલવીને તેથી થએલી જમીન ઉપર પોર્ટ તોફિક નામનું કંપનીનો વ્યવહાર વ્યવસ્થિત રાખનાર બંદર બાંધવામાં આવેલું છે. સુએઝની નજદીકમાં જ ખનીજ તેલનો જથો મળી આવવાથી તેલના ઉદ્યોગને સગવડ આપવા ખાતર પોર્ટ ઇબ્રાહીમ અસ્તિત્વમાં આવ્યું છે.

ટીમશા સરોવર ઉપરનું ઇસ્માલીઆ શહેર મહમ્મદ સૈયદ પાશા પછી તેની ગાદીએ આવનાર તેના ભાઇ સુલતાન ઇસ્માઇલ પાશાના નામ ઉપરથી વસાવવામાં આવેલું છે. એ શહેરમાં નિવાસસ્થાન રાખીને જ લેસેપ્સે એ નહેરનું બાંધકામ કરાવેલું હતું. ત્યાં ભૂમધ્ય સમુદ્રના કિનારા પરની પ્રજાઓ તેમજ અરબ ને મિસરીઓની સારી વસ્તી છે. મીઠા પાણીની નહેરનું તેમજ રેલવેનું જંકશન હોવાથી એ શહેર વધારે અગત્યનું ગણાય છે. નહેરનું રક્ષણ કરનારી લશ્કરી છાવણી પણ ત્યાં જ રહે છે.

પૅલેસ્ટાઇનથી મિસર જવાના માર્ગ ઉપર નહેરને કાંઠે કૅન્ટારા નામનું એક ગામડું આવેલું છે. ગયા મહાયુદ્ધ વખતે નહેરનો બચાવ કરવા માટે ત્યાં લશ્કરી છાવણી ગોઠવવામાં આવેલી હતી.

નહેરના મુખની ડાબી બાજુએ આવેલા પોર્ટ સૈયદમાં યુરોપની વહાણવટું ખેડનારી બધી કંપનીની ઑફિસો, તેમજ નહેરની કંપનીની મુખ્ય ઑફિસ આવેલી છે. તેને સામે કાંઠે કંપનીના ૨૦૦૦ કારીગરો અને ૧૦૦ નાવિક અફસરોના નિવાસ માટે પોર્ટ ફાઉદ નામનું એક ખાસ નવું શહેર વસાવવામાં આવેલું છે.

સુએઝ કૅનાલ કંપનીને ત્રણ કામ મુખ્ય કરવાનાં હોય છે. પહેલું તો નહેર પૂરાઇ ન જાય તેને માટે કાયમ તળિયેથી ગાળ કાઢી સામે કિનારે ફેંકી દે તેવા રાક્ષસી યાંત્રિક ઊંટડાઓ વડે નહેરની ઊંડાઇ અને પહોળાઇ વહાણવટાને યોગ્ય રાખવાનું છે. બીજી

ફરજ આગબોટોને નહેર વાટે સરળતાથી પસાર કરાવી દેવાની છે. તેને માટે ૧૦૦ નાવિક અફસરોની તાલીમ પામેલી ટુકડી નિભાવવામાં આવે છે અને પ્રત્યેક આગબોટને નહેરમાંથી પસાર કરી દેવા માટે બે જણની જોડી નીમાય છે જે ટીમશા સરોવરમાં ઇસ્માઇલિયાને સામે કિનારે આવેલા સ્થાને બદલાય છે. ત્રીજી ફરજ એ નહેર વાટે પસાર થતાં વહાણોની તથા તેમાંના મુસાફરોની તેમજ માલની નોંધ રાખવાની છે.

કંપની દરેક મુસાફર પાસેથી ૧૦ સોનાના ફ્રાંકનો વેરો લે છે; પણ તે ઘણુંખરું આગબોટની ટિકિટમાં સમાઇ ગએલો હોય છે તેથી તે કર આગબોટ પોતે જ ભરી દે છે. માલ માટે એક ટન ઉપર ૫$\frac{3}{4}$ સોનાના ફ્રાંક અને વહાણ તરતું રાખવા માટેના નીરમ તરીકે ભરેલા વજન ઉપર ૨$\frac{3}{4}$ સોનાના ફ્રાંક વેરો લેવામાં આવે છે. મુસાફરીની ટિકિટની માફક આ વેરો પણ માલના નૂરના ભાવમાં જ સમાઇ જાય છે.

શીશીના ગળા જેવા આ સાંકડા ભાગમાં થઇને આજ ૫૦ વહાણવટું ખેડનાર કંપનીઓ પોતાનો વહીવટ ચલાવે છે. તેમાં બે મુખ્ય છે: એક બ્રિટિશ ટૅન્કર કંપની ૧,૫૦૦,૦૦૦ ટન જેટલો અને બીજી પી. ઍન્ડ ઓ. કંપની ૨,૦૦૦,૦૦૦ જેટલો વ્યવહાર ચલાવે છે. શાંતિ તેમજ યુદ્ધના સમયે સર્વ પ્રજાને આ નહેરનો ઉપયોગ કરવાની છૂટ હોવાથી તેનું રક્ષણ કરવાની જરા યે કિલ્લેબંધી કરવામાં આવેલી નથી.

આ નહેર ૯૦ વરસના પટે બાંધવાની શરતે દ લેસેપ્સને પરવાનગી આપવામાં આવી હતી. તે પ્રમાણે તેનો પટો ઇ.સ. ૧૯૬૮માં પૂરો થાય છે. હવે તેનો નવેસરથી પટો આપવો કે એ નહેર ઇજિપ્તની સરકારે ખરીદી લેવી એનો નિર્ણય વહેલી તકે થઇ જવો જોઇએ, કારણકે એવા નિર્ણય વિના વધારે મૂડી એ નહેરની ખીલવણી પાછળ રોકવાનું સાહસ કરી શકાય નહિ. મૂળ તો એ નહેર વ્યાપારિક સરળતાની ખાતર યોજવામાં આવેલી હતી, પણ અત્યારે ઇંગ્લંડ અને ભૂમધ્ય સમુદ્ર પરની પ્રજાઓ એ નહેરનો ઉપયોગ પોતપોતાનાં સંસ્થાનો તેમજ વેપારના રક્ષણ ખાતર કરવા માગતી હોવાથી એ નહેરનો વ્યવસ્થાનો પ્રશ્ન રાજકીય બનતો જાય છે. એટલે પૂર્વ અને પશ્ચિમનો સંબંધ જાળવી રાખવા માટે એનું અસ્તિત્વ અત્યારે તો અગત્યનું થઇ પડેલું છે.

મોહનલાલ પંચોળી

જ્ઞાનલીલા

ગયા અંકના પ્રશ્નો સાથે તેના ઉત્તર મોકલવાની ચોક્કસ તારીખ અપાઇ નહોતી. વળી લાંબે ગાળે નવા શરૂ થતા આ વિભાગ માટેના નિયમો પણ નવા વાચકોની જાણ સારૂ ફરી આપવાની જરૂર છે. એટલે પહેલા અંકના પ્રશ્નોનો મુદતનો બાધ દૂર કરીને તેના ઉત્તરો આ માસના પ્રશ્નોના ઉત્તરો સાથે અપાય એટલી છૂટ રાખી છે. બંનેના ઉત્તરો એપ્રિલની ૧૫મી સુધીમાં કુમાર કાર્યાલયમાં તંત્રીને સરનામે મળી જવા જોઇએ. સામાન્ય નિયમો નીચે મુજબ છે: (૧) બધા ઉત્તરો પોસ્ટકાર્ડ કે કવરમાં સ્વચ્છ અક્ષરે લખેલા હોય, અને ઉત્તરો સાથે બીજા કોઇ વિષયનું કે કાર્યાલયનાં બીજાં ખાતાંને લગતું કાંઇપણ લખાણ કે નકામું પિષ્ટપેષણ ન હોય; (૨) પત્ર કે કવર ઉપર 'જ્ઞાનલીલા' એટલું લખેલું હોવું જોઇએ; (૩) પરિણામ માટે તંત્રીનો નિર્ણય છેવટનો ગણાશે; (૪) ઇનામ ગ્રાહકને જ મળશે; માટે ઉત્તરો સાથે ગ્રાહકનંબર અવશ્ય લખવો.

નવા સવાલ


(૧) એક ફળ વેચનાર પાસે નારંગી અને મોસંબીની જુદી-જુદી છ ટોપલી હતી, જેમાં અમુકમાં નારંગી અને અમુકમાં મોસંબીની ૫,૬,૧૨,૨૯,૧૪ અને ૨૩ની સંખ્યા હતી. આ સંખ્યામાંની કઈ સંખ્યાની ટોપલી વેચાવી જોઇએ કે જેથી ફળ વેચનારના કહેવા પ્રમાણે બાકી રહેલાં ફળોમાં મોસંબી કરતાં નારંગી બમણી થાય ?

(૨) એવું તે શું છે જે મળે નહિ ત્યાંસુધી આપણે તેને ઝંખ્યા કરીએ ને મળે ત્યારે આપણને ખબરે ન પડે ?

(૩) એવા કયા ત્રણ આંકડા છે જેમને ચાર વતી ગુણતાં જવાબ ૫ આવે ?

(૪) શાંતિ કરતાં તેના બાપની ઉમર જ્યારે ત્રણગણી થાય ત્યારે તેઓ શાંતિને એક ઘોડો લાવી આપવાના હતા. હમણાં શાંતિ ૧૨ વરસનો છે ને તેના બાપા છે ૫૫ વરસના, ત્યારે શાંતિને ઘોડો ક્યારે મળવાનો ?

(૫) બાજુના ચિત્રમાં બતાવ્યા પ્રમાણે એક મધપૂડામાં નવ માખીઓ એવી રીતે બેઠેલી કે કોઈ પણ બે માખી એક બીજીને આડી, ઊભી કે તીરકસ લીટીમાં મળતી ન હતી. છેવટે કંટાળો ચડતાં




એમાંની ત્રણ માખીઓએ પોતાના ખંડ બદલાવ્યા અને છતાં પણ કોઇ બે માખી આડી, ઊભી કે તીરકસ લીટીમાં અન્યો-ન્યને મળી શકે એમ ન હતી. તો કઇ ત્રણ માખીઓએ કયા ખંડોમાં સ્થાન લીધું હશે?

(૬) ત્રણ બાપ અને ત્રણ દીકરા મળી ચાર કેવી રીતે થાય?

(૭) "સિંહથી રજ પણ આઘો રખળી હારડો દીવાન ચિકાર હતો." દેખીતું આ સંપૂર્ણ વાક્ય નવ જંગલી જાનવરોનાં નામોથી જ બનેલું છે. તમો તે શોધી શકશો?

આપણે બોલી કેમ શકીએ છીએ?



શ્વાસથી આપણે જીવન ટકાવી શકીએ છીએ એટલું જ નહિ પણ આપણી સૂંઘવાની શક્તિ પણ એને લીધે છે. ઉપરાંત, તમે એ નહિ જાણતા હો કે આપણી શ્રવણશક્તિનો મદાર પણ તેની ઉપર છે; કારણકે આપણા શ્વાસમાં લેવામાં આવતી હવા માથાની બંને બાજુએ આવેલી યુસ્ટેકિયન નળીઓમાં જઇ કાનના પડદા પછવાડેની હવાનું જે પ્રમાણસર દબાણ જાળવે છે તેને જ લીધે આપણે સાંભળી શકીએ છીએ.

પણ જીવન ટકાવવા જેટલું જ શ્વાસનું બીજું મોટું કર્તવ્ય તે આપણને અવાજ કાઢવામાં મળતી તેની મદદ. વાતચિતની આપણી શક્તિ શ્વાસોચ્છ્વાસ ઉપર જ અવલંબી રહેલી છે.

ખરી રીતે આપણી શ્વાસનળીનો ઉપલો ભાગ (larynx) જ અવાજ ઉપજાવવાનું કામ કરે છે. આપણે તેને સ્વરપેટી કહીએ. એ સ્વરપેટીમાં શ્વાસનળીના અસ્તર સાથે જોડાએલી એક આળી ચામડી હોય છે. એક સ્થળે એ, બે બાજુ રહેતી પાંખડીઓ જેવી બની રહે છે. પાંદડાં કે રબ્બરની પિપુડીઓમાં બને છે તેમ, અવાજ ઉપજતી વખતે આ બંને પાંખડી એક-બીજાની તદ્દન લગોલગ આવી જાય છે, અને તેમની વચ્ચે રહેલી સાંકડી જગ્યામાંથી અવાજ નીકળે છે. જ્યારે આપણે નથી બોલતા ત્યારે તે પાંખડીઓ છુટી રહી શ્વાસને જવા આવવાનો રસ્તો મોકળો કરે છે.

આ પાંખડીઓ સ્વરતંતુઓ (vocal cords) કહેવાય છે. તેઓ એકબીજાની લગોલગ આવતાં તેમની વચ્ચે રહેતા તદ્દન સાંકડા પોલાણમાંથી પસાર થતી હવાનાં આંદોલન ઉપજે છે અને તેને લીધે અવાજનાં મોજાં ઉત્પન્ન થઇ આપણા હોઠ દ્વારા બહાર ફેલાય છે. અવાજની તીવ્રતા (pitch)નો આધાર આ સ્વરતંતુઓ પર આવતા ખેંચાણના પ્રમાણ પર હોય છે. જેમ તે ખેંચાણ વધુ તેમ અવાજ વધુ તીવ્ર.

ચૌદ વર્ષની વયે પહોંચતાંવેંત છોકરાંઓની સ્વરપેટી કદમાં વધી જાય છે અને સ્વરતંતુઓની લંબાઇ પણ વધે છે. એ વયે અવાજને ઠરડાતો બનાવનાર પણ આ જ ફેરફાર છે. આ ફેરફાર ચાલુ હોય ત્યારે બહુ ગાવાની મૂર્ખાઇ ન કરવી જોઇએ, કારણ તેથી સ્વરપેટી બગડવાની ધાસ્તી રહે છે.

બોલવાની સારી છટા અને સંગીતનો આધાર આ સ્વર-પેટી અને મોઢાની ઉઘાડવાસના યોગ્ય કદ અને આકાર પર રહે છે, અને એ વાત આપણા કાબુની હોઈ કોઈપણ માણસ વાક્છટા અને સંગીતમાં તો ધાર્યા મુજબ પોતાના ગળાને કેળવી શકે છે. જન્મ-બહેરાં માણસો જે બોલી નથી શકતાં તેઓ પણ આ સિદ્ધાંત પ્રમાણે પોતાની વાચા કેળવી શકે.

આપણે જે જુદાજુદા સ્વરો ઉચ્ચારી શકીએ છીએ તે બોલતી વખતે થતા મોંના અમુક ફેરફારોથી જ. એવા મુખ્ય સ્વરો બોલતી વેળા મોંના જે ફેરફારો કરવા પડે છે તે આ ઉપરના ચિત્ર પરથી સમજાશે. વ્યંજનો તો દાંત અને જીભના વપરાશથી જ ઉચ્ચારી શકાય છે. આ જાણ્યા પછી, ફુરસદને વખતે, હળવે રહીને ખૂબ ધીમેધીમે, એક પછી એક મૂળાક્ષરો બોલતાં જતાં મોં, હોઠ અને જીભમાં થતા જતા ફેરફારોનું નિરીક્ષણ કરવું ઠીક થઇ પડશે. (World of Wonder)



જીવનનું પરોઢ

હિંદીઓમાં નવજીવન પ્રકટાવનાર મહત્તાના ઘડતરની કથા

૩. ઓતાબાપા

ઓતાબાપા એ ઉત્તમચંદ ગાંધીનું ટૂંકું નામ. જ્યારેજ્યારે મને મારા દાદાજી પાસેથી પૂર્વજોની વાતો સાંભળવાનો પ્રસંગ મળ્યો છે ત્યારે-ત્યારે એમણે પોતાના દાદા ઓતાબાપાની અને પોતાના કાકા કબાકાકાની વાતો બહુ ભાવપૂર્વક સંભળાવી છે. એમનું બેસવુંઊઠવું, દિનચર્યા, ચતુરાઈ વગેરે ઝીણી-ઝીણી વિગતો સાંભળતાં મને કદી ધરવ નથી થયો. સાંભળતાં સાંભળતાં ઘણી યે વાર તો એમ થઇ આવે કે આજે પણ તેમનું અસ્તિત્વ હોત અને આખું કુટુંબ એવી સંયુક્ત રીતે રહેતું હોત તો કેવો આનંદ આવત. પણ વધુ વિચાર કરતાં જ્યારે જોઉં છું કે વિશાળ કુટુંબનો વિકાસ બાપુજીએ આશ્રમ રૂપે કર્યો છે ને તેમાં ઉછરવાનું સદ્‌ભાગ્ય મને મળ્યું છે ત્યારે હું પોતાને વધુ ભાગ્યશાળી દેખાઉં છું.

કહે છે કે ઓતાબાપા આજાનુબાહુ હતા. સીધા ઊભા રહે તો તેમની હથેળી ગોઠણ સુધી પહોંચતી. આ લક્ષણ મહાપરાક્રમી પુરુષોનું મનાય છે. તેમનું કપાળ પણ ઝગારા મારતું અને કાચોપોચો તેમની સાથે વાતો કરવા જાય તો થોથરાવા લાગે એવી તેજસ્વી તેમની આંખો હતી. ગાંધીઓએ હાટડી ચલાવેલી, રજવાડાની નાનીમોટી નોકરીઓ પણ કરેલી પરંતુ પ્રધાનને પદે પહોંચવા જેટલો પુરુષાર્થ પહેલવહેલો ઓતાબાપાએ જ પ્રગટ કર્યો જણાય છે.

કુમાર વયે ઓતાબાપા એમના કાકા દમન ગાંધી પાસે ધંધો રોજગાર મેળવવા કુતિયાણેથી પોરબંદર આવ્યા. રાજ્યમાં દમાકાકા દફતરી હોઇ તેમની લાગવગ સારી, એટલે થોડા પ્રયત્ને તેમણે ઓતાબાપાને મીઠી માંડવીનો ઇજારો અપાવી દીધો. મીઠી માંડવી એ સામુદ્રિક જકાત લેવાનું નાકું હતું. પોરબંદરનો દરિયાઇ વેપાર એ દિવસે પણ ઓછો ન હતો. રાજ્ય તરફથી વેપારી માલ પર અને ઉતારૂઓના સામાન પર દાણ ઉઘરાવવું એ સાધારણ જવાબદારીનું કામ ન ગણાય. ઓતાબાપાને હજી મૂછનો દોરો માંડ ફૂટ્યો હતો, છતાં તેમણે એ કામ પૂરી હોશિયારીથી સંભાળી લીધું. વળી પોતાની પ્રગતિ સાધવા વખત મેળવી દમાકાકાની કચેરીમાં જઇ દફતરીનું કામ પણ શીખવા લાગ્યા. એ કામનો પણ એટલો અનુભવ લઈ લીધો કે પછી તો કાકા આરામ કરે અને પોતે જ કાકાનું નાનું મોટું કામ પતાવી દે. એક વાર એવું બન્યું કે રાણાસાહેબ વિક્રમાજીએ દમાકાકાને કામ પ્રસંગે બોલાવ્યા. તેઓ તો કચેરીમાં હાજર ન હતા, પણ ઓતાબાપા તેમની ગાદી પર બેઠા હતા. બીજું કોઇ હોત તો રાણાસાહેબનું તેડું આવતાં દોડીને મૂળ અધિકારીને બોલાવી લાવત, પણ ઓતાબાપા સાહસી હતા. દમાકાકાને બોલાવવા જવાને બદલે તેઓ પોતે જ રાણાની સન્મુખ જઇને ઊભા ને સલામ કરી નમ્રતાથી પૂછ્યું 'મારા કાકા તો બહાર ગયા છે, પણ કામ હોય તો મને બતાવો; હું યે આપનો સેવક જ છું. કામ પૂરૂં પાડવા બનતું કરીશ.' છોકરાની ચતુરાઇ, બોલવાની ઢબ અને હિંમત ઉપર રાણાસાહેબ મોહ્યા. અનુભવી અમલદારને કરવાનું કામ આ નવાસવા યુવકને સોંપ્યું અને તેણે પૂરી કુશળતાથી કરી આપ્યું. સોંપેલું કામ સરસ રીતે પાર પડેલું જોઇ રાણાસાહેબની ઓતાબાપા પર શ્રદ્ધા જાગી. વળતે દિવસે ફરી રાણાસાહેબે ઓતાબાપાને દરબારગઢમાં બોલાવ્યા અને કહ્યું: 'ઓતા, એક કપરૂં કામ છે; છે તારી હિંમત?'

ઓતાબાપા: એવું તે શું છે કે જે આપને પ્રતાપે ન થાય?

રાણાસાહેબ: માધવપુરનો ઇજારદાર આડો થયો છે. આપણને નબળા જાણી લેખવતો નથી. ઉપરાઉપર ભરણાં ખાલી જાય છે. તેને પાંસરો કરવો છે.

ઓતાબાપા: એમાં શું? હું જાઉં માધવપુર.

રાણાસાહેબ: પણ તું કેમ કરીશ એ તો કહે?

ઓતાબાપા: એ બધું જોયે ખબર પડે. આપના

આશીર્વાદે ફત્તે જ થવાની. મારા વાંસા પર હાથ મૂકીને એટલે બેડો પાર. મારે ક્યાં આપણેજ કરવું છે? આપને નામે કરવું છે ને? એટલું કહી ઓતાબાપા રાણાસાહેબને પગે લાગ્યા. રાણાસાહેબે માથે હાથ મૂકી આશીર્વાદ આપ્યો. બાપા તૈયાર થઇ માધવપુર તરફ રવાના થયા.

એ સમયે હજી અંગ્રેજી અધિકારનો કાઠિયાવાડમાં પ્રવેશ જ થતો હતો. કાઠિયાવાડનાં અનેક રજવાડાં એક સમ્રાટના દોરમાં સાવ નહોતાં આવી ચૂક્યાં. જૂનાગઢ અને જામનગર જેવાં જબરદસ્ત રાજ્યો પોરબંદર જેવાં નબળાં રાજ્યો ઉપર હુમલાઓ કરી તેને છિન્નભિન્ન કર્યે જતાં હતાં. પોરબંદર રાજ્યમાં ટક્કર ઝીલવાની શક્તિ રહી ન હતી. તેનો અમલ ઘટતોઘટતો ગણ્યાંગાંઠ્યાં ગામડાંમાં જ પુરાઇ રહ્યો હતો. જૂનાગઢનાં કેટલાંક ગામોમાં ફક્ત ઉઘરાવી ખાવાને તેની પાસે છુટકછુટક પટ્ટીઓ રહી હતી, એટલું જ નહિ પણ માધવપુર જેવા ધીકતા બંદરમાં પણ દાણ ઉઘરાવી ખાવા પૂરતો જ હક્ક પોરબંદર માંડ સાચવી રહ્યું હતું. જૂનાગઢની હૂંફે સામુદ્રિક જગતનો ઇજારદાર એમાં પણ આંખ આડા કાન કર્યે જતો હતો. આ પરિસ્થિતિમાં રાણાસાહેબે ઓતાબાપાને માધવપુર મોકલ્યા. બાપાએ દીર્ઘદૃષ્ટિ વાપરી જૂનાગઢ રાજ્ય સાથે વિષ્ટિ આદરી અને છુટકછુટક ગામડાંમાં ઉઘરાવી ખાવાનો દિવાની હક્ક છોડી દઇ માધવપુરથી પોરબંદર સુધીની દરિયાકાંઠાની સળંગ પટ્ટીમાં આવેલ બધાં ગામડાં અને જમીનના પૂર્ણ હક્કોનું પોરબંદર રાજ્ય માટે લખત કરાવી લીધું. એ વખતે તો એ આખો પ્રદેશ રેતાળ અને ખારી ઊસર જમીનવાળો હતો. પણ બાપાએ રાજ્યના દફતરમાં નોંધ કરેલી હજુ પણ મળી આવે એમ છે કે 'ભાદર નદીનો બંધ બંધાય તો આ આખી જમીન સોનાનો પાક આપે.' અને થયું પણ તેમજ. તે દિવસે સિત્તેર એંશી રૂપિયાની ઉપજનાં ગણાતાં ગામડાં આજે પોણોપોણો લાખની ઉપજ આપે છે, અને એ જ સંધિને પ્રતાપે આજે પોરબંદર રાજ્ય પહેલા વર્ગનું રાજ્ય રહ્યું છે. દિવાની હક પણ જેને પૂરો ન હતો તેની પાસે આજે સ્વતંત્ર સ્ટેટના પહેલા વર્ગના પૂરેપૂરા હકો છે.

માધવપુરની વિષ્ટિ આટલી સફળ રીતે ઓતાબાપા પાર ઉતારી આવ્યા એ જોઇ રાણાસાહેબે તે જ વખતે એમને દિવાનગીરીનો પોષાક આપ્યો. દિવાનગીરીની એ જવાબદારી જુવાનીમાં પગલાં માંડતા ઉત્તમચંદ ગાંધીએ છેવટ સુધી પોતાની બુદ્ધિમત્તા, પ્રતિભા, સત્યપ્રિયતા અને બહાદુરીથી એકધારી રીતે સંભાળીને દીપાવી તથા પોતાના વંશજોને ઉદાત્તતાનો પાઠ ભણાવ્યો.

રાણાસાહેબ ઝાઝું નહોતા જીવ્યા. એમના પછી કુંવર સગીર હતા એટલે બધી સત્તા રાણીના હાથમાં હતી. પણ આખો કારભાર ઓતાબાપા જ ચલાવતા. રાજ્ય અને પ્રજાના હિતમાં બાપાને ઘણી વાર રાણીની હાએ હા ભેળવવી પાલવતી નહિ. ખુશામતમાં ન પડતાં કળે બળે તેઓ પોતાને સાચું અને કલ્યાણકારી લાગે તે જ કરતા.

આવા જે એક પ્રસંગમાં તેઓએ મોતને નોતર્યું હતું એ પ્રસંગ તો સુપ્રસિદ્ધ છે. ખીમો કોઠારી રાજ્યનો ખજાનચી અને ભંડારી હતો. કહે છે કે રાણીની દાસીઓને તે મોકળે હાથે ન આપતો તેથી દાસીઓ રાણીના કાન તેની સામે ભંભેર્યા કરતી. એક વાર કોઠારી પર કંઇક આકરો આક્ષેપ મુકાયો અને રાણીએ તેને બાંધી લાવવાનો હુકમ કર્યો. કોઠારી દોડીને બાપાને શરણે આવ્યો ને જીવતદાન માગ્યું. બાપાએ આપ્યું. રાણીએ બાપાને રૂબરૂમાં બોલાવી ખીમાને સોંપી દેવા ફરમાવ્યું. બાપાએ એમ ને એમ તેને સોંપવાની ના પાડી અને રાણીને રીતસર કેસ ચલાવવાની વિનતિ કરી. રાણીએ તે ન માન્યું અને બળાત્કારે કોઠારીને લઇ જવાની ધમકી આપી. બાપા મક્કમ રહ્યા. ચાર છ દિવસની વાટાઘાટને અંતે રાણીએ લશ્કરી ટુકડી બાપાના મકાન પર મોકલી અને પછી ઘર તોડવા તોપ મોકલી. પોરબંદરી પાકા પથરાનું મજબૂત બાંધણીનું ઘર અને કિલ્લા જેવો દરવાજો. દરવાજે બાપાના અંગરક્ષક આરબોની નાનકડી ટુકડી. આરબોએ બાપાને કહી દીધું કે અમારા બધાનાં માથાં વધેરાયા પછી જ આપને કોઈ હાથ અડાડી શકશે. બાપાએ બહારની રક્ષા તેમને સોંપી ઘરમાં બધી તૈયારી કરી. સત્યને ખાતર સંતોષપૂર્વક હોમાઇ જવાને ઉપસ્થાન માંડ્યું. ઘરની વચ્ચોવચ્ચ પોતે બેઠા. પડખે એ સમયે ઉપસ્થિત પાંચે દીકરા, મા અને આઠમા કોઠારીને બેસાડ્યા. બધાને સત્ય ખાતર હસતે મોઢે બલિ થવાનો ઉપદેશ આપ્યો. બહારથી તોપના ગોળાએ ધડાધડ જાડી દિવાલમાં બાંકોરાં પાડ્યાં. અંદર ઇશ્વરનું સ્મરણ

અને સત્ય પર દૃઢ રહેવાની અભ્યર્થના ચાલી. ઇશ્વરને એ આખા વંશનું બલિદાન લેવું ઉચિત ન લાગ્યું. ઉત્તમચંદ બાપાને તો સ્વપ્નેય કલ્પના નહિ હોય કે બળ વિનાનો છતાં અણનમ રહેવાની અને સત્ય ખાતર મરવું પડે તો મરવાની જે તૈયારી મેં કરી છે તેનો વિકાસ મારો પૌત્ર સાર્વજનિક સત્યાગ્રહના રૂપમાં કરશે અને તેમાંથી જગત પરિવર્તન અને ધર્માભ્યુદય થશે. પણ ઇશ્વરને તો તેની ખબર હશે જ. એટલે કંઇ પણ બૂરૂં પરિણામ આવે તે પહેલાં પોરબંદરની ધમાલના ખબર રાજકોટ જઇ પહોંચેલા એટલે એજન્સી વચ્ચે પડી અને રાણીને બળાત્કાર કરતી અટકાવી.


આ ખટપટ પછી બાપાએ પોરબંદર છોડયું ને કુતિયાણા આવી પોતાનું ઉત્તરજીવન શાંતિ અને ભક્તિમાં પસાર કર્યું. કુતિયાણા જૂનાગઢ તાબાનું એટલે પોરબંદર છોડી આવેલા બાહોશ મંત્રીને નવાબે નોતર્યા. બાપા જૂનાગઢ ગયા; પણ તેમણે નવાબને ડાબે હાથે સલામ કરી અને જમણો હાથ પોરબંદરને સમર્પણ કર્યાનું કહી પોતાની એકનિષ્ઠા પ્રગટ કરી. નવાબના આવા અપમાન માટે તે દિવસોમાં ભારે સજા થાય, પણ નવાબને એ એકનિષ્ઠા પ્રત્યે આદર ઉપજ્યો. ભરદરબારમાં નવાબે બાપાનાં વખાણ કર્યાં અને બક્ષિસરૂપે બાપાને અને તેના વારસોને પેઢી દર પેઢી કુતિયાણામાં વગર જકાતે દુકાન ચલાવવાનો રૂક્કો લખી આપ્યો.

કુતિયાણા જઇને બાપાએ કંઇ ખાસ પ્રવૃત્તિ રાખી ન હતી. ઘોડેસવારીનો શોખ પહેલેથી જ બહુ હતો. એક સરસ ઘોડી રાખેલી તે પર રોજ આસપાસ દૂર સુધી ફરી આવતા અને બાકીનો સમય કથાકીર્તનમાં ગાળતા. કહે છે કે બાપાની અને તેમની ઘોડીની સેવા મારા પ્રપિતામહ જીવણલાલબાપાએ ખૂબ ભાવ ને મહેનતથી છેવટ સુધી કરેલી. જીવણ ગાંધી ઓતાબાપાના ચોથા દીકરા. વગર જકાતે દુકાન ચલાવવાના જૂનાગઢના રૂક્કાનો લાભ પણ કુતિયાણામાં દુકાન નાખી એમણે ઓતાબાપાની સેવા દરમ્યાન લેવાય તેટલો લીધો.

અમારૂં કુળ મૂળે પુષ્ટિમાર્ગી વલ્લભ સંપ્રદાયનું હોવાથી અમારે ત્યાં કૃષ્ણભક્તિ વિશેષે હોવી જોઇએ, પરંતુ બાપાને પોરબંદરના એક ખાખી સાધુ પર શ્રદ્ધા હતી. એ બાવાઓને સારૂ બાપાએ એક ખાખીચોક પણ કરાવ્યો હતો. ખાખી રામનો અનન્ય ઉપાસક હતો. તેના સત્સંગથી બાપા પણ ભારે રામ ઉપાસક બનેલા. ઉત્તરવયમાં તેઓ દિવસનો મોટો ભાગ તુલસીની રામકથાના શ્રવણ અને તેના અનુશીલનમાં વીતાડતા.

બાપાનો ભક્તિરસ ઉપલકિયો ન હતો પણ જીવનના ઊંડાણમાં તે ઊતરી ગયો હતો એ ખીમા કોઠારીવાળા પ્રસંગમાં તેમણે બતાવેલી સત્યપ્રિયતા અને બલિદાનવૃત્તિ તે ઉપરથી જેમ દેખાય છે તેમ તેમણે બીજા એક પ્રસંગમાં બતાવેલી અલોભ વૃત્તિ અને નિર્મળતાથી પણ સ્પષ્ટ થાય છે. પોરબંદરમાં તેઓ પ્રધાન હતા ત્યારે તેમનો પગાર વરસ આખાનો બે હજાર કોરી હતો. એ ઉપરાંત સીધું, શાકભાજી વગેરે બધું દરબારગઢમાંથી જ મળતું. એ કંઇ વધારે ન ગણાય; તોપણ રિવાજને વશ થઇ બાપાએ પોતાના બે મોટા દીકરા વલ્લભજી અને પીતાંબરના વિવાહ કર્યા ત્યારે ભારે જમણવાર કર્યો. દીકરા પરણાવવામા જ ભારે પુરુષાર્થ રહેલો હોવાની એ વેળાની માન્યતામાંથી ઓતાબાપા મુક્ત ન હતા. તેમણે એ પુરુષાર્થ પણ ટોચે પહોચાડચો. આખા ગામની ચોર્યાસી કરી, અર્થાત્ ગામ આખાને જમાડયું. ગામને દરવાજે ચોખા ચોડી ગરીબગુરબાં સૌને ભોજનનું આમંત્રણ આપ્યું. તે ઉપરાંત સાત દિવસ સુધી ફુલેકાં ચડયાં. રાણાસાહેબ પોતે મોખરે ચાલ્યા. મારા દાદા કહે છે કે એવી ભવ્ય નાત અને ફુલેકાં બાપાના વખત પછી આજ સુધી કોઇ કરવા નથી પામ્યું. ઓતા બાપા રાજ્યના માનીતા મોટા દિવાન એટલે પ્રજાએ વધાવામાં નજરાણું પણ ખૂબ આપ્યું. થએલા ખરચ કરતાં એ કંઇ ઓછું ન હતું. સામાન્ય માણસ તો એથી ફૂલાઈ જાય અને ધનને પોતાની તિજોરી ભેગું કરે, પણ બાપાએ લગનનું કામ પૂરૂં થતાંની સાથે બધું ધન રાણાને ચરણે ધર્યું અને કહ્યું 'આ આપની પ્રજાનું જ ધન છે. આપને જ પ્રતાપે હું ચોર્યાશી કરી શકયો છું. આ ધન આપ સ્વીકારો.' રાણાએ ગદ્‌ગદ થઇ ફરમાવ્યું: 'ધન તીજોરીમાં નાખો અને ચોર્યાશીનું બધું ખરચ રાજ્ય ખાતે લખી ખાતું સરભર કરી દો. તમારા દીકરા એ મારા જ દીકરા છે.' આ પ્રસંગ પરથી કલ્પી શકાય છે કે દિવાનની સત્તા ભોગવતાં છતાં બાપામાં નમ્રતા હતી, ધનલોલુપતાનો અભાવ હતો અને નિષ્કામ કર્મ તરફ જીવનનો ઝુકાવ હતો. એ આજાનુબાહુ હતા એટલું જ નહિ પણ ખરેખર મહાપુરુષ હતા.

(ચાલુ) **પ્રભુદાસ છગનલાલ ગાંધી**



સારસનો માળો

વનવગડાનાં વાસી

સારસ અને તેનાં સગાં

મારી ખાતરી છે કે સ્વરાજ આવશે ત્યારે આપણે ગુજરાતીઓ ભારે મુંઝાવાના.

એ વખતે પંજાબીઓ અને સિંધીઓ કહેશે કે અમારી પ્રાન્તીય અસ્મિતા દર્શાવવા અમારો વિશિષ્ટ રાષ્ટ્રધ્વજ આપો. એમાં અમે તો અમારા સુવર્ણકેશી ગરુડરાજને બેસાડીશું. અવધવાસીઓ પણ આવો જ દાવો કરીને એમના પ્રશસ્ય લગ્ગડને આગળ ધરશે. લીલાં મરી ચાવવાથી જેમનાં ગળાં ઉલ્લસિત થયાં છે એવાં હારીત (લીલાં) કબૂતરોને ધ્વજાગ્રે સ્થાપવાનો આગ્રહ મલબારીઓ કરશે.

અને ગુજરાતીઓ ? . . .

પાટણવાડો કહેશે કે ગુજરાતની સાર્વભૌમ સત્તાનો પિતા તો હું. મારે તો કુકડો જોઇએ. એ તો મારા સિદ્ધરાજનો પ્રિયવયસ્. પણ ભલા માણસ, તમારા પાટણવાડામાં વળી કુકડો કયે દિવસે દેખ્યો છે? એ તો આબુ અને ઇડરનાં જંગલમાં થનારો. તમારે એની સાથે શી લેવાદેવા ?

બીજા વળી કૃષ્ણ ભગવાનના ગરુડની વહારે ધાશે. પણ કૃષ્ણ સાચા ગુજરાતી ક્યારના ? ત્યારે શું કરવું?

માઇ માનો તો ગુજરાતીઓએ સારસને ધ્વજમાં સ્થાપવો જોઇએ. કુકડો ગાઢ જંગલનો જ રહેનારો: એટલે એ સર્વવ્યાપી ગુજરાતી પંખી ન ગણાય. ગરુડમાં તો આપણો ધોળવો અને રાવળ. એ ય ઓછાં ઓજસવાળા. પણ સારસ તો અસલ ગુજરાતી. એક તો એ સર્વવ્યાપી પંખી: સ્થળેસ્થળ—નદીનાળાં, તળાવ-કાંઠા એનાથી વિભૂષિત. વળી ભારતવર્ષના અન્ય પ્રાંતોમાં એ બબ્બેની બેલડીએ દેખાય: ઉત્તર ગુજરાતમાં એ દ્વન્દ્વચર છતાં ટોળે મળીને પણ ફરે. પાંચપચીસ કે વખતે સો-બસો એકઠાં ચરતાં હોય કે ખેતરમાં રાતવાસો કાઢતાં હોય. એનો માથાપુર ઊંચો દેહ,* એનો આછો નીલ વર્ણ, એની ગૌરવવંતી ધીમી મનોહર ચાલ, કર્કશ છતાં પ્રફુલ્લ કરનારો એનો ગંભીર ગર્જના જેવો અવાજ, એના ઉડ્ડયનનો અવ્યાહત પણ શાંતવેગી પ્રવાહ અને એમના અવિભક્ત આત્માની સદૈવ પ્રણયોન્મુખી પ્રવૃત્તિ; એની આસપાસ ગુંથાએલું કથા અને કાવ્યનું આલ્હાદક વાતાવરણ;— આ બધું એને ધ્વજાગ્રે સ્થાપવા માટે ઓછું છે? એની તોલે આવે એવું બીજું કોઇ તો ગુજરાતનું પંખી બતાવો.

અને ગુજરાતને ખોળે સારસની આ મહત્તા હું નવી જ ગાઉં છું એમ નથી. બસો વર્ષ પહેલાં પણ આ જ સ્થિતિ હતી. સારસનાં ટોળાંથી ગુજરાતની રસાળ ભૂમિ ઊભરાઇ જતી: એની રમણીય હરિયાળી દેહલતાને શોભાવનાર મુક્તાદલની ગરજ, એની સાબર અને સરસ્વતીના કાંઠે ફરતી અસંખ્ય સારસપંક્તિઓ સારતી.[1]

તમે Crane શબ્દ સાંભળ્યો હશે. સારસ એ જાતનું પંખી. એનું અંગ્રેજી નામ Sarus Crane.[2] આપણે ત્યાં એમને સારસ કે સાળેસડાં કહે છે. અમદાવાદની આસપાસ એ 'ડાગ્રાં' નામે પણ ઓળખાય છે.

* એ રીતે સારસ, ભારતવર્ષના સમગ્ર પંખીસમાજમાં મોટામાં મોટું પંખી છે.

૧ જુઓ હીરસૌભાગ્યકાવ્ય:

मुक्तालताङ्कैश्च निजोपकण्ठश्रेणीभवल्लक्ष्मणपक्षिलक्षैः ।

૨ વૈજ્ઞાનિક અભિધાન Megalornis Antigone.

શિયાળામાં એકાદ તળાવકિનારે જાઓ. ત્યાંનો પંખીસમાજ જુઓ. કોઇ પાણી પર તરતાં હોય છે, કોઇ પાણીમાં ઊભાં હોય છે, થોડાંક કિનારે કે કાદવમાં દોડાદોડ કરી હોય રહ્યાં છે. જળચર પંખીઓના આવા વ્યવહાર ઉપરથી પક્ષિવિદ્યાવિશારદોએ એમના બે વર્ગ પાડ્યાઃ (૧) તરનારાં અને (૨) પાણી ખૂંદનારાં.

તરનારાં એટલે Natatores: એમને પગે જાળ હોય,—આંગળાં વચ્ચેથી સંધાએલાં કે આંગળાની નીચે જાડો ચામેડા જેવો ચામડાનો ગઠ્ઠો--lobes; એ એમનાં હલેસાંની ગરજ સારે. આવાં પંખી તે આડચો કે બતક, હંસ, ભગત, જળકુકડી વગેરે.

ખૂંદનારાં એટલે waders. એમના પગ સ્વાભાવિક રીતે જ લાંબા, પીંછાં વિનાના. આ ખૂંદનારાંને પણ સ્વભાવભેદે બે અવાન્તર વિભાગમાં વહેંચી શકાયઃ (અ) માત્ર કિનારે કિનારે ફરનારાં અને આછા નીડા પાણીમાંથી કે કાદવમાંથી આહાર શોધનારાં અને (આ) પાણીમાં ઊતરી, એમાં ફરતાંફરતાં આહાર શોધનારાં. આમાં અ વિભાગનાં પંખીઓને Non-perching waders કહે છેઃ અર્થાત એમના પગની રચના જ એવી છે કે (એમને પગે પાછળનું આંગળું અપૂર્ણ હોવાથી) એ વડે એમનાથી કંઈ પકડી જ શકાતું નથી, જેથી એ ઝાડ પર બેસી શકતાં નથી અને આખી જિંદગી જમીન ઉપર જ ગાળે છે. તથા આ વિભાગને perching waders અર્થાત ઝાડ પર બેસી શકે એવા પગવાળાં 'ખૂંદનારાં' પંખી કહે છે. અ વર્ગમાં આવે સારસ, ~~વકતીતીતી,~~ વગેરે; આ વર્ગમાં બગલાં[1], ઘૅાંકડા[2], ચમચો[3], કાંકરોળી[4] વગેરે આવે.

આ રીતે સારસ એ non-perching wader પંખી છે. એ ઝાડ પર બેસી શકતું નથી એટલે એના માળા હમેશાં જમીન પર જ હોય છે. સ્વાભાવિક રીતે જ જળચર પંખીઓ ચોમાસામાં માળા બાંધે છે. સારસના માળા પણ ચોમાસામાં—ઑગસ્ટ, સપ્ટેમ્બર, ઑક્ટોબર કે ક્વચિત નવેમ્બરમાં—જડે છે. ડાંગરની ક્યારી વચ્ચે કે નદીના થળિયા પર, સરાણમાં કે પાણી ભરેલા ખેતરની વચ્ચોવચ્ચ ટેકરા ઉપર, લાકડીઓ અને ડાંખળાં એકઠાં કરી, મોટા ચાર છ ફૂટનો માળો બાંધી એમાં એ ઇંડાં મૂકે છે. જમીન પર માળો છતાં એ નિર્ભય હોય છે. રાતદિવસ ખેતરોમાં ફરનારાં તેથી એવાં હેવાયાં થઇ જાય છે કે માણસની પણ એમને બીક નથી રહેતી. અને એક વખત માદા ઇંડાં સેવવા બેઠી કે પછી કોઇ ચોપગાની પણ તાકાત નથી કે ત્યાંથી એને ખસેડી શકે. ઇંડાંમાંથી બચ્ચાં નીકળે કે તરત માબાપ સાથે ચરવા નીકળી પડે. એમના માળા જમીન પર હોવાથી બચ્ચાં નિરાધાર દશામાં રહે તે ન પાલવે. તેથી જ કુદરતે તેમને જન્મતાં વેંત રસ્તે પડવાની શક્તિ બક્ષી છે.

સારસ સ્વભાવે વનસ્પતિ ભક્ષક. ચણાના પોપટા, કૂણાં મૂળિયાં વગેરે એ ખાય; સાથે સાથે કાદવ કે પાણીમાંની જીવાત પણ એને ખપે.

સારસનાં પીતરાઈ એવાં બીજાં બે જાતનાં cranes દર વરસે શિયાળો ગુજરાતમાં રહી જાય છે. એક તો common crane–હિંદી कुल्लम. બીજું Demoselle crane હિંદી करकरा. આ કરકરો, એની આંખ પાછળ લટકતા પીંછાને લીધે તરત ઓળખાય છે.

હવે થોડીક આ વર્ગનાં વૃક્ષેશય–ઝાડ પર બેસી શકે તેવાં પાણી ખૂંદનારાં પક્ષીઓ (Perching Waders)ની વાત.

આપણી ભાષામાં એમને 'બગલાં' એવા સામુદાયિક નામથી સંબોધવામાં આવે છે. * પણ એ વર્ગમાં ત્રણ વિશાળ કુટુંબ સમાયાં છેઃ ૧. Storks અને Open-Bills; ૨ બક જાતિ–Herous અને Egrets; ૩. Spoon-Bills (ચમચો) અને Ibises (કાંકરોળી).

જમીન પર જ રહેનારાં જળચરોમાં તો એકલાં ક્રેન (સારસ અને એનાં પીતરાઇ) ભારે, મોટા દેહવાળાં; બાકીનાં બધાં (ટીટોડી વગેરે) નાનાં, વેંતિયાં જ. પણ ઝાડ પર રહેનારાં તો બધાં યે ભારેખમ શરીરવાળાં. (માત્ર બે ચાર અપવાદ સિવાયઃ અને એ પણ કાગડાથી નાનાં તો નથી જ હોતાં). એમાંનાં જે સારસની પડખે ઊભાં રહે તેવી વિશાળ કાયાવાળાં છે, તે સ્ટૉર્કસ. એની ત્રણ જાતનો ગુજરાતમાં સ્થાયી નિવાસ છે. Painted stork, Black-necked Stork અને White-necked Stork. એમને વિષે આવતા અંકમાં.

(ચાલુ) વનેચર

૧Herons ૨ Storks ૩ Spoonbill ૪ Ibis.

* એમનું વર્ગવાચક નામ Herodiones.

વ્યાયામ અને નગ્નતા

અખાડો

જેની આપણે સૂગ માન્યા કરીએ છીએ એ
વિષયનો વ્યાયામ સાથેનો સંબંધ ચર્ચતો આ માસનો વિભાગ

નિરીક્ષક-શ્રી હરિનારાયણ આચાર્ય

ઘણી વખત મને વિચિત્ર સવાલો પૂછવામાં આવે છે. ક્વચિત્ માત્ર કુતૂહલથી: પ્રસંગે શુદ્ધ જિજ્ઞાસાવૃત્તિથી. આમાંના કેટલાક કેવળ ઉપેક્ષણીય હોય છે. થોડાક અત્યંત મહત્ત્વના અને વિવેચનીય હોવા છતાં સંયોગવશાત્ એની ચર્ચા કરવાની હિંમત નથી ચાલતી. પણ આ વખતે એ દિશામાં થોડો પ્રયત્ન કરી જોઉં.

પૂછનારા નીકળે છે કે

૧ તમે 'નગ્નવાદ'માં માનો છો?

૨ કપડાં પહેરીને કસરત કરવી કે નહિ?

૩ સ્ત્રીથી લંગોટ પહેરાય?

દેખીતા ભેદવાળા આ ત્રણે પ્રશ્નોનો પ્રધાન સૂર એક જ છે: નગ્નતા.

રોમન પ્રજામાં નગ્નતાની સૂગ ન હતી. જાપાનનાં સ્નાનાગારોમાં આજે પણ આબાલવૃદ્ધ સ્ત્રીપુરુષો નિ:શંકપણે નગ્નદશામાં એકઠાં સ્નાન કરે છે. અમેરિકા, જર્મની અને ફ્રાન્સમાં સ્ત્રી-પુરુષ ઉભય સાથે રહી નગ્ન વનયાત્રા અને વ્યાયામ કરે, એવી સગવડ આપનારાં મંડળો નીકળ્યાં છે. આપણા દેશમાં પણ પંજાબમાં અમુક પ્રદેશમાં નદી કે તળાવમાં સ્ત્રીઓ કેવળ નગ્ન દશામાં વિનાસંકોચે સ્નાન કરે છે.

પણ આવી 'નગ્નતા'ની ચર્ચા કરવાનું આ સ્થાન નથી. અહીં તો વ્યાયામ કરતી વખતે નગ્નતા કેટલે અંશે આવશ્યક છે તે દર્શાવવા પૂરતો જ પ્રયત્ન કરવાનો છે. તેમાં યે મૂંઝવણનો પાર નથી. આપણા સાહિત્યમાં પેમલા-પેમલીનાં કાવ્ય, આલંકારિકતાના ઓઠા હેઠળ, ગમે તેવી ગલીચ ભાષામાં લખાય વંચાય છે એમાં કોઈને દોષ દેખાતો નથી; જ્યારે સમાજના સ્વાસ્થ્યને લગતા અત્યંત નિકટના પ્રશ્નોની શાસ્ત્રીય ચર્ચા કરવાનો પ્રયત્નમાત્ર પણ તિરસ્કારપાત્ર થાય છે. એટલે આવા પ્રશ્ન મને ઘણીવાર પૂછાતા છતાં હું એમનો સ્પર્શ પણ કરી શકયો નથી. આખરે ઘણા વિચારને અંતે આજ હું એમાંના એકનું સમર્યાદ વિવેચન કરૂં છું. કહીંક અસ્પષ્ટતા જણાય ત્યાં નથી વાંક મારો કે નથી ભાષાના શબ્દભંડારની ઊણપનો. એમાં તો સભ્યતાના બહાના હેઠળનો આપણી જનતાનો દંભ જ દોષપાત્ર છે.

વ્યાયામ અને નગ્નતા—આ પ્રશ્ન આપણા દેશમાં અત્યંત ગૌણ છે; પણ પશ્ચિમના દેશોમાં એનું સ્થાન મહત્ત્વનું છે. ત્યાંના શીતપ્રધાન ઋતુકાળને પરિણામે ખાતાંપીતાં, સૂતાંબેસતાં—ચોવીસે કલાક શરીરને સુ-આચ્છાદિત રાખ્યા વિના નભતું નથી. એ દશામાં વ્યાયામ કરતી વખતે ચામડીનાં છિદ્રો ઊઘડે ને પરસેવો નીતરે ત્યારે કપડાં અત્યંત પ્રતિકૂળ નીવડે છે. તેમ કપડાં કાઢીને ઉઘાડામાં વ્યાયામ કરવાનું પણ હિતાવહ નથી; કારણકે એવે વખતે કસરતથી ગરમ થએલા શરીર પર અત્યંત શીત પવનની લહેર લાગવાથી નુકસાન થાય. બંધ બારણે ઉઘાડા શરીરે કસરત કરાય, પણ તેમ કરતાં અવરોધ પામેલી અશુદ્ધ હવાનો ગેર-લાભ ઊભો રહે છે. આથી જ આ પ્રશ્ન એ દેશોમાં જટિલરૂપે ચર્ચાય છે.

પણ ભારતવર્ષ તો ઉષ્ણતાપ્રધાન દેશ રહ્યો. અમુક પ્રદેશો બાદ કરીએ તો આપણો શીતકાળ પણ સુસહ છે. એટલે કસરત કરતાં કપડાં પહેરવાનો કોઈનો વિચાર હોય તોપણ બળાત્કારે કાઢવાં પડે છે. નહિતો પરસેવાના ત્રાસને લીધે વ્યાયામ કરવાનું ગોઠતું જ નથી. વળી આપણો પોષાક જ એવો છે કે ઘણાંખરાં અંગો તો ઉઘાડાં જ—અગર બારીક વસ્ત્રથી આચ્છાદિત હોય તો પણ ઉઘાડાં જેવાં જ—રહે છે. અને પ્રજાનો મોટો ભાગ તો ગરીબાઈને લીધે ફરજિયાત અરધો નાગો ફરે છે. એટલે આ દૃષ્ટિએ 'નગ્નતા'ની ચર્ચા સાર્થક નથી.

પણ 'લંગોટ'નો પ્રશ્ન મૂંઝવનારો ખરો. લંગોટ પહેરવાનો રિવાજ ક્યારથી અને શા કારણને લીધે પડ્યો, એનો શાસ્ત્રીય ઉલ્લેખ કહીં પણ જોવામાં નથી આવતો. વ્યાયામના ક્ષેત્રમાં તો પ્રથમ યોગક્રિયા કરનારાની સગવડની દૃષ્ટિએ અને કુસ્તીબાજોના સંરક્ષણને અંગે આ વિશિષ્ટ પોષાકની અનિવાર્યતા જણાઈ હશે. પાછળથી પ્રત્યેક વ્યાયામ-પ્રક્રિયામાં એની આવશ્યકતા

સ્વીકારાઈ હશે. ધાર્મિકોએ તો એથી યે આગળ જઇને 'લંગોટ'ને બ્રહ્મચર્યનું પ્રતિબિમ્બ પણ બનાવી દીધો!

વાસ્તવિક રીતે તો જે વ્યાયામમાં શરીરના જનનેન્દ્રિય (ગુપ્ત અંગો) પર અણઘટતું દબાણ આવતું હોય કે અસાવધાનતાથી નુકસાન થવાનો સંભવ હોય અથવા વ્યાયામક્રિયામાં વિક્ષેપ થવાનો પ્રસંગ હોય તેવે પ્રસંગે જ લંગોટ વિના ચાલે નહિ: પછી તે ભલે પટ્ટી, ત્રિકોણ, ચુસ્ત જાંઘીઓ કે ધોતિયાનો કછોટો પણ હોય. આવી આવશ્યકતા પશ્ચિમના દેશોમાં પણ સ્વીકારાય છે. માત્ર એમના પોષાકમાં ધોતિયા જેવા છૂટા લટકતા વસ્ત્રને સ્થાન ન હોવાથી (જોકે પટ્ટી કે ત્રિકોણ બધાં ધોતિયાનાં જ વામન સ્વરૂપ છે— ત્યાં આપણા લંગોટની ગરજ સારનારાં અન્ય વિશિષ્ટ સાધનો વપરાય છે. જેમકે બૉક્સિંગ કરતાં જનનેન્દ્રિય (ગુપ્ત અંગો)ને ઇજા ન થાય એ અર્થે ઍલ્યુમીનિયમ અગર પ્રેસ્ડ સ્ટીલની 'અંજલિ' જેવું વાસણ પહેરવામાં આવે છે. આવા પ્રકારનાં વિવિધ જાતનાં સંરક્ષણનાં સાધનો પણ યોગ્ય પ્રસંગે વપરાય છે. પણ આ બધાંનો સાર્થક પ્રધાન હેતુ માત્ર અંગરક્ષણ પૂરતો જ છે: નહિ કે બ્રહ્મચર્યનો ભ્રાન્ત ઉદ્દેશ સાચવવા! જે વ્યાયામમાં આવી ઇજા થવાનો સંભવ નથી કે વ્યાયામક્રિયામાં જ્યાં અડચણ આવતી નથી ત્યાં લંગોટની આવશ્યકતા ગૌણ છે. પ્રચંડ શક્તિશાળી આખલા, હાથી, વાઘ કે સિંહ જેવાને વિના આયાસે, વગર લંગોટે જીવનયાત્રા નભાવતા જોઇએ છીએ. વળી વગર લંગોટે, કેવળ નૈસર્ગિક દશામાં કુસ્તી અને વેઇટલિફ્ટિંગ જેવા ભારે વ્યાયામ સાવધાનપણે વગર અડચણે કરી શકાય એવો પણ અનુભવ છે. છતાં વ્યાયામ કરતાં લંગોટ પહેરવાનું નિરર્થક તો નથી જ. જેમને લંગોટ ન પહેરવો હોય તેમને કેવળ ધોતિયાના કછોટાથી પણ નભી શકે. બાકી બ્રહ્મચર્યને નામે લંગોટની મહત્તા વધારવાની વાતો કેવળ વાહિયાત છે.

લંગોટની આવશ્યકતાને અનિવાર્ય માનનારાઓ એક ખાસ દલીલ કરે છે તે, લંગોટના દઢ બંધનથી કેડ પરનાં હાડકાં અને માંસપેશીઓ પર જે દબાણ થાય છે તેનાથી થતા વિશિષ્ટ લાભની. પણ આવો કોઇ લાભ થાય છે કે કેમ તેનું પ્રત્યક્ષ પ્રમાણ નથી. દાક્તરોને પૂછતાં આવી જાતના ફાયદાઓનું તેઓ અજ્ઞાન દર્શાવે છે. વળી આવો કોઇ ફાયદો હોય તો આજના જમાનામાં મનુષ્યશરીરને સર્વોત્તમ યંત્ર જેવું કેળવી જાણનાર વિદેશી પ્રજા એનો લાભ લીધા વિના ન જ રહેત.

સ્ત્રીઓને લંગોટની આવશ્યકતા નથી જ. પણ આપણી ઢબનો પોષાક વ્યાયામમાં પ્રતિકૂળ છે તેથી એનો કચ્છ મારવાથી કે ઢીંચણીઆ ચડ્ડી પહેરવાથી વ્યાયામની સુવિધા થશે.

ગુજરાતે ગુમાવ્યું

આખરે પ્રોફેસર રામમૂર્તિને ગુજરાત સંઘરી ન શક્યું. એમના જીવન-પ્રવાહને ગતિમાન કરનાર દક્ષિણ ભારત—સદ્ગત ટિળક મહારાજ. એમની ઉત્તરાવસ્થાનાં ઓસરતાં વહેણને ખાળનાર ઉત્તર હિંદ—પંડિત માલવીયજી. રામમૂર્તિના સામર્થ્યની ખરી પરીક્ષા કરનાર આ બે જણા. એકે વિખરાઇ જતી શક્તિના નિયંત્રણની ચાવી શીખવી: અન્યે કુણ્ઠિત થતી શક્તિને આશ્રય આપ્યો. એ આશ્રયથી આજે પ્રોફેસર રામમૂર્તિ બનારસના હિંદુ વિશ્વવિદ્યાલયમાં સ્વાસ્થ્ય, શક્તિ અને સૌંદર્ય ઘડવાના ક્રીડન-મંદિરમાં આચાર્યપદે નિયુક્ત થયા છે. આમાં ગુજરાતનું સ્થાન ક્યાં? એણે તો હાથ આવેલો હીરો ગુમાવ્યો. હવે શું થાય? -હ.આ.

અથાણું

પ્રોફેસર: પાણીની ફોર્મ્યુલા કહો.

વિદ્યાર્થી: H. I. J. K. L. M. N. O.

પ્રોફેસર: ખોટું

વિદ્યાર્થી: કેમ સાહેબ, કાલે જ તમે કહ્યું હતું કે H. to O.

પ્રમોદ: મારા જેવા ગળાની બક્ષિસવાળા ગવૈયાને તું શું આપે?

વિનોદ: ક્લૉરોફૉર્મ!

મુસાફર: ત્યારે કહો જોઇએ તમારા ગામમાં કોઇ મોટો માણસ જન્મ્યો છે?


ગામડીઓ: ના સા'બ, અહિં બધાંને નાનાં છોકરાં જ જન્મે છે!

મનુ: તું તો ગધેડો છે.

કનુ: તું મોટો ગધેડો છે.

બાપા: છોકરાં, હું અહીં બેઠો છું તેનો ખ્યાલ રાખો.

અજબ સૂરત છે કુદરતની




યુરોપના કિનારા પર મળી આવતી આ માછલી નકશીદાર કોતરેલી પિન જેવી જ લાગે છે




આ કંઇ પાંદડુ ન્હોય; એ તો દીબીપાઇ ટાપુની ખડમાકડી છે



દરિયાઘોડો • માત્ર ત્રણેક ઇંચના કદનો હોય છે, પણ એની ડોક-છટા જમીનના ઘોડાને આબાદ મળતી છે.



જાવાનો કરોળીઓ: તેની વનસ્પતિ જેવી કલગીથી કૈક જીવડાંને ફસાવે છે



ન્યુ ગાયાનાની આ ખડમાકડીના હાથપગ આબાદ હાથલા થોર જેવા હોય છે. અને એ જીવડો છે કે વનસ્પતિ તે સમજવું મુશ્કેલ પડે છે



કુદરતની અજબ સૂરત • સારંગી જેવો આ તીતીઘોડો મલાયાનિવાસી છે.



Hump-backed cricket દક્ષિણ અમેરિકાની આ મુકુટધારી કંસારીને પૂઠે બળદ જેવી ખૂંધ પણ હોય છે.



આ બગલાને ડોક ખંજોળવા પગ સુધી વળ આપવો પડે છે.



ઉત્તર મહાસાગરના સીલપ્રાણીના મૂછો ભલભલા માનવીનો ગર્વ ઉતારે એવી છે.

વીર માતા

કોઇ અજ્ઞાત લેખકના લખાણના પ્રો. મૅક્સ મૂલરે કરેલા અનુવાદ ઉપરથી

૧૮૬૩ના શિયાળામાં ડેન્માર્ક હારે યુદ્ધ મંડાણું ત્યારે દાનનો સંગ્રહ કરવા સારૂ જર્મનીનાં મુખ્ય નગરોમાં દફતર ઉઘાડવામાં આવ્યાં. એ વેળા હામ્બૂર્ગના દફતરમાં જાડાં મોટાં વસ્ત્ર પહેરીને એક ગ્રામીણ સ્ત્રી એક દિવસ આવી, અને શુદ્ધ હૉલ્સ્ટાઇન બોલીમાં પૂછ્યું કે 'શ્લેસ્વિગ હૉલ્સ્ટાઈન સારૂ દાન અહીં લેવાય છે?' એટલે એક મેજ ઉપર જૂનાં કપડાં પડ્યાં હતાં તે મહેતાએ ચીંધ્યાં. પણ બાઇએ મેજ સામું ન જોતાં પોતાની પાસેથી એક જૂનો ચામડાનો બટવો કાઢ્યો, અને સિક્કા કાઢીને કાઉંટર ઉપર તાણીને ગણવા મંડી: 'એક માર્ક, બે માર્ક, ત્રણ માર્ક . . . . . .' એમ કરતાં એણે દસ માર્ક પૂરા કર્યા, અને એની ઢગલી આઘી કરી, મહેતાએ પૂછ્યું, 'આ પૈસા કોની તરફથી આવે છે?'

ડોશીએ કહ્યું, 'મારા તરફથી.' અને વળી એક માર્ક, બે માર્ક, ત્રણ માર્ક કરીને ગણવા મંડી. એમ કરતાં કરતાં દસ દસ માર્કની દસ ઢગલી એણે કરી અને કોથળી ખાલી કરી. પછી એકએક ઢગલી ફરી ગણી જોઈ, ને કહ્યું, 'શ્લેસ્વિગ હૉલ્સ્ટાઇન સારૂ આ સો માર્ક હું આપું છું, તે કૃપા કરીને સૈનિકોને મોકલજો.'

એ વૃદ્ધ ખેડૂત બાઇ ગણતી હતી, ત્યાં કેટલાંક માણસો તેને ફરી વળ્યાં અને તે દફતરમાંથી નીકળતી હતી ત્યાં એને પૂછ્યું 'આ પૈસા કોણ આપે છે?'

'હું આપું છું' તેણે કહ્યું, અને બધા પોતા સામું તાકી રહ્યા છે તે જોઇને તે પાછી વળી, અને હસતાં હસતાં કહ્યું, 'આ બધું શુદ્ધ ધન છે; તે આપણા ધર્મયુદ્ધને હાનિ નહિ કરે.'

મહેતાએ કહ્યું, 'તમારી પ્રામાણિકતાની શંકા નથી, પણ તમારી બચતમાત્ર આમ આપી દીઓ છો તે ઠીક નથી. તમારે કામ પડશે ત્યારે તમે પછી ઊભાં થઇ રહેશો.'

ડોશી થોડીક વાર ચૂપ રહી, પણ હાજર રહેલા બધાનાં મોઢાં નિરખી કરીને એણે કહ્યું, 'એ પૈસા મેં કેવી રીતે મેળવ્યા એમાં કોઇને શી પંચાત? એ પૈસા હું ગણતી હતી ત્યારે કઇક વિચાર મારા મનમાં આવી ગયા. એ બધું તમને ક્યાં કહેવા બેસું? પણ તમે ભલા માણસ દેખાઓ છો એટલે કહું છું. તંગી શી જણશ છે તે હું જાણું છું. ઘણીવાર મને ખાવાનું નથી મળ્યું, અને જેમજેમ હું વધારે ઘરડી થાઉં છું તેમતેમ ખાવાનું મેળવવાનું કઠણ પડવાનું છે એ પણ હું જાણું છું. પણ દયાળુ પ્રભુ આપણી રક્ષા કરે છે. એણે જે દુઃખ મને મોકલ્યું તે સહન કરવાની શક્તિ યે એણે મને આપી છે. તે મને કદાપિ નહિ ત્યજે. મારા વરનો દેહાન્ત થયે અનેક વર્ષ થઈ ગયાં. મારે એક ને એક દીકરો હતો; અને મારો જૉન બળિયો હતો. કઠણ પરિશ્રમ એ કરતો ને એની આ વૃદ્ધ માની સેવા કરતો. ત્યાં તો ડેઇન હારે વિગ્રહ જાગ્યો. જૉનના સર્વ મિત્રો લશ્કરમાં ગયા; પણ તમે જાણો છો કે વિધવાનો એકનો એક દીકરો છુટો હોય છે. એટલે તે ઘેર રહ્યો. એને 'ચાલ અમારા ભેગો' એમ કદિ કોઇ ન કહેતું, કેમકે બધાય જાણતા કે તે શૂરવીર તો છે જ અને વાંસે રહેતાં એને વેદના થાય છે. હું તે બધું જાણતી હતી. લડાઇની વાત નીકળે અથવા મહેતાજી ચોપાનિયું આણે ત્યારે હું એને નિહાળતી. એનું મુખ નિસ્તેજ થઇ જાતું અને એ પોતાનું મોઢું ફેરવી જાતો. એના મનમાં એમ કે મા આ કાંઇ જોતી નથી! પણ એ મને કાંઇ ન કહેતો, ને હું એને કાંઈ ન કહેતી. અરે ભગવાન્, જાલિમને દેશમાંથી કાઢવો એ એટલું કઠણ હશે તે કોણ જાણે? ત્યાં તો ફ્રેડેરિસિયાથી સમાચાર આવ્યા. તે દિ'ની રાત ભયાનક હતી. અમે એકબીજા સામાં ચુપચાપ બેઠાં હતાં. અમારા હૃદયની વાત અમે બન્ને જાણતાં હતાં અને એકબીજા સામું જોવાનું સાહસ નહોતાં કરતાં. છેવટે તે એકાએક ઊભો થયો, મારો હાથ ઝાલ્યો ને બોલ્યો, "મા."

ઇશ્વરનો અનુગ્રહ છે, કે એ સમયે મારામાં શક્તિનો સંચાર થયો. મેં કહ્યું "જૉન, આપણો વખત આવ્યો છે. ભગવાનનું નામ લઇને જા. તારૂં મારા ઉપર કેટલું હેત છે અને તેં કેવું સહન કર્યું છે તે હું જાણું છું. હું એકલી પડું તો મારૂં શું થાય તે ભગવાન

જાણે છે; પણ ઇસુ તને કે મને કોઇને નહિ ત્યજે.'

'જૉન સ્વયંસૈનિક થયો, વિયોગનો દિવસ આવ્યો. પણ હું હાલી લાંબી પરડ કરું છું. એનો નવો ડ્રેસ પહેરીને જૉન મારી આગળ ઊભો. "મા," એ બોલ્યો: "આપણે વિખૂટાં પડીએ તે પહેલાં એક વિનંતિ કરું છું. જો એમ બને કે—" મેં કહ્યું, "જૉન, તારી વાત હું સમજી. હું એકલી હઇશ તહીં રોઇશ, બહુ રોઇશ, પણ મારો યે કાળ આવશે, એટલે આપણે ફરી મળશું, જૉન; અને દેશ મુક્ત બનશે, જૉન, દેશ મુક્ત બનશે."'

એનાં દુ:ખડાંની વાત કરતાં કરતાં ડોશીની આંખમાં આંસુ આવ્યાં; પણ એને તરત અંકુશમાં આણીને એણે આગળ ચલાવ્યું: 'એવી કઠણાઈ આવશે એમ મેં ધારેલું નહિ. જીવને ડુંગર જેવડી આશા હોય છે. છતાં એને જવાની આજ્ઞા આપી એનો મને કદાપિ પસ્તાવો નથી થયો. પછી તો ભયંકર દિવસ આવ્યા. અધૂરામાં પૂરું એમ વાંચ્યું કે જર્મન જ ખૂટ્યા ને દેશ ડેઇનને સોંપ્યો. મેં કહ્યું, ભગવાન, કુકર્મીનો વિજય તથા સાધુજનનો વિનાશ કેમ થાવા દેછ?' નિત્ય સાંઝે હું પ્રાર્થના કરતી કે ભગવાન દેશને મુક્તિ આપે અને અમર મરેલાને ડૅનિશ ભૂમિમાં ન સૂવા દીએ.

અને ફરી યુદ્ધ મંડાય તેમાં લડવા મારે બીજો તો દીકરો ન હતો, એટલે વર્ષો વર્ષ મારાથી બને એટલું હું બચાવતી, અને નાતાલની સંધ્યા ટાણે, જ્યાં મારા જૉન સારુ હું હમેશાં નાનકડી ભેટ મૂકતી તે મેજ ઉપર, હું તે રકમ મારા મોઢા આગળ મૂકતી, અને હું કહેતી કે "ફરી યુદ્ધ જાગશે, દેશ સ્વતંત્ર થાશે, ને મારા એકના એક પુત્ર, મારા જૉન, તું મુક્ત સમાધિમાં શયન કરીશ." અને હવે, સજ્જનો, મેં જાણ્યું કે તે દિવસ આવ્યો છે, મારી પ્રાર્થના ભગવાને સાંભળી છે ને લડાઇ ફરી જાગવાની છે. એટલે મેં મારા પુત્ર સારુ બચાવેલું ધન આણ્યું છે. રામરામ, ભાઇ.' એમ કહીને તે હાલી નીકળી.

ત્યાં કોઇએ કહ્યું, 'ભગવાન કરે ને બાપડી ડોશીની આશા ફળે.' એટલે પાછી વળીને ડોશીએ કહ્યું, 'ભાઇઓ શ્રદ્ધા રાખો. અધર્મનો કદાપિ જય ન થાય. માણસ ભગવાન સામો થઇને કદી ન ફાવે. આજથી જ હું પાછી બચાવવા મંડું છું.'

દેસાઇ વાલજી ગોવિન્દજી

તરંગી માર્કોની (અનુસંધાન પાછળના પૃ.૬૩થી)

વીજળી ઉત્પન્ન કરનારા પ્રવાહક યંત્રમાંથી પ્રસરણ પામીને હવામાં યથેચ્છ વહ્યે જતા તરંગો ઉપર જો કાબુ મેળવી શકાય, અને તેની સંખ્યામાં જરૂર પૂરતો વધારો કરી શકાય તો પછી ધારીએ ત્યાં સંજ્ઞાઓ મોકલવી સરળ થઈ પડે એમ માર્કોનીને લાગેલું, એટલે એ બીજમત ઉપર જ તે આગળ વધ્યો. તે લખે છે કે 'આ વિચાર જેટલો સરળ અને સાદા તર્કવાળો હતો તેટલો જ પહેલી નજરે કોઇને પણ અસંભવિત લાગે તેવો હતો; અને હું ધારું છું કે તેથી જ કોઈ વૈજ્ઞાનિકને એ વિચાર આવ્યો હશે તો યે આવા જ ખ્યાલથી તેને પડતો મૂક્યો હશે.'

ધાર્યા પ્રમાણે તરંગો વધારવામાં તથા તેના પર કાબુ મેળવવામાં તે સફળ થયો એટલે તેણે એ તરંગોના પ્રસરણમાં દખલ કરીને તેને લાંબા અને ટૂંકા ગાળામાં પલટાવવાનો પ્રયાસ ચાલુ કર્યો, જેથી ટેલીગ્રાફીમાં ચાલતી મોર્સની 'ડૉટ' અને 'ડૅશ'ની સંજ્ઞા પ્રાપ્ત કરી શકાય.

તેની મા તેના આ બધા પ્રયાસોનો બારીક ખ્યાલ રાખતી. તેના કામમાં એ પહેલેથી જ રસ ધરાવતી અને તેની નાની શી સફળતાને પણ એ અભિનંદતી. ઘણી યે વખત શાંત રાત્રિઓમાં કડકડતી ઠંડી વચ્ચે પણ માર્કોનીના ખંડ પાસે તેનાં પગલાં સંભળાતાં; પણ થોડીવાર રહી તેને કશી દખલગીરી કર્યા વિના તે શાંતિથી પાછી ચાલી જતી.

૧૮૯૫ના ડિસેંબરની મોડી રાત હતી. દીવા ઓલવી સૂવા જતાં માર્કોનીને પણ તેણે સૂવા જવા કહ્યું બહુ નહિ જાગવાનું માર્કોનીએ તેને વચન આપ્યું. માંડ થોડાક કલાક જ તે ઊંઘી હશે ત્યાં તો પોતાનો ખભો હલાવીને કોઇ જગાડતું હોય એમ તેને લાગ્યું. જાગીને જુએ છે તો હાથમાં મીણબત્તી લઇ ગગ્લિલ્મો ઊભેલો. એની તીવ્ર આંખો આજે વધુ નિશ્ચલ હતી; કપાળ પર લળી આવતાં તેનાં જુલ્ફાં આજે વધુ લળી આવ્યાં હતાં.

'ચાલ મા, જો!' એટલું જ તે બોલ્યો અને તરત જ ડ્રેસિંગ ગાઉન વીંટાળી તેની મા તેની સાથે ચાલી.

ઓરડાના આછા પીળા પ્રકાશમાં એક ખૂણામાં કેટલાંક સાહિત્યો પર તારનું ગૂંછળુ લટકતું હતું. તેના ક્રમાનાંતરે જ તારનાં બીજાં ગૂંછળાં, બૅટરીઓ અને

જસતના સળિયા હતા. બાજુમાં નાનું મેજ હતું જેના પર એક કળ હતી. 'જો, સાંભળજે મા.'

અને માર્કોનીએ એ કળ દાબી. ખંડને દૂરને ખૂણે અવાજ સંભળાયો.

'કમાલ!' તે આનંદથી પોકારી ઊઠી. અને ખરેખર, એ કમાલ કરામત હતી. દૂર પડેલી વિજળીક ઘંટડીને કશા પણ સાધન વિના વગાડી શકવા માર્કોની સફળ થયો હતો. આ પહેલા અખતરામાં તો ત્રીશ ફીટ દૂરના વીજળીક પ્રસરણ પર જ તે કાબુ મેળવી શક્યો હતો.

સફળ ભાવિનાં સોનેરી સ્વપ્નો સેવતાં તે જ રાત્રે તેણે ખરેખરી ઊંઘ લીધી.

હવે તેણે પોતાના વિલાના ચોગાનમાં અખતરા શરૂ કર્યા. ઘરમાં કોઈના જાગ્યા પહેલાં તે ઊઠતો. બરફના પોલ જેવાં પસાર થતાં વાદળાં વચ્ચેથી ઠંડી વરસતી હોય, કે ઉપર ધોમ ધખી રહેલો હોય, પણ માર્કોની તો પોતાના અખતરાઓમાં પરોવાએલો જ હોય. ઘડીમાં કોઇ 'પ્લેટ' દાટવા કોદાળીથી જમીન ખોદતો હોય તો ઘડીમાં કોઇ તાર બાંધવા ઝાડે ચડતો હોય. તેનો બાપ ઘણી વખત તેનાં આ લક્ષણો જોઇ પ્રેમાળ અશ્રદ્ધાથી કહેતો કે 'આમ ને આમ એનું ચસકી જવાનું છે.'

પણ બહારથી સૂમડા જેવો જણાતો માર્કોની મનોમન તો કેટલી યે કલ્પનાઓ દોડાવી રહેતો, મહત્ત્વાકાંક્ષાના કેટલા યે કિલ્લા ચણતોઃ અને તેની એ કલ્પનાઓ—એ મહત્ત્વાકાંક્ષાઓ ઘવાય એટલા કારણસર જ તે બધાથી અતડો રહેતો.

પણ હવે તો કુટુંબીઓમાં કાંઇક શ્રદ્ધા પ્રકટવા લાગી હતી, અને તેના બીજા ભાઇઓ પણ તેને સાથ આપતા. નાનો શો એકાદ ટકોરો મેળવી શકાયો હોય એટલા માટે ઝાડની ઉપર પોતાના મોટા છોકરા આલ્ફોન્ઝોને નાચતો ઘણી વાર જિસેપ જોતો.

માર્કોની પહેલાં તો 'લૉંગ-રેન્જ ઈંડકશન કૉઇલ'થી અખતરા કરતો; પણ પછીથી તેણે રિગીના 'બૉલ ડિસ્ચાર્જર'નો ઉપયોગ કરવા માંડ્યો. તેમાં વેસેલાઇનમાં જુદેજુદે અંતરે મૂકેલા ચાર દડા હતા. દરેકના અંતર વચ્ચેના પ્રસરણ પર કાબુ મેળવવા તેની સાથે તેણે મોર્સ–કીનું જોડાણ કર્યું અને તે સફળ થયો. કીને નીચી દબાવતાં જ જે તેજરેખા (spark) બે દડા વચ્ચે પસાર થતી તેથી 'ડૅશ'ની સંજ્ઞા મોકલાતી. એવી જ રીતે કીને થોડી દબાવી મૂકી દેતાં 'ડૉટ'ની સંજ્ઞા પસાર થતી.

આ પ્રયોગ સફળ થતાં સંદેશા વધુ ને વધુ દૂર લઇ જવા પર માર્કોની મંડ્યો. આખરે માર્કોની એક માઇલ સુધી સંદેશા મોકલવા સફળ થયો. એ દિવસે વિલા ગ્રિફૉનમાં ઉત્સાહ વ્યાપી રહ્યો હતો. આલ્ફોન્ઝોનો આનંદ તો માતો ન હતો, અને નજર બહારના કોઇ અદસ્ય સ્થળેથી કશા પણ આધાર વગર અવાજો આવતા સાંભળતાં વૃદ્ધ જિસેપમાં પણ આશ્ચર્ય સાથે શ્રદ્ધા પ્રગટવા માંડી હતી.

આમ વધુ ને વધુ મંડ્યો રહેતાં ૧૮૯૬માં માર્કોની પોણા બે માઇલ સંદેશા મોકલવામાં સફળ થયો. એ ફતેહે તેની માના આનંદની તો અવધિ આણી. તેણે પુત્રની શોધની સંપૂર્ણ વિગતો આયર્લંડમાંનાં પોતાનાં સગાંઓને લખી જણાવી. ત્યાંથી માર્કોનીને ઘણાં અભિનંદનો મળ્યાં અને તેની શોધનો જાહેરમાં યે ઉહાપોહ થવા માંડ્યો.

હવે તેને ઈંગ્લંડ તરફથી આમંત્રણો મળવા લાગ્યાં. માર્કોનીના બાપે ત્યાં જવાની ના કહેતાં પોતાની મા સાથે માર્કોની ઈંગ્લંડ ઉપડ્યો. ત્યાં તેની માના એક સગા કર્નલ જેમ્સન ડેવિસ (પાછળથી ઇંગ્લડમાં માર્કોની કંપનીના સ્થાપક)ને ત્યાં તેઓ ઊતર્યાં. માર્કોનીની વય ત્યારે બાવીસ વર્ષની હતી.

લંડનમાં તેને મિ. (પાછળથી સર) વિલિયમ પ્રીસની મુલાકાત થઇ. લંડનની જનરલ પોસ્ટ ઑફિસનો તે મુખ્ય ઇજનેર હતો. તેણે એ પ્રયોગો જાહેરમાં કરવા માર્કોનીને આગ્રહ કર્યો.

ત્યાર બાદ થોડાક દિવસ પસાર થતાં જ તેને ગવર્નમેંન્ટ તરફનું O.H.M.S.ના લાલ સીલવાળું એક મોટું પરબીડિયું મળ્યું. એ મિ. પ્રીસ તરફથી જ હતું. તેના અખતરા જાહેરમાં મૂકવા દરેક જાતની સગવડ કરી આપવાની પોસ્ટના બધા ઇજનેરોની તેમાં કબૂલાત હતી. માર્કોની લખે છે કે 'પહેલાં તો એ વાંચી હું બહુ જ રાજી થયો; પણ બીજી જ પળે મને વિચાર આવ્યો કે કદાચ મહાન મેદની સમક્ષ મારો પ્રયોગ નિષ્ફળ જશે તો? અને ધારો કે સફળ થાય તોપણ કદાચ એમ કહેવામાં આવે કે "છોકરા, જે શોધને તું નવીન ગણે છે એ ઇંગ્લંડમાં તો સાધારણ થઇ ગઇ છે તો"? પણ તરત જ મને

મારો ઉઠાવેલો શ્રમ આંખ આગળ તરી આવ્યો ને મારી શોધમાં મારો વિશ્વાસ દૃઢ થયો.'

સેંટ માર્ટિન્સ-લ-ગ્રાન્ડમાંના પોસ્ટ ઑફિસના મકાનમાં તેને અખતરો કરવાનો હતો. રિસીવિંગ સ્ટેશન ટેમ્સ એમ્બૅંકમેંટ પર મૂકવામાં આવ્યું હતું. શહેરના જાણીતા તમામ મહાપુરુષો એકત્ર થએલા. સારામાં સારા પોસ્ટ અને ટેલિગ્રાફના નિષ્ણાતો વચ્ચે તેણે પ્રયોગ શરૂ કર્યો. અજ્ઞાત ભાવિના ખ્યાલથી તેનું દિલ ધડકી રહ્યું હતું.

અને તે સફળ થયો હતો; કારણ કે બીજી જ પળે મિ. પ્રીસનો હાથ તેની પીઠ થાબડી રહ્યો હતો.

૧૮૯૭માં જ લંડનના દીર્ઘદૃષ્ટા વેપારીઓએ ઇટલિ સિવાય બાકીના બધા દેશો માટે માર્કોનીના આ વાયરલેસનું પેટન્ટ મેળવી લીધું.

૧૮૯૯માં તો તેનો સ્ટીમરો પર ઉપયોગ પણ ચાલુ થયો અને એ સાલમાં જ ડૂબતી સ્ટીમર 'ઇસ્ટ ગુડવિન'ને માર્કોનીના બીનતારી સંદેશયંત્રોએ બચાવી!

આજે તો ઇટલિના એ તરંગી છોકરાએ ઉપજાવેલા 'વાયરલેસ સેટ'નો વાડીવિસ્તાર અનેકગણો વધી ગયો છે, અને અવકાશના તરંગો પર સવાર થઇ માનવીનો અવાજ સ્થળ અને કાળના સીમાડા લોપી પૃથ્વીને વીંટાઇ વળે છે. આભારવશ જગતના આશીર્વાદો લેતો એ એક વેળાનો તરંગી છોકરો, આજ પળિયાં આવ્યા છતાં પણ પોતાના એ સફળ તરંગની દિશામાં આગળ ને આગળ શોધો કર્યે જ જાય છે. ('પાસિંગ શો' ઉપરથી)

તૈમુર લંગ.... (અનુસંધાન પાછળના પૃષ્ઠ ૬૯થી)

થોડીવારમાં જ ચિત્કાર સાથે ચિત્તાનું મોં ફાટી ગયું. તેના ડોળા બહાર તરી આવ્યા. તેના મોંમાંથી આખર સમયની નીકળેલી ઊની વરાળે તૈમુરને પરિણામથી જ્ઞાત કર્યો. તૈમુર ઊભો થયો. ચિત્તો હજી તેને શીંગડે જ પરોવાઇ રહેલો.

તૈમુરના વિજયથી ગર્વિત થતા અમે તેને શાબાશી આપવા કૂદકો મારી દોડયા. પણ તેનું શરીર કંપી રહ્યું હતું. અમે ત્યાં પહોંચી શકીએ તે પહેલાં તો થથરાતા પગે તે જમીન પર પટકાઇ પડયો. તેની ચીરાએલી ગરદનમાંથી માથે આવેલા ચન્દ્રના પ્રકાશમાં માંસના લોચા ઝબકી રહ્યા હતા.

અમે તેની પાસે જઇ ઊભા. તેણે એક ડચકું ખાધું બસ, વીરતાભર્યા જીવનનો એ છેલ્લો જ શ્વાસ હતો. બીજી જ પળે સૂકા લાકડા જેમ તૈમુરનું શરીર અક્કડ બની ગયું.

ત્યાં જ તાપણી કરી અમે આખી રાત વિમાસતા બેસી રહ્યા.

દિવસ ઊગ્યો ને ભીખુ ઘેર દોડયો. બાપાજીને તેણે જાણ કરી ને પાછો તૈમુર પાસે આવી પહોંચ્યો. થોડી વારે ચમારો આવ્યા ને ગઇ કાલે તો જેની પીઠ પર બેસી અમે આખું ખેતર ફરી વળ્યા હતા તેને આજે ખાંધે ભેરવી ચમારો લઇ ચાલતા થયા.

અમારી આંખો ભીંજાઇ ગઈ.

(અંગ્રેજી ઉપરથી) **અશોક હર્ષ**

ધંધાર્થી ફોટોગ્રાફરો માટે
આગફાની જંગી ફોટોહરીફાઈ

હિંદુસ્તાન, બ્રહ્મદેશ અને સીલોનના ધંધાર્થી ફોટોગ્રાફરોના લાભાર્થે આગફા કંપનીએ એક નવી જ હરીફાઇ યોજી છે. આ જાતની હરીફાઈ આ પહેલવહેલી જ છે, એટલે તેમાં નવા પ્રકારની મઝા જણાશે. હિંદુસ્તાનમાં ધંધાર્થી કામ કરનારામાં કોણ આગળ તરી આવે છે એ જાણી લેવાને કીમતી ઇનામોની આખી હાર એમણે ખડી કરી છે. તે માટે નીચેના ચાર વર્ગ પાડયા છે. તે પૈકી કોઇ એકમાં નામ દાખલ કરાવી શકાશે: (૧) પોર્ટ્રેટ્સ-તસ્વીરો; (૨) ગ્રૂપ્સ-સમુદાયની છબીઓ; (૩) લૅન્ડસ્કેપ-દેખાવો વગેરે-તેમજ મહાલયોની છબીઓ; (૪) ઉમેદવારની પોતાની કોઇપણ પસંદગીનો વિષય.

આ બધાનાં ઇનામોની કુલ રકમ રૂપિયા ત્રણ હજાર થાય છે. પહેલું જ ઇનામ અઢીસો રૂપિયાનું છે; અને એક સર્વોચ્ચ કામ માટે રૂપિયા સાડા સાતસોનું ઈનામ છે. જે ચારે વર્ગનાં ઇનામ જીતનારાઓની કૃતિઓમાંથી પ્રથમ આવનારને અપાશે. એટલે કદાચ કોઇને પોતાના વર્ગનું ૨૫૦નું અને સર્વોચ્ચ થવાનું ૭૫૦નું ઈનામ મળી રૂા. ૧૦૦૦ પણ મળી જવા સંભવ છે! હરીફાઇ તા. ૧લી જાન્યુઆરીથી ચાલુ થઇ છે અને ૩૧મી મે ૧૯૩૬ સુધી ચાલુ ગણાશે. પછી નીચેનું પરીક્ષકમંડળ તેનો નિર્ણય કરશે: (૧) મિ. એસ. જેપ્સન-તંત્રી ઇલસ્ટ્રેટેડ વીકલી ઑફ ઇન્ડિયા; (૨) મિ. રત્નાગર F.R.P.S.; (૩) મિ. જે. એન. ઊનવાલા F.R.P.S.; અનુક્રમે સેક્રેટરી અને પ્રેસિડેન્ટ, બૉમ્બે પિક્ટોરિયાલિસ્ટસ.



રુડિયાર્ડ કિપ્લિંગ

જગતભરની માનવતાને ઉદ્બોધતા આ પડખેના કાવ્ય 'ઇફ'ના પ્રબોધનાર અંગ્રેજ કવિ રુડિયાર્ડ કિપ્લિંગનું ગયા જાન્યુઆરીની ૧૮મીએ અવસાન થયું.

તમે 'કિમ'ની અંગ્રેજી નવલકથા વાંચી છે? કુમાર જીવનની સાહસોત્સાહભરી અત્યંત રસિક નવલકથા તરીકે એ દુનિયાના સાહિત્યમાં સ્થાન પામી છે. એક ગરીબ ભમતારામ અંગ્રેજ કુમારના આયુષ્યક્રમનું વર્ણન કરતી એ કથામાં હિંદના રાયથી રંક પર્યંતના લોકજીવનનો ઉત્કૃષ્ટ ચિતાર છે. કિમ એ જાણે દુનિયાભરના કિશોરોનો દોસ્ત છે. કિપ્લિંગના કલામંદિરનો એ કળશ છે, અને ભવિષ્યમાં કિપ્લિંગ આ એક જ કૃતિ વડે કદાચ અમર રહેશે.

જોકે એમને વાર્તાકાર તરીકેની જ્વલંત કીર્તિ તો મળી 'જંગલ બુક'ની વાર્તાઓ માટે. 'ટેઇલ્સ ફ્રૉમ ધ હિલ્સ' પણ કુમાર વાચનમાં અગ્રણી ગણાય છે. 'જસ્ટ સો સ્ટૉરીઝ' અને 'પક ઑફ ધ પૂકસ હિલ'માં કિપ્લિંગના કલાપ્રસાદનું એક નવીન દર્શન થાય છે. નાનાં બાળકોને માટે ભૌતિક અને દૈવી પ્રભાવની સુંદર કથાઓ એમાં ગૂંથી છે.

પણ એ પહેલા પ્રકાશ્યા કવિ તરીકે. ગદ્યલેખક તરીકેની એમની કીર્તિ તો પાછળથી જામી. એમનો પહેલો અને મહત્ત્વનો કાવ્યસંગ્રહ તે 'બૅરૅકરૂમ બૅલડ્ઝ' (સૈનિકના રાસા). ૧૮૯૨માં એ બહાર પડયો ત્યારે ઇંગ્લંડમાં વિક્ટોરિયન યુગનાં કાવ્યો અસ્ત દશાએ હતાં. વીસમી

IF

If you can keep your head when all about you
Are loosing theirs and blaming it on you;
If you can trust yourself when all men doubt you,
But make allowance for their doubting too;
If you can wait and not be tired by waiting,
Or being lied about, don't deal in lies;
Or being hated don't give way to hating,
And yet don't look too good nor talk too wise.

If you can dream— and not make dreams your master;
If you can think—and not make thoughts your aim;
If you can meet with Triumph and Disaster
And trust those two imposters just the same;
If you can bear to hear the truth you've spoken
Twisted by knaves to make a trap for fools,
Or watch the things you gave your life to broken,
And stoop and build 'em up with worn out tools.

If you can make one heap of all your winnings
And risk it on one turn of pitch-and-toss
And loose, and start again at your beginnings
And never breathe a word about your loss;
If you can force your heart and nerve and sinew
To serve your turn long after they are gone,
And so hold on when there is nothing in you
Except the Will which says to them: "Hold on!"

If you can talk with crowds and keep your virtue
Or walk with kings —nor loose the common touch,
If neither foes nor loving friends can hurt you,
If all man count with you, but none too much;
If you can fill the unforgiving minute
With sixty seconds' worth of distance run,
Yours is the Earth and everything that's in it,
And—which is more—you'll be a Man, my son!

—Rudyard Kipling

જો

જો, તારી સંગાથના સૌકોઇ પોતાના મગજ ઉપરનો કાબુ ખોઇ બેસે અને તેનો દોષ તારે શિર ઓઢાડે તેવે સમયે પણ, તું તારા મગજ પર કાબુ રાખી શકતો હો;
તારે માટે બધા વહેમાતા હોય ત્યારે એમના એ વહેમને લેખવતો છતાં પણું જો તું તારા આત્મવિશ્વાસને અડગપણે જાળવી શકતો હો;
જો તું ધીરજ ધારણ કરી શકતો હો અને તેમ કરવામાં જરાપણ કંટાળતો ન હો;

સદીના વિશિષ્ટ કાવ્યયુગનો ઉદય હજી થયો ન હતો. આ વખતે પૌરુષયુક્ત હુંકાર કરતી કિપ્લિંગની કવિતાએ સૌને આકર્ષ્યા. બ્રિટિશ સૈનિક, ખલાસી અને યાંત્રિકની ખરબચડી મર્દાનગીભરી બાનીમાં એમનાં જ જીવનનાં ગીત ગાતી એ કવિતામાં આવેશના લોઢ ઊછળે છે. તે પછી 'સેવન સીઝ' અને 'સૉંગ ઑફ ધ ઇંગ્લિશ'માં તો અંગ્રેજ ખમીરના સાભિમાનનું દુર્દમનીય સ્વરૂપ દાખવ્યું છે.

હાડોહાડ અંગ્રેજના ખમીરના ભરેલા અને સામ્રાજ્યભક્તિની જલદ માત્રા ધરાવતા તથા પોતા એ કવિને માટે તટસ્થ પ્રજાઓ પણ પ્રશંસાવચનો કહે છે કે 'એણે ઇંગ્લંડને સામ્રાજ્યનો સાચો અર્થ સમજાવ્યો અને સામ્રાજ્યની આગળ ઇંગ્લંડની સાચી પિછાન રજૂ કરી.'

સંસ્થાનો ઉપરની ઇંગ્લંડની કબજાગીરીને વર્ચસ્વ આપતા 'રિસેશનલ'ના ગીતથી એમને કવિ તરીકે અમર કીર્તિ મળી. ટેનિસન પછી કોઇની કૃતિઓ વધુ લોકભોગ્ય બની હોય તો એમની; અને ઇંગ્લંડના રાજકવિ (પોએટ લૉરીએટ)નું બિરૂદ એમને મળતું મળતું રહી ગયું

છતાં ૧૯૦૭માં એમને સાહિત્યનું વિખ્યાત નોબેલ પારિતોષિક મળ્યું. એ મેળવનાર એ પહેલા અંગ્રેજ સાહિત્યક.

હિંદ જોડેનો એમનો સંબંધ એટલો નિકટ કે એમને થોડેઘણે અંશે હિંદી કહીએ તો પણ ચાલે. એમનાં ઉત્કૃષ્ટ કાવ્યો અને ઉત્કૃષ્ટ વાર્તાઓ બધાં હિંદ વિષે છે. એમનો જન્મ અને જુવાની હિંદમાં. ૧૮૬૫ના ડિસેમ્બરની૩૦મીએ મુંબાઇમાં એમનો જન્મ થયો બાળપણ અને શિક્ષણસમય ઇંગ્લંડમાં વીત્યાં;પણ પછી, એમના ચિત્રકાર પિતા લૉકવૂડ કિપ્લિંગ લાહોર મ્યૂઝિયમના પ્રતિપાળ હતા એટલે, સત્તર વરસની વયે એ ફરી હિંદ આવ્યા અને લાહોરના 'સિવિલ અને મિલિટરી ગેઝેટ'ના તંત્રીખાતામાં જોડાયા. અને ત્યાંથી એમના સાહિત્યજીવનની શરૂઆત થઇ.

'કુમાર'ના સાતમા અંકમાં એમનો નાનકડો જીવનપરિચય આવી ગયો છે.

તારા વિષે ભલે ગમે તેવાં જુઠાણાં ફેલાવાતાં હોય છતાં પણ જો તું પોતે હરગીઝ અસત્યસેવન ન કરતો હો;
બીજાઓ તને ધિક્કારતા છતાં ધિક્કારની એ લાગણીને જો તું ઘોળીને પી જઈ શકતો હો;
અને આ બધું છતાં યે દેખાવમાં બહુ ભલો કે વાતચિતમાં બહુ ડાહ્યો હોવાનો તું ડોળ ન કરતો હો;

જો તું સ્વપ્નસેવી હો છતાં સ્વપ્નોનો ગુલામ ન બનતો હો;
તું મનન કરી શકતો હો પણ માત્ર મનનને જ ધ્યેય બનાવી બેસી ન રહેતો હો;
જો વિજય તેમજ પરાજયને ભેટવા છતાં પણ તું તારા માનસિક સ્થૈર્યને જાળવી શકતો હો;
તારાં ઉચ્ચારેલાં સત્યોને વિકૃત સ્વરૂપમાં રજુ કરી, એ દ્વારા મૂર્ખાઓને ફસાવવાના થતા પ્રયત્નોને જો તું સાંખી શકતો હો;
અથવા જે ચીજોની સિદ્ધિ માટે તેં તારૂં જીવન અર્પ્યું હોય તેને કકડભૂસ થતી જોઇ શકતો હો,—
અને છતાં તરત તારાં હારેલાં હથિયાર સંભાળી લઇ તે સિદ્ધ કરવા ફરી તૈયાર હો;

જો તારી સઘળી પ્રાપ્તિઓ અને સિદ્ધિઓનો ઢગલો કરી દઇને તું ચડતી-પડતીના કોઇ ચક્રાવામાં એ બધું હોમવા ને ગુમાવવા તૈયાર હો;
અને પછી એ નુકસાન ખાતર નિરાશાનો શબ્દ સરખો કાઢયા વિના ફરી એકડે એકથી શરૂ કરીને ઉત્સાહપૂર્વક તું મંડ્યો રહેતો હો;
તારા દેહ અને દિલની બધી શક્તિ ખતમ થઇ ગયા પછી પણ તું જો તારૂં કર્તવ્ય બજાવ્યે જઈ શકતો હો;
અને એમ 'મચ્યે જ જા' એવું પડકારનારા પ્રબલ સંકલ્પબળ વિના તારામાં કાંઇ જ બાકી ન રહ્યું હોય એવે સમયે પણ તું મચ્યો રહી શકતો હો;

જો જનતાની સાથે ભળવા છતાં પણ તું તારાપણું જાળવી શકતો હો, અને મોટા મહારાજાઓના સંબંધમાં આવવા છતાં પણ જનસમૂહથી અળગો ન પડી જતો હો;
જો કટ્ટા દુશ્મનો કે હેતાળ મિત્રો તને કશી ઇજા ન પહોંચાડી શકતા હોય;
જો સર્વ મનુષ્યો તારા સહવાસમાં આવી શકતા હોય છતાંપણ એનો અતિરેક ન થતો હોય;
જો તું તારા વખતનો કડક હિસાબ રાખી પળેપળને કામથી ભરચક રાખી શકતો હો;

તો, હે પુત્ર !

આ આખી યે પૃથ્વી અને તેની અંદરની સઘળી વસ્તુઓ તારી જ છે;
અને—ખરૂં તો એ કે—તો જ તું સાચો સંપૂર્ણ **મનુષ્ય** બનીશ.

(અનુવાદક · ત્રિભુવન વી. હેમાણી)

—રુડિયાર્ડ કિપ્લિંગ



ઊરાશીમા તારો

વર્ષોનાં વર્ષો પહેલાં ઊરાશીમા તારો નામનો એક માછીમાર જાપાનમાં રહેતો. ખભે જાળ ને કેડે લોટનું પડીકું બાંધી તે એક વખત માછલાં પકડવા નીકળ્યો. ત્યાં એક રાક્ષસી કાચબો તેના દીઠામાં આવ્યો. ઊરાશીમા તેની આગળ જતાં તે કાચબાને વાચા પ્રકટી: 'હું તને ઓળખું છું, ઊરાશીમા! હું નાનો હતો અને એકલો ફરવા નીકળેલો ત્યારે કેટલાક છોકરા મને અહીંથી ઉઠાવી ગએલા. મને તેઓ મારી નાખવાની અણી પર હતા, એટલામાં તેં મને તેમની પાસેથી ઝૂંટવી પાછો અહીં મૂકેલો અને કહેલું કે "હજુ તું નાનો છે; માટે એકલા ફરવા ન નીકળીએ." હું એ ભૂલી નથી ગયો ઊરાશીમા!'


'તારી એ મહેરબાની સાંભળી અમારી રાણી કુમારી ઓટોહિમી બહુ ખુશ થઇ છે અને તને રૂબરૂ જોતાં તો વધુ ખુશ થશે. જેવું તેનું રૂપ છે તેવા જ તેના ગુણ છે. તું ચાલ, મારી પીઠ પર બેસી જા. હું તને ત્યાં લઇ જાઉં.'

ઊરાશીમાને તો આમાં કાંઈ સમજણ ન પડી. આ કાચબો વળી કોઈ અજબ પ્રકારનો હતો. એક તો તેનું કદ રાક્ષસી હતું; વળી તેની પીઠ પર કેટલાં યે શંખલાં ને છીપોલાં બાઝેલાં ને બરૂ પણ ઊગી નીકળેલાં.

કાચબો તો કરગરતો જ હતો: 'ઊરાશીમા, ભલો થા! મારી પીઠ પર બેસી જા. રસ્તામાં તને કશી અડચણ નહિ આવે. મહેલ પણ ખાસ તારે જોવા જેવો છે. તેને ત્રણ તો દરવાજા છે અને અંદર કેટલા યે સુંદર વિશાળ ખંડો છે. સોના, ચાંદી, મોતી ને પરવાળે જાણે આખો મહેલ મઢેલો હોયની? અમારી રાણીને હજાર તો દાસીઓ છે. જાણે સાચેસાચું સ્વર્ગ.'

ઊરાશીમાનું મન પલળ્યું. કાચબાનું કહ્યું માની તે તેની પીઠ પર બેસી ગયો ને નાનાં મોટાં મોજાં ઉપરથી સરકતા તેઓ છેવટ એક ઝળહળતા મહેલમાં આવી પહોંચ્યા.

મહેલના દીવાનખાનામાં બેઠેલી કુમારી ઓટો-



કાચબાનું કહ્યું માની તે તેની પીઠ પર બેસી ગયો, અને નાનાંમોટાં મોજાં પરથી સરકતા તેઓ એક ઘણા જ સુંદર મહેલમાં આવી પહોંચ્યા.

હિમીએ ઊરાશીમાને આવકાર આપ્યો. તે એટલી તો શરમાળ હતી કે આવકારનાં બેચાર વચન બોલી ત્યાં પોતાના ઝભ્ભાની બાંયોથી તેણે પોતાનું મોં ઢાંકી દીધું.

થોડી વાર રહીને ઊરાશીમાનો હાથ પકડી તેને પાસેના ખંડમાં તે લઇ ગઇ. ત્યાં ગવૈયાઓ, નર્તકીઓ, નોકરો, બાંદીઓ વગેરેએ તેની સારી સરભરા કરવા માંડી. ધીમેધીમે ઊરાશીમાને આ નવું રહેઠાણ ખૂબ ગોઠી ગયું.

વાતવાતમાં ત્રણેક વરસ વીતી ગયાં. એશઆરામ અને મોજશોખ સિવાય ઊરાશીમાને કશું કરવાનું નહોતું. પણ હવે તેને આ એકધારા જીવનથી કંટાળો આવવા લાગ્યો. આવા આળસુ જીવન કરતાં તેને પોતાનું માછીમારનું ઉદ્યમી જીવન વધુ સારૂં લાગ્યું. છેવટે પોતાને ગામ ઊપડવા તેણે ઓટોહિમીની રજા માગી.

ઓટોહિમીએ તેનું એવું જ મન જોઇ તેને રજા આપી અને ભેટ તરીકે ઝવેરાત જડેલી એક નાની પેટી આપી. પેટી આપતાં તેણે વારંવાર સૂચના આપી કે કે તે કદી ખોલજે નહિ.

પેટી ઊઘાડતાં જ તેમાંથી સફેદ ધુમાડો નીકળી પડ્યો અને બીજી જ પળે એ માછીમારના દીદાર પલટાઇને તે વૃદ્ધ થઇ ગયો.



બધાંની વિદાય લઇ પેલા કાચબાની પીઠ પર બેસી ઊરાશીમા પાછો પોતાને ગામ આવવા નીકળ્યો. દરિયો એવો ને એવો જ હતો. કિનારો ઊતર્યો તો તે પણ એવો ને એવો જ ઘોંઘાટભર્યો લાગ્યો. પણ ત્રણ વર્ષ પર પોતે જેવું ગામ છોડેલું તેના જેવું હવે ત્યાં નહોતું રહ્યું. નાનાંનાનાં ઝૂંપડાંને બદલે ત્યાં રાક્ષસી ઘરો, નવો પોશાક, નવા ચહેરા વગેરે જોઇ તે તો હેબતાઇ જ ગયો! તેની પરિચિત એકે ચીજ તેની નજરે નહોતી ચડતી. આખરે એક રાહદારીને ઊભો રાખી તેણે પૂછી જોયું: 'ભાઇ, આ ગામમાં ઊરાશીમા તારો રહેતો હતો ને?'

'હા, હા, પેલો એક માછીમાર ને? એના એકાએક ગુમ થયાની વાર્તાઓ ચાલે છે ખરી! પણ તેને થઇ ગયે તો સેંકડો વર્ષો વીતવા આવ્યાં હશે!' રાહદારીએ જવાબ આપ્યો.

ઊરાશીમા તો આ સાંભળીને ભય તથા અચંબાથી બેહોશ જેવો જ થઇ ગયો! હવે શું કરવું તેની તેને સૂઝ ન પડી. અંતે નિરાશા ને મુંઝવણમાં તેણે ન ઊઘાડવાની સૂચના છતાં પેલી રાણીની ભેટની પેટી ઉઘાડી.

પેટી ઊઘડતાં જ તેમાંથી સફેદ ધુમાડો નીકળી પડ્યો ને બીજી જ પળે એ માછીમારના દીદાર બદલી ગયા. જુવાનજોધ ખૂબસૂરત ઊરાશીમાને બદલે એ લબડતી ચામડી ને કરચલીઓભરેલા ચહેરાવાળો, પળિયાં આવેલો ખૂંધલો ડોસલો બની ગયો.

એક હાથમાં ઢાંકણું ને બીજા હાથમાં પેટી લઇ જૂના દિવસો સંભારતાં ઘૂમીઘૂમી તેણે પોતાની બાકીની જિંદગી પૂરી કરી.

(નિપ્પન)

રસાયણશિક્ષક: મીઠાના ક્ષાર સિવાય દરિયાના પાણીમાં બીજું શું હોય છે, કનુ?

કનુ: માછલી, સાહેબ!

ટ્રેન પકડવાની ઉતાવળમાં દોડતા એક શખ્સે રેલ્વેના મજુરને પૂછ્યું: પોણાનવની ટ્રેન ક્યારે ઉપડશે?

મજુર: આઠ ને પીસ્તાળીશ મિનિટે, સાહેબ!



દલ્લીનો પાદશા



બુધાકાકાના ખેતરમાંહીં
રહેતો'તો એક ઉંદર,
કટકટ દાણા ફોલી ખાતો
બચ્ચાં હતાં પંદર.

એક દહાડો ફરવા જાતાં
ખડનો દીઠો ઢગ,
ઝડપ કૂદકો મારી ચડિયો
ઊંચા કરી પગ.

ચું ચું ચું ચું કરતાં બચ્ચાં
આવી ઊભાં નીચે,
બાપાજી નીચે ઊતરો કે
અમને ખેંચો ઊંચે.

બાપાજી મોઢું મલકાવી
મૂછો મરડી બોલ્યા:
'દલ્લીનો હું પાદશા ભાભો
નથી જાણતા અલ્યા?


ગઢ આ મારો જુઓ મજાનો
હું ગઢ ઉપર ઊભો,
સો સો શત્રુ હણું સામટા
નથી કોઇથી બીતો.'



ભાભા આ ભડ વાણી બોલે
ત્યાં કોઇ બોલે 'મ્યાંઉ!'
દલ્લીનો ગઢ મેલી ભાભા
કરી ગયા છુ—ચાંઉ!

રમણલાલ સોની

(ચિત્રકાર ર. પંડિત)





માધુકરી

ત્રંબાળુ ગગડે જ્યારે ઉરે સ્પંદન સ્પંદને,
ને એ-કાંઠે શુન્યાનીનાં ધપે પૂર રંગેરંગે,
સીમાઓ ક્ષિતિજો તૂટે વેધુ દષ્ટિ સમીપથી,
ને પૃથ્વીનો ગહાગોળ બને પગદડા સમો,--
ત્યારે તે કોણ કે એનો શેપાઇ વૃક્ષ જેમ જે
સ્વસ્થાને ખૂંપી રહે ભૂલી દિશાઓનું નિમંત્રણ?

(ઉમાશંકર જોશી)

સ્વ. સર દીનશા એદલજી વાચ્છા

*** કાળનો જે અજબ કીમિયો દેશ અને યુગમાં પ્રગતિ તથા પલટો લાવે છે તેને પ્રતાપે આજે ભલે આપણને એ મોળા વિચારના વિનીત લાગતા હતા, પણ એક વખત તો એ તાતા અંગારા જેવા ઉગ્ર દેશસેવક ગણાતા, અને હિંદી રાજકારણની અર્થશાસ્ત્રની જાળને ઉઘાડી પાડનાર એ અપ્રતિમ નાણાંશાસ્ત્રીના ધ્રુજારાથી રાજસભાઓ અકળાઇ ઊઠતી. હિંદી મહાસભાના આદિ સ્થાપકોમાંના એક એ સર દીનશા વાચ્છાનો આ ટૂંક પરિચય 'નવી રોશની', 'ફુલછાબ' અને 'પ્રજાબંધુ' ઉપરથી તારવીને અત્રે આપ્યો છે.

હમણાં ઉપરાઉપરી હિંદની પારસી કોમે હિંદને સોંપેલા સપુતોમાંના ચાર સપુતો બહિશ્તનશીન થયા છે: સકલાતવાળા, એફ. ઈ. દીનશા, અરદેશર ગોદરેજ અને સર દીનશા એદલજી વાચ્છા. પારસીકોમે ભારતભૂમિને પોતાની માતૃભૂમિ તરીકે સ્વીકારી, ગુજરાતી વાણીને અને લિપિને પોતાની માતૃભાષા અને માતૃલિપિ તરીકે સ્વીકારી, અને એ પારસી કોમે હિંદી શાસનતંત્ર હિંદી પ્રજામતને અનુકૂળ ચલાવવાની લડત ઉપાડનાર મહારથીઓ પૂરા પાડ્યા તે દાદાભાઈ નવરોજી, સર ફિરોઝશાહ મહેતા અને સર દીનશા એદલજી વાચ્છાને ભૂલી શકાય એમ નથી. દાદાભાઇએ ૧૮૯૭માં કલકત્તા કૉન્ગ્રેસના પ્રમુખપદેથી સ્વરાજનો મંત્ર ભણાવ્યો; ફિરોઝશા મહેતાએ સાચા નાગરિક જીવનનો આદર્શ પૂરો પાડ્યો જેના ફળ તરીકે મુંબઈની આજની મ્યુનિસિપાલિટી અને કૉર્પોરેશનનો આજનો વહીવટ છે.

સર દીનશા વાચ્છાનો જન્મ આજથી ૯૨ વર્ષ પહેલાં ૧૮૪૪માં મુંબાઇના એક લત્તામાં થયો હતો. મુંબઈની એલ્ફિન્સ્ટન કૉલેજમાં એમણે શિક્ષણ લીધું હતું.

૧૮૬૪માં એમણે મુંબઇની એક બૅન્કમાં સામાન્ય નોકરી સ્વીકારી. એ અરસામાં હિંદી ઉદ્યોગના પિતા સમા જમશેદજી તાતાના સંસર્ગમાં તેઓ આવ્યા અને તેમની સ્વદેશી મિલમાં જોડાયા. એ કામ કરતાં એમણે હિંદી નાણાપ્રકરણનો અભ્યાસ કર્યો.

ઇ.સ. ૧૮૮૦ થી ૮૭ સુધીનાં સાત વર્ષનો સમય 'ઈંડિયન સ્પેક્ટેટર' નામના મર્હુમ મલબારીના પત્ર સાથે એમનો સંબંધ રહ્યો. એ પત્રમાં એમણે હિંદી રાજકારણ અને અર્થશાસ્ત્ર પર કલમ ચલાવી હતી. એમની કલમ ખૂબ તેજદાર ગણાતી.

કૉંગ્રેસનો જન્મ થયો ત્યારથી તેની નીતિ ઘડવામાં તેમનો ભાગ હતો. ૧૯૦૧માં કૉંગ્રેસના પ્રમુખ બન્યા હતા અને કૉંગ્રેસના સેક્રેટરી તરીકે સર્વથી વિશેષ કાર્ય કરનારામાંના એક હતા. એમના જમાનામાં તેઓ ઉદ્દામમતવાદી ગણાતા. જ્યારે દેશના આગેવાનોનો મોટો ભાગ સરકારને વિનતીઓ કરવામાં માનતો તે વખતે ૧૮૯૭માં તેમણે વેલ્બી કમિશન સમક્ષ આપેલી જુબાનીમાં વિઘાતક અર્થનીતિ અને ઉડાઉ લશ્કરી ખર્ચ સામે સખત વિરોધ ઉઠાવ્યો એટલું જ નહિ પણ સર ફિરોજશાહ મહેતા જેવા, એમના ઉગ્ર વિચારોને કારણે તેઓ સ્થાનિક અથવા વડી ધારાસભામાં જાય એ વસ્તુ નાપસંદ કરતા હતા.

મુંબઈની પ્રેસિડેન્સી એસોસીએશનને માનદ સ્થિતિમાં મૂકનાર અને મુંબાઇની હિંદી વેપારી ચેમ્બરના અગ્ર સંસ્થાપકોમાં એ હતા. મુંબાઇની કૉર્પોરેશનમાં પણ લાંબો સમય કાર્ય કરી તેઓ કૉર્પોરેશનના પ્રમુખ બન્યા હતા. જિંદગીના પાછલા ભાગમાં હિંદી ધારાસભા અને કાઉન્સિલ ઑફ સ્ટેટમાં



એડવર્ડ ૧ એડવર્ડ ૨ એડવર્ડ ૩ એડવર્ડ ૪

પણ ગયા હતા. હિંદમાંથી દોલત પરદેશમાં કેમ ઘસડાય છે તે દાદાભાઇએ આંકડાઓથી સમજાવ્યું અને દીનશા વાચ્છા તેના માર્ગે ચાલીને, એક પ્રખર આંકડાશાસ્ત્રી બન્યા. જે આંકડાઓ નીરસ ભાસે, ચેતન વિનાના જણાય તે આંકડાઓને રસભર્યા, ચેતનવંતા કરી નોકરશાહીમાં ખળભળાટ મચાવનાર સર દીનશા વાચ્છા. દીનશાના જોડીદાર ગોપાલ કૃષ્ણ ગોખલે અને શ્રી જોષી. મુંબાઇ ઇલાકાની ધારાસભા અને હિંદી સરકારની કલકત્તામાં મળતી ધારાસભાની બેઠકોમાં આંકડાથી અકળાવનારાઓને આંકડા પૂરા પાડનાર આ ત્રિપુટી.

૧૯૦૭ની સુરત મહાસભાની ફદ્દામ બેઠક સુધી તેઓ મહાસભાના પ્રાણ સમાન હતા. મહાસભામાં દાખલ થએલા ઉદ્દામવાદને તેઓ સહી ન શકયા અને મૉન્ટફર્ડ સુધારાઓના અમલ વિષે મહાસભાવાદીઓ સાથે મતભેદ પડવાને કારણે તેઓ મહાસભાથી છૂટા પડયા.

૧૯૧૯ અને ૧૯૨૨ના લિબરલ (વિનીત) અધિવેશનના તેઓ પ્રમુખ બન્યા હતા. રાષ્ટ્રના આર્થિક પ્રશ્નોના વિષયમાં સર દીનશાનું સ્થાન વિશિષ્ટ પ્રકારનું હતું અને એમના સમયના મહાસભાવાદીઓમાં આર્થિક પ્રશ્નોના નિષ્ણાત તરીકે તેઓ બહુમાનિત હતા. તેમને ઇમ્પીરિયલ બૅંક ઑફ ઇંડિયાના ગવર્નર બનાવવામાં આવ્યા હતા. દેશની વર્તમાન રાજકીય સ્થિતિમાં એ માન પ્રાપ્ત કરનાર હિંદીઓની સંખ્યા ઘણી ઓછી છે. અત્યંત વૃદ્ધાવસ્થામાં પણ સર દીનશાએ પ્રવૃત્તિમયતાનો ત્યાગ કર્યો નહોતો. ત્રણ વર્ષ પહેલાં જ ૮૮ વર્ષની વયે રાજસભામાંથી તેઓ નિવૃત્ત થયા હતા.

સર વાચ્છા એટલે હકીકતોનો અને વિચારોનો જાણે મહાસાગર. બોલવા માંડે ત્યારે થાકે જ નહિ ટાઇમ્સમાં લખે, ક્રૉનિકલમાં લખે, કયસરે હિંદમાં લખે, ગુજરાતીમાં લખે અને તે છતાં વખત ફાજલ; લોકોની સેવા કરવા માટે સદા તૈયાર. દીનશા વાચ્છા તરંગી નહિ, વાતો કરનારા કે થૂંક ઉડાડનારા યા અખતરા કરનારા નહિ; સ્વતંત્ર વિચારના, ભિન્ન મત પડે તો તડફડ કહી નાખનારા, પણ સાથે નિખાલસ. ટીકાકાર હોવા છતાં સરકારે તેમને સર બનાવી તેમની સ્વતંત્રતાની કદર કરી હતી દીનશા વાચ્છા એક મહાન હિંદી હતા, મહાન દેશભકત હતા, મહાન પ્રજાતત્ર-પ્રણેતા હતા, મહાન અર્થશાસ્ત્રી-આંકડાશાસ્ત્રી હતા, મહાન ઘાટ ઘડનાર organiser, મહાન રાજનીતિજ્ઞ અને મહાન ઉમંગી કાર્ય કરનાર હતા તેમ પ્રામાણિકતાના આદર્શ હતા એમના ગુરુ દાદાભાઈએ ૯૨મે વર્ષે સ્વર્ગગમન કર્યું અને એમણે પણ ૯૨ મે વર્ષે સ્વર્ગગમન કર્યું.

એમના અવસાનથી હિંદની કેટલી યે વેપારી પેઢીઓ બેંકો અને સંસ્થાઓમાંનું એમનું સ્થાન ખાલી પડે છે. એમના અવસાનથી હિંદે એક વખતના પ્રખર અર્થશાસ્ત્રી અને મહાસભાના સ્થાપક ખોયા છે.

આઠ એડવર્ડો

* * * સ્વ. પાંચમા જ્યૉર્જના મૃત્યુ બાદ શહેનશાહ તરીકે, અત્યાર સુધી પ્રિન્સ ઑફ વેલ્સ તરીકે જાણીતા તેમના પાટવી કુંવર એડવર્ડ ગાદીએ આવ્યા છે. એમની પહેલાં ઇંગ્લાંડની ગાદી પર સાત એડવર્ડો આવી ગયા છે. જોકે તેમાંના કોઇને આવડા મોટા સામ્રાજ્ય પરનું આધિપત્ય નસીબે નહોતું આવ્યું, છતાં બ્રિટનના ઇતિહાસની લગભગ શરૂઆતથી ચાલી આવતી એ નામાભિધાન ધરાવતી વ્યક્તિઓના જીવનમાં વણાએલા એ દેશના ઇતિહાસના આછા દોર પર પ્રસંગોચિત ઊડતી નજર નાખવી રસદાયક થઇ પડશે.

ઈ.સ. ૧૨૧૪ના ઑગસ્ટની ૧૯મી તારીખે પહેલો એડવર્ડ ઇંગ્લાંડની ગાદીએ આવ્યો. તેનું વય ૩૫ વર્ષનું હતું. પાર્લામેન્ટરી રાજસંસ્થાની ઇંગ્લાંડને નવાજેશ કરનાર એ જ રાજા. પ્રજા સાથેના સહકારમાં જ રાજ્યનું શ્રેય હોવાની તેની હમેશની માન્યતા હતી. તેણે વેલ્સ જીત્યું. જોકે સ્કૉટલૅન્ડ જીતવામાં તે નિષ્ફળ નીવડયો (અને એ પ્રયત્નના પરિણામે ૧૩૦૭ના જુલાઈની ૭મીએ તે મૃત્યુ પામ્યો); પરંતુ જેના પર સ્કૉટલૅન્ડના રાજાઓનો રાજ્યાભિષેક થતો તે પાષાણ તે ઇંગ્લાંડ લાવેલો, અને ત્યારથી બધા રાજાઓનો રાજ્યાભિષેક પ્રથમ તે પાષાણ



એડવર્ડ ૫



એડવર્ડ ૬



એડવર્ડ ૭



એડવર્ડ ૮

પર જ કરવામાં આવે છે. આજના આઠમા એડવર્ડનો રાજ્યાભિષેક પણ તેના પર જ થવાનો.

એડવર્ડ બીજો એ ઇંગ્લાંડનો પહેલો પ્રિન્સ ઑફ વેલ્સ. તે નબળો ને મૂર્ખ હતો અને દરબારીઓના હાથમાં રમકડું બની જતો. તેના હાથમાંથી રાજસત્તા છીનવી લેવામાં આવી અને તેની રાણી ઇસાબેલાએ પોતાના પ્રેમી રૉજર મૉર્ટિમર સાથે મળી તેને કેદમાં નખાવ્યો, જ્યાં બહુ રીબામણી બાદ ૧૩૨૭ના સપ્ટેમ્બરની ૨૧મીએ તેનું ખૂન કરવામાં આવ્યું, એ બધી હકીકત ઇતિહાસમાં જાણીતી છે.

તેના પુત્ર એડવર્ડ ત્રીજાને ૧૩૨૭માં રાજા તરીકે તો જાહેર કરવામાં આવ્યો, પણ તેને ખરી સત્તા ૧૩૩૦માં રૉજર મૉર્ટિમરના મૃત્યુ બાદ મળી કહેવાય. તે અને તેની પછીના રાજાઓએ ફ્રાન્સની ગાદી પર પોતાનો હક્ક હોવાનો દાવો કર્યો ને ઇતિહાસમાં જાણીતી 'સો વર્ષની લડાઇ'ની તેના વખતમાં શરૂઆત થઇ. તેની મહત્ત્વાકાંક્ષા હમેશાં પ્રભાવી સૈનિક બનવાની હતી. 'કાળા મોત' તરીકે ગણાતા પ્લેગોનું આક્રમણ ઇંગ્લાંડ પર તેના વખતમાં થએલું. ૧૩૭૭માં તે મૃત્યુ પામ્યો.

ચોથા એડવર્ડના ગાદીએ આવ્યા પહેલાં ઇંગ્લંડે ઘણાં વર્ષો આંતરકલહો, અંધાધૂંધી અને અરાજકતામાં ગાળ્યાં. અંતે, લગભગ એક સૈકા પછી ૧૪૬૧માં યૉર્કના ડ્યૂક રિચાર્ડનો પુત્ર એડવર્ડ આગળ આવ્યો અને લોકોએ ચોથા એડવર્ડ તરીકે તેને જાહેર કર્યો. તે કલાનો બહુ શોખીન હતો ને વેપારને સારૂં ઉત્તેજન આપતો. છાપાકળાને ઇંગ્લાંડમાં લાવનાર કૅક્સ્ટનને આશ્રય આપી એ કળાને પાંગરતી કરવાનો યશ તેને જાય છે.

એડવર્ડ પાંચમો તો ગાદીએ આવ્યો ત્યારે ફક્ત તેર જ વર્ષનો હતો. થોડા જ દિવસોમાં ગ્લોસેસ્ટરના ડ્યૂક રિચાર્ડે પોતાને રાજા તરીકે જાહેર કર્યો અને એડવર્ડ પાંચમા તથા તેના ભાઇને લંડનના ટાવરમાં કેદ કર્યા, જ્યાં પાછળથી થએલા તેમના વધની કરુણ કથા ઇંગ્લાંડના ઇતિહાસનું કાળું પાનું છે.

છઠ્ઠો એડવર્ડ એ હેન્રી આઠમાનો એકનો એક દીકરો. 'ઇંગ્લંડ અને આયર્લંડના રાજા તથા દેવળના મુખ્ય સત્તાધીશ' એવા મોટા બિરુદ સાથે તે ગાદીએ આવ્યો ત્યારે તેની ઉમર માત્ર નવ વર્ષની હતી. ઇંગ્લંડ આખામાં એ વેળા ધર્માંતરનું ઝનૂન વ્યાપી રહેલું હતું ને ધાર્મિક માન્યતાઓને કારણે માણસોને બાળી નાખવામાં આવતા. બેકારી પણ બહુ મોટા પ્રમાણમાં ફેલેલી. 'ગરીબોનો કાયદો' (Poor Law) પહેલવહેલો તેના સમયમાં હસ્તીમાં આવ્યો. ૧૫૫૩ના જુલાઈની છઠ્ઠી તારીખે ૧૬ વર્ષની ઉમરે તેનું અવસાન થયું.

એ પછી લગભગ સાડા ત્રણસો વરસ લગી કોઇ બીજો એડવર્ડ ગાદીએ આવ્યો નહિ. છેક ૧૯૦૧ના જાન્યુઆરીની ૨૨મી તારીખે મહારાણી વિક્ટોરિયાના મૃત્યુ બાદ તેમના પુત્ર અર્લ ઑફ ચેસ્ટર અને પ્રિન્સ ઑફ વેલ્સ સાતમા એડવર્ડ તરીકે ગાદીએ આવ્યા. ગ્રેટબ્રિટન, આયર્લાંડ અને દરિયાપારનાં સંસ્થાનોના રાજા તથા હિંદના શહેનશાહ તરીકે એ એડવર્ડ સાતમાએ ઇંગ્લાંડની ગાદી સંભાળી. તે રૈયત તરફ બહુ પ્રેમાળ હતા ને પ્રજાએ તેમને 'શાંતિસ્થાપક'નું નામ આપ્યું હતું. ઇ.સ. ૧૯૧૦ના મેની છઠ્ઠી તારીખે તેમનું અવસાન થયું. નવ વરસના તેમના ટૂંકા રાજ્યકાળમાં એ બહુ લોકપ્રિય અને બાહોશ રાજા તરીકેની કીર્તિ પામ્યા.

ગત જાન્યુઆરીની ૨૦મીએ શહેનશાહ પાંચમા જ્યૉર્જનું અવસાન થતાં તેમના પાટવી કુંવર એડવર્ડ આઠમાના નામથી ગાદીએ આવ્યા છે. આજે ઇંગ્લાંડનું અને પરદેશોનું રાજકારણ બહુ કટોકટીના સમયમાંથી પસાર થઇ રહ્યું છે એવી પળે તે રાજ્યધુરા સંભાળે છે. આગલા કોઈપણ રાજા કરતાં દુનિયાના દેશો અને તેમનાં માણસોના તે વધુ પરિચયમાં આવેલા છે. તે લોકસત્તાવાદી છે. રાજસિંહાસને આવતાં પહેલાં તેમણે એકવાર કહેલું કે 'રાજા એ દેશ, જાતિ કે પક્ષાપક્ષીના કોઇપણ ભેદોથી પર છે અને એ બધા ભેદો ગાળી નાખી એકતા પ્રકટાવવાનું તેનું કર્તવ્ય છે. જો એ કર્તવ્ય કોઈ દહાડો મારે નસીબે આવશે તો, મને વિશ્વાસ છે કે, હું તેને લાયક નીવડીશ.'

એ કોલ પાર પાડવાનો સમય ઇશ્વરકૃપાએ આવી લાગ્યો છે.

(મૉરિસ કોવાનના લેખ ઉપરથી)

અડફેટે હાથ લાગેલી એક ઉપયોગી શોધ

*** ભલેને એ એક શોધ એને અડફેટે હાથ લાગી; પણ તેથી કાંઇ એના જીવનમાં પ્રારબ્ધ બધે બળવાન નહોતું. એ શોધની પાછળ કોઇ બીજા ઉદ્દેશનો પણ પ્રબળ પુરુષાર્થ એણે ખેડયો હતો, અને ખરો તો એ જ ફળ્યો.

અઢાર વર્ષની કુમાર વયથી રસાયણોની દુનિયામાં ઘેરાએલા રહેતા એ છોકરાનું નામ વિલિયમ પર્કિન. તેના બાપની ઈચ્છા તેને સ્થપતિ બનાવવાની હતી, છતાં તે લંડનની રૉયલ કૉલેજ ઑફ સાયન્સમાં જોડાએલો.

અખતરા માટે જોકે કૉલેજની પ્રયોગશાળામાં તેને પૂરતી સગવડ અને સાધનો હતાં અને તે ત્યાં અખતરા પણ કરતો; છતાં તેણે ઘેર પણ એક પ્રયોગશાળા ઊભી કરેલી અને ત્યાં અખતરા કર્યા જ કરતો.

એક વખત તેને કલ્પના આવી: કોલટારમાંથી કિવનાઇન મેળવી શકાય કે નહિ? તરત તેની પાછળના પ્રયોગો પર તે મંડ્યો. તેનાં સગાંસંબંધીઓ તેની ખૂબ મશ્કરી ઉડાવતાં, પણ તેણે તો પોતાના અખતરા મક્કમ રીતે ચાલુ રાખ્યા.

એક વખત તેના પ્રયોગવાળો ચંબુ મેલા ઍનિલાઇન તેલ અને બીજાં રસાયણોથી ભરાઇ ગએલો. પર્કિને તે સાફ કરવા તેમાં થોડો આલ્કૉહૉલ રેડયો. મેલા મિશ્રણને બદલે એમાં તો તરત સુંદર ઘેરો જાંબુડો રંગ નજરે પડચો! આમ પર્કિનને સૌથી પહેલી કોલટારમાંથી રંગ બનાવવાની શોધ હાથ આવી.

પછી તો એ જ રીતે એ કોલટારમાંથી ગળીનો, ઍલિઝરાઇન વગેરે રંગો તેણે બનાવ્યા અને આજે તો પર્કિને બતાવેલા રસ્તા મુજબ કોલટારમાંથી આપણા ઉપયોગમાંઆવતા અસંખ્ય પ્રકારના રંગો બને છે. પણ કોલટારના એ પ્રયોગો એકલી રંગોની જ બનાવટથી અટકયા નથી. હાલ તો તેમાંથી કેટલી યે સુગંધીઓ, બળી ઊઠતા પદાર્થો, દવાઓ વગેરે પણ બનાવવામાં આવે છે. સક્રિય ગુણવાળી પહેલવહેલી જ ઔષધિ સેલિસિલિક ઍસિડ પણ કોલટારમાંથી જ બનેલી છે.

આમ અડફેટે ચડેલા એક પ્રયોગથી જ સ્થપતિ બનતાં બનતાં બચી ગએલા એ વિલિયમ પર્કિને રસાયણશાસ્ત્રીઓમાં પોતાનું સ્થાન કાયમ કર્યું. (અંગ્રેજી ઉપરથી)

શ્રી હનુમાન વ્યાયામ પ્રસારક મંડળ અમરાવતી

*** કેવળ આપબળ, ખંત અને ચીવટથી જે સંસ્થાએ સમસ્ત હિંદમાં અગ્રણીપદ જ નહિ, પરંતુ પશ્ચિમની નમૂનેદાર સંસ્થાઓમાં નામના પ્રાપ્ત કરી છે.

વીસમી સદીના શરૂઆતમાં અમરાવતીમાં 'મહારાષ્ટ્ર વ્યાયામ શાળા' નામની એક સંસ્થા સ્થપાઇ. જોકે ૧૯૦૮ના આંદોલનથી તેને તો દબાવી દેવામાં આવી, પરંતુ યુવકોમાં આ અખાડાથી જે ચેતન આવ્યું હતું, તે શાનું દબાય? એટલે ફરીથી ૧૯૧૪માં કેટલાક ઉત્સાહી યુવકોએ 'હનુમાન કલબ'ની સ્થાપના કરી. એમાંથી જ હાલના 'શ્રી હનુમાન વ્યાયામ પ્રસારક મંડળ'નાં મંડાણ થયાં.

૧૯૧૪થી માંડીને ૧૯૧૮ સુધીનો કાળ આ સંસ્થાનો બાલ્યકાળ ગણી શકાય. કલબના યુવકો કુસ્તી, લાઠી, ગદકાફરી વગેરે ખૂબ રસપૂર્વક કરતા. તે વખતે શાળાના લગભગ ૧૫૦થી ૨૦૦ વિદ્યાર્થીઓ મેદાની ખેલ કરતા. આ કલબમાં શરૂઆતમાં ફક્ત ચાર જ સભાસદ હતા, તે થોડા જ સમયમાં વધીને પચાસ થયા. ૧૯૧૮માં જયારે મહાન યુદ્ધ પુરૂં થયું, ત્યારે આ 'હનુમાન કલબ' 'શ્રી હનુમાન વ્યાયામશાળા'માં રૂપાંતર પામી.

આ અરસામાં જ આ સંસ્થામાં પોતાનો પ્રાણ પૂરનાર અને તેને વ્યવસ્થિત સ્વરૂપ આપનાર ડૉ. શિવાજીરાવ પટવર્ધન અમરાવતીમાં આવ્યા. તેમની પ્રેરણા અને ઉત્સાહથી ત્યાંના યુવકોમાં નવચેતન આવ્યું; અને જ્યારે ૧૯૧૮ પછી ઇન્ફલુએન્ઝા ચાલ્યો ત્યારે તેમણે ગરીબોની ખૂબ જ પ્રેમપૂર્વક માવજત કરી. આ સેવાથી જનતાનું ધ્યાન આ સંસ્થા તરફ આકર્ષાયું.

જેમજેમ સંસ્થા પગભર થવા લાગી તેમતેમ એના કાર્યકર્તાઓનું ધ્યાન સમસ્ત હિંદુસ્તાનની વિધવિધ પદ્ધતિઓનો અભ્યાસ કરીને તેમાંથી જે યોગ્ય અને શાસ્ત્રીય લાગે તે રાખવા તરફ અને જે આધુનિક વાતાવરણને બંધબેસતું ન હોય તેને છોડી દેવા તરફ આકર્ષાયું. આ રીતે પોતાની શક્તિઓને એકત્રિત કરીને ત્યાંના યુવકોએ પોતાની એક પદ્ધતિ રચી કાઢી.

પણ આ રીતે જો તેમનું કાર્ય કેવળ વ્યાયામશાળામાં જ સમાપ્તિ પામી જાય તો તેઓ પોતાનો સંદેશો બીજે પહોંચાડી ન શકે. આ હેતુથી પ્રેરાઇને તેમણે ૧૯૨૫ પછી ગરમીની રજામાં શિબિર કાઢવાની શરૂઆત કરી. આ શિબિર તે ત્યાંના વ્યાયામવર્ગો.

૧૯૩૧માં આ શિબિરોમાં ભાગ લેતા વિદ્યાર્થીઓની સંખ્યા ૧૭૦૦ સુધી પહોંચી હતી. ૧૯૨૯માં આ સંસ્થાની દેખરેખ તળે ચાલતી ૩૫૨ સંસ્થાઓ (જેમાં બધા મળીને ૨૧,૧૬૬ વિદ્યાર્થીઓ ભાગ લેતા) કામ કરતી હતી.

આ પ્રમાણે જેમજેમ આ વ્યાયામ મંદિરનું કાર્ય વધવા લાગ્યું તેમતેમ તેની પુરાણી ઈમારતો તેને નાની પડવા લાગી. તેથી નવી ઇમારત ચણવાને માટે શહેરની મ્યુનિસિપાલિટીએ સંસ્થાને ૫૦૦૦) રૂપીઆ આપ્યા અને તે વખતના કમિશ્નર જી. એ. ખાને પોતે ૨૦૦) રૂપીઆ ભેટ આપ્યા. આ ઇમારત પૂર્ણ થયા બાદ તેની ઉદ્‌ઘાટન ક્રિયા મહાત્મા ગાંધીને હસ્તે થઇ હતી. તેમણે જણાવ્યું હતું કે 'કેવળ એ જ સંસ્થાને હું મનપૂર્વક આશીર્વાદ દઈ શકું જેનો હેતુ સર્વ જાતિઓના ને સમસ્ત રાષ્ટ્રના યુવકોની, કોઇપણ ધર્મ કે સમાજની બાધા વિના શારીરિક ઉન્નતિ કરવાનો હોય. હનુમાન વ્યાયામ મંડળ આવી સંસ્થા છે તે જોઇને હું આ ક્રિયા કરવા આવ્યો છું.'

આ રીતે આ વ્યાયામ મંદિરના પ્રચારકાર્યથી મહારાષ્ટ્ર-ભરમાં તેની વ્યાયામપ્રણાલિ શ્રેષ્ઠ મનાવા લાગી. સને ૧૯૨૭ માં જ્યારે મુંબાઇ યુનિવર્સિટીએ 'ફરજીઆત શારીરિક શિક્ષા' ના પ્રશ્ન માટે એક કમિટી નીમી હતી ત્યારે પણ આ સંસ્થાના ૧૫૦ વિદ્યાર્થીઓએ જઇને પૂનામાં પોતાના ખેલ બતાવ્યા હતા. તે વખતે મુંબાઈના ગવર્નરે સંસ્થાને ૧૫૦) રૂપીઆ ભેટ આપ્યા હતા; અને તે વેળાએ સૌથી મહત્ત્વનું તો હતું કર્નલ હચિનસનનું ભાષણ. તેમણે જણાવ્યું હતું: 'અત્યારે મેં જે ગારી સમક્ષ ખેલો જોયા તેવા મેં ઇંગ્લંડ કે ફ્રાન્સમાં પણ ભાગ્યે જ જોયા હશે. સંગઠન, શિસ્ત, શાસ્ત્રીયતા અને વ્યવસ્થાની દૃષ્ટિથી આ ખેલો પશ્ચિમના કોઇ પણ ખેલ કરતાં ઊતરતા નથી.'

આવા અભિપ્રાયોથી પ્રેરાઇને સંસ્થાના કાર્યકર્તાઓએ પોતાના ચુનંદા વિદ્યાર્થીઓને પરદેશ મોકલવાનો વિચાર કર્યો. પરદેશના સમાચાર મેળવવા તેમણે 'બલ વિજ્ઞાન સમિતિ' (Physical Culture Information Bureau) સ્થાપી તેમણે જાણ્યું કે આધુનિક જગતમાં આ બાબતમાં જર્મની, અમેરિકા અને જપાન આગળપડતા દેશો છે. આ ત્રણે દેશોમાં પોતાનાં માણસો મોકલવાની વ્યવસ્થા તેમણે શરૂ કરી.

આના પરિણામ રૂપે ડૉ. લક્ષ્મણરાવ કોકર્ડેકરને જર્મની મોકલવામાં આવ્યા. ત્યાં તેઓ સાડા ત્રણ વર્ષ રહ્યા અને ત્યાંની ઉચ્ચશ્રેણીની પદવી પ્રાપ્ત કરીને આવ્યા. તેમને જે ઉપાધિ મળી છે, તે પ્રાપ્ત કરવામાં આખા એશિયામાં તેઓ સર્વથી પ્રથમ છે

આ ઉપરાંત રઘુનાથરાવ ખાનીવાલને જાપાન મોકલવામાં આવ્યા. જાપાન ધનુર્વિદ્યામાં અગ્રણી ગણાય છે. ખાનીવાલે આ વિદ્યાનો ભારતમાં અભ્યાસ કર્યો અને પછી ત્યાં ગયા. ત્યાં તેમને ખૂબ જ નામના મળી. 'હિન્દુસ્તાનનો સિતારો' 'હિન્દનો વિલિયમ ટેલ' જેવા ઉદ્ગારો ત્યાંના પત્રમાં આવવા લાગ્યા. ૨૩ વર્ષની નાની વયે જ તેમણે આ કીર્તિ સંપાદન કરી.

૧૯૩૩ના અરસામાં થએલી International Senatesમાં પણ આ મંડળના બાલવિભાગના પ્રમુખ શ્રી મુકુંદરાવ કાગલકર ગયા હતા.

ઉપરના આ ટૂંકા ઇતિહાસ ઉપરથી જણાઇ આવશે કે આ સંસ્થા ધીરેધીરે ઘણી વ્યાપક બનતી જાય છે. (ગુજરાતસમાચાર)

ગુપ્ત પ્રયાગ

અલ્લાહાબાદનું બીજું નામ પ્રયાગ છે. એટલે કાઠિયાવાડમાં જૂનાગઢ સ્ટેટના ઊના ગામથી ત્રણ માઇલ દૂર આવેલા આ ગુપ્ત પ્રયાગ વિષે થોડાને માહિતી હશે. દેલવાડાથી પ્રયાગ જવા માટે સડક છે; પરંતુ ઊનાથી જતાં માત્ર ગાડાવાટ અને પછી પગકેડી આવે છે. અમે ઊના રસ્તે પ્રયાગ ગએલા. રસ્તામાં તાડનાં પુષ્કળ ઝાડ આવે છે. પ્રયાગ નજીક આવતાં આ ઝાડ એટલાં બધાં ગીચોગીચ આવેલાં છે કે અજાણ્યા મુસાફરને તો એમ જ લાગે કે કદાચ આ ગીચ ઝાડીમાં ભૂલા પડ્યા તો રખડીરખડીને થાકી જઇશું તોપણ રસ્તાનો પત્તો નહિ લાગે.

પ્રયાગમાં તુળસીશ્યામની માફક સાત કુંડો છે. તુળસીશ્યામના કુંડોમાં કુદરતીરીતે હમેશાં ગરમ પાણી રહ્યા કરે છે, જ્યારે આ કુંડો ઠંડા પાણીથી છલોછલ ભરેલા રહે છે. આ કુંડોનું પાણી પુષ્કળ ઝાડીને લીધે લીલું તથા અસ્વચ્છ રહે છે, તોપણ શ્રદ્ધાળુઓ કુંડોમાં નાહી આચમન કરે છે.

આ કુંડોમાં પાણી કદી ખૂટતું જ નથી. અલ્લાહાબાદ (પ્રયાગ)માં જ્યારે ગંગાયમુનાનો સંગમ પ્રત્યક્ષ દેખાય છે ત્યારે અહીં કુંડોને ગંગા કુંડ, યમુના કુંડ, સરસ્વતી કુંડ એમ નામો આપેલાં છે. આ બધા કુંડો બાંધેલા છે. વચલો કુંડ ખૂબ લાંબો છે અને નાના તળાવની માફક તેની ચારે બાજુએ પગથિયાંથી આરા બાંધેલા છે. અહીં સાત ફણાવાળા નાગ ઉપર શયન કરેલા પ્રયાગરાજની, લક્ષ્મીજી તથા નાભિકમળમાંથી નીકળતા બ્રહ્મા સહિતની કાળા પત્થરમાં કોરેલી આકર્ષક મૂર્તિ છે. હિંદુસ્તાનમાં ઘણાંખરાં મંદિરોમાં કારતક સુદ ૧ ને દિવસે અન્નકૂટ ઉત્સવ થાય છે, ત્યારે અહીં દર વરસે માગશર સુદ ૯ને દિવસે આ ઉત્સવ ઉજવાય છે. આ પ્રસંગે દીવ, દેલવાડા, ઊના તથા આજુબાજુનાં પુષ્કળ માણસો દર્શનાર્થે આવે છે.

શ્રાવણ માસની અગારસે પણ અહીં મેળો ભરાય છે. અહીં બ્રહ્મચારીનો મઠ છે અને એમના તરફથી દરેક અતિથિનું સ્વાગત થાય છે. આ મઠના બ્રહ્મચારીએ અમને કબ્રસ્તાનવાળી તકરારી જગ્યા બતાવી જે કુંડની તદ્દન નજીક છે. આ જગ્યા માટે જુનાગઢ સ્ટેટ તરફથી હિંદુઓના લાભમાં ચુકાદો આવી ગયો છે, તોપણ ગમે તે નજરે જોનારને ખાતરી થાય છે કે કહેવાતી કબરોને બદલે માત્ર સાધુઓની સમાધિને મળતી આ જગ્યા છે. અહીં માત્ર ચારપાંચ ધર્મશાળાઓ સિવાય બીજું કાંઇ નથી. અમુક ધર્મશાળાઓમાં સદાવ્રત અપાય છે. ખાસ કરીને શ્રી વલ્લભાચાર્યની બેઠક હોવાથી આ સ્થળ વૈષ્ણવ સંપ્રદાયમાં યાત્રાનું ધામ લેખાય છે. —કેશવલાલ જટાશંકર મહેતા

રબ્બર શીંગડું બની જાય છે

* * * અને કલાઈનું તેલ થઇ જાય છે! વિજ્ઞાનનો એક નવો અજબ અખતરો . . .

પૃથ્વીના કેન્દ્રમાં જો આપણી સામાન્ય ચીજો મૂકાય તો તેમના પર ત્યાંના દબાણની શી અસર થાય એ બાબત પર વર્ષો થયાં વિજ્ઞાનીઓ ચર્ચાઓ કરી રહ્યા છે. પણ હાર્વર્ડ યુનિવર્સિટીના ડૉ. પર્સી વિલિયમ્સ બ્રિજમૅને હાલમાં જ સામાન્ય ચીજો પર અસામાન્ય દબાણ લાવી તેનો ઉકેલ આણ્યો છે.

પહેલાં તો અખતરાઓમાં ખાસ દમ જેવું ન લાગ્યું. પણ પછી તેને એક નવો વિચાર આવ્યો. વસ્તુઓ પર એમની મૂળ સ્થિતિમાં દબાણ લાવવા કરતાં તેમને આમળી નાખીને યા નાની ચીપો કરીને જો તેમના પર દબાણ લાવવામાં આવે તો તેમના અણુઓને એકબીજા પરથી સરકી જવામાં વધુ

સગવડ પડે ને એથી દબાણને લઇને તેમનું જે સ્વરૂપાંતર થાય તે કાયમી બને.

આ રીતે તેણે દર ચોરસ ઇંચે સાત લાખ રતલના દબાણ નીચે જુદીજુદી વસ્તુઓ લાવી જોઇ; અને ખરેખર તેમનું વિચિત્ર જ રૂપાંતર થઈ ગયું! રબ્બર પર એ પ્રયોગ કરતાં તેનું રબ્બરપણું ઊડી જઈ એમાંથી અર્ધપારદર્શક શીંગડા જેવો પદાર્થ બની ગયો; બરડ ગંધક રબ્બર જેવો ચીકટ પદાર્થ બની ગયો; સ્થૂલ કલઇ ઘાટા તેલ જેવી થઇ ગઇ; અને લેડ ડાયોકસાઇડ જેવો બીનનુકસાનકારક પદાર્થ પણ ધડાકા સાથે સળગી ઊઠયો!

(લિટરરી ડાઇજેસ્ટ)

આદમી કયાંથી આવ્યો?

*** હરખ પામવાનું કાંઇ કારણ નથી! વાનરમાંથી તો ખરો જ; પણ ડાર્વિન સાહેબ કહે છે તેથી જરા જુદા પ્રકારનો મત હમણાં રજુ થયો છે અને તેનું નિમિત્ત આપણો હિમાલય બન્યો છે. જુઓ—

ડાર્વિન સાહેબે માણસના આદિ રૂપ ઉપર છેવટનું કહી નાખ્યું છે એમ મનાય છે, પણ હમણાં સર આર્થર સ્મિથ વૂડવર્ડે ઇંગ્લંડના આગેવાન માનવવંશશાસ્ત્રીઓની સભામાં એક નવી જ હકીકત રજુ કરી છે. તેણે જાહેર કર્યું છે કે માનવી કુદરતના એક અકસ્માતને કારણે જ બની ગયો છે! મધ્ય એશિયાના કેટલાક વાનરોને ઝાડનું જીવન છોડી જમીન પર વસવાનો સમય આવ્યો ન હોત તો આજ માનવનસ્લ કયાંયે હોત જ નહિ! માનવ જાતિનો પહેલો નમૂનો આજથી છ કરોડ વર્ષ પહેલાં હિમાલય ઉપસી ઊંચો થયો તે કારણને આભારી છે. ઉત્તર હિંદુસ્તાનનાં ગીચ જંગલો અનેક જાતના વાનરોથી ખદબદી રહ્યાં હતાં તે વખતે પૂર્વથી પશ્ચિમ સુધીની હિમાદ્રિમાળા ખડી થઇ ગઇ. આથી તેની ઉત્તરે રહેલાં જંગલો પણ ઊંચાં થઇ ગયાં અને વૃક્ષમય પ્રદેશનો નાશ થવાથી તેના આધારે વસી રહેલી વાનર પ્રજાને જમીન પર ગુજારો કરવાનો વખત આવ્યો. તેમાં ઘણા મરી ગયા અને જે જીવ્યા તેમને ખાવા-પીવા–રહેવાની આદતો બદલવી પડી. આ અકસ્માતમાંથી સીધી માનવ પ્રજા શરૂ થઈ. સર આર્થરનું કહેવું એમ છે કે મુશ્કેલીમાં મુકાવાથી તેમને મગજ દોડાવતા થવું પડયું અને બુદ્ધિ ખીલવવી પડી. ડાર્વિન આજે જીવતા હોત તો સામો ખુલાસો શો આપત તે આપણે વિચારવાનું રહ્યું. પણ એટલું તો ખરૂં ને, કે વખત જતાં માનવી વધારે સમજણો થતો જતો દેખાય છે?

(અંગ્રેજી ઉપરથી)

પ્રાયશ્ચિત્ત

*** આ નીચેના ફકરાને નોંધ લખવાની જરૂર નથી, કેમકે તેમ કરવાથી કોઇને છેડાઇ પડવાનો ભય છે!

એક જમાનો એવો હતો કે જ્યારે 'ધંધો ન હોય તો પંતુજી થા' એ કહેવત બેકારોને લાગુ પાડવામાં આવતી. પરંતુ હાલ સમય બદલાયા પ્રમાણે એ કહેવત ફેરવી 'ધંધો ન હોય તો કવિતા કર' એ પ્રમાણે એને બેકારો માટે પ્રચલિત કરવી જોઇએ; કારણકે એ કહેતીનું સાર્થકપણું આપણે આજે અનુભવી શકીએ છીએ. કાવ્યરસનું પાન કર્યાની તરસ છીપતી નથી, એ તથ્ય પશ્ચિમ શું કે પૂર્વ શું કોઇ પણ દેશને એકસરખું સ્વીકાર્ય છે. બેન્જામિન ફ્રેંકલિન જેવા પણ કહે છે કે Poetry is the last resort of a vagabond. કોઇનો પણ આશ્રય મેળવ્યા વિના પોતાના જીવનને યથેચ્છ નિભાવનાર કોઇ પણ કવિ કોઈપણ દેશકાળમાં થયો સાંભળ્યો નથી. પરંતુ આ પ્રજાસત્તાવાદી યુગમાં પ્રજાને જ આવા કવિઓને આશ્રય આપવો પડે છે. આનો તાજો જ દાખલો અમેરિકા રજુ કરે છે. આજકાલમાં અમેરિકાના કવિઓને માટે એક સંસ્થા સ્થાપવામાં આવી છે. એણે વિપુલ ભંડોળ જમાવ્યું છે અને એની વ્યવસ્થામાં મુખ્ય કલમ એ છે કે દર સાલ એમાંથી પાંચ હજાર ડૉલર કવિઓનાં યોગક્ષેમ માટે અલગ કાઢવા. કવિઓને ઇશ્વરદત્ત બુદ્ધિનો ઉપયોગ કેવળ ભરણપોષણ માટે જ કરવો પડે, એના કરતાં પોતાની શક્તિ અને ગુણોનો વિકાસ કરવામાં એનો ઉપયોગ કરે–કરી શકે એ આ યોજનાનો આશય છે. આ સંસ્થાની પરિચયપત્રિકામાં એવું જણાવવામાં આવ્યું છે કે 'જે રાષ્ટ્રવાસીઓએ પોતાના કવિઓના યોગક્ષેમની ઉપેક્ષા કરી છે એવાઓની નામાવલિમાં અમેરિકાના રાષ્ટ્રવાસીઓ મોખરે છે.' ખરી વાત છે પંડિત, સ્ત્રી અને વેલ આશ્રય વિના શોભતાં નથી. —('કેસરી'માંથી)

વીમાકંપનીઓનો હિંદમાં જન્મ

*** એ કેમ થયો એનું નિમિત્ત કાંઇક જુદું જ હતું. અને અત્યારે એની પ્રગતિ જુઓ તો?

હિંદુસ્તાનમાં અંગ્રેજોનું રાજ્ય સ્થપાયા પછી જે પરદેશીઓ વ્યાપાર અથવા રાજકારણને અંગે અહીં આવી કાયમ થયા તેમના જીવનસંરક્ષણ માટે વીમો લેવાનું પરદેશી વીમા કંપનીઓએ આપણા દેશમાં પહેલવહેલું સ્વીકાર્યું. ધીમેધીમે પાછળથી આ કંપનીઓ પરદેશના ખ્રિસ્તીઓનો પણ વીમો સ્વીકારવા લાગી ત્યારબાદ સ્થાનિક ખ્રિસ્તીઓની એક વીમા કંપની સ્થપાઇ. હિંદી ખ્રિસ્તીઓની આવી પહેલવહેલી વીમા કંપની મદ્રાસમાં ઇ.સ.૧૮૨૯માં સ્થાપવામાં આવી. પછી તો લોકો વીમાનો લાભ સમજવા લાગ્યા અને ૧૮૫૦માં બે બીજી કંપનીઓ હયાતીમાં આવી; અને ઇ.સ. ૧૮૭૧ અને ૭૪માં મુંબાઈમાં બૉમ્બે મ્યૂચ્યુઅલ અને ઓરીએન્ટલ નામની બે કંપનીઓ સ્થપાઇ. આમાંની ઓરીએન્ટલે આ દેશના લોકોમાં વીમાનો પ્રચાર કરવાનું ધ્યેય રાખ્યું. ૧૯૦૬માં ઇન્ડિયન લાઇફ, ભારત, એમ્પાયર વગેરે વીમા કંપનીઓ સ્થપાઇ. ઇ.સ. ૧૯૦૫-૬માં સ્વદેશીની ચળવળની શરૂઆતને અંગે સ્વદેશી ઉદ્યોગો અને સ્વદેશી વીમા કંપનીઓને બહુ ઉત્તેજન મળ્યું. સ્વદેશીના પ્રચારની આ ચળવળ બંગભંગને અંગે જન્મેલી હોવાથી ખુદ બંગાળામાં ૧૯૦૬થી ૧૩ નાં વર્ષો દર-

જ્યાન ૫૦ જેટલી વીમાકંપનીઓ સ્થપાઇ અને સાથેસાથે મુંબાઇ તેમજ મહારાષ્ટ્રમાં પણ એની અસર થઇ. ('કેસરી'માંથી)

હવે કાંઇ કહેવું છે?

* * * વિદ્યાર્થીઓ ગુરુને પ્રમાણપત્ર આપતા થયા. કોઇ ચતુરાઈભરી નવીનતા કરવી એ અમેરિકનોનું કામ. એક એવી જ નવીન આ પ્રણાલિકા ચબરાક અમેરિકન કુમારોએ શરૂ કરી છે:

અમેરિકાના માસાચુસેટ્સ પરગણાના લિન ગામની કૉબેટ જુનિયર હાયસ્કૂલના વિદ્યાર્થીઓ પાસ થયા તે પ્રસંગે તેમને પણ એક માનપ્રદાન કરવાનો પ્રસંગ મળ્યો. તે શાળાના ૭૦ વર્ષના પ્રિન્સિપલ ફિલિપ એમર્સન નોકરી પરથી ફારગ થયા તેમને વિદ્યાર્થીઓએ તેની ડિપ્લોમા આપી! તેમાં લખ્યું હતું કે આ ડિપ્લોમા ધરાવનારે પ્રિન્સિપાલ તરીકેના ૩૮ વર્ષના હોદ્દા પરથી પોતાની તમામ ફરજો પૂરેપૂરી અદા કરી છે.

ઊંચાઇનો ઉપયોગ

મુસાફરીની ટિકિટો આપણે ત્યાં જેમ વયના પ્રમાણમાં લેવામાં આવે છે તેમ ચીનમાં કદના પ્રમાણમાં લેવામાં આવે છે! અઢી ફૂટની ઊંચાઇ સુધીનાં બાળકોની ટિકિટ નથી લેવાતી. ચાર ફૂટ ચાર ઇંચ ઊંચાઇનાંઓને અરધી ટિકિટ આપવી પડે છે અને તેથી ઊંચાઓને આખી ટિકિટનો ચાર્જ આપવો પડે છે.

સહરાના રણનો વિસ્તાર વધે છે

સહરાનું રણ વધતું જાય છે એમ વિજ્ઞાનીઓ જણાવે છે. દર વર્ષે એક માઇલ લેખે તેનો પટ વિસ્તરતો જાય છે! આ હિસાબ જોતાં એ કે ત્રણ સદીઓમાં તો દરિયાકિનારાની થોડીક પટ્ટીઓ સિવાય આખો ઉત્તર આફ્રિકા રણ બની જશે! વિજ્ઞાનીઓ કહે છે કે હમણાંનું રણ પણ પહેલાં તો અનેક નદીઓનાં વહેણ અને નાનાંમોટાં સરોવરો ધરાવતો ફળદ્રુપ સપાટ પ્રદેશ જ હતો.

ઘંટનો ઑાચકૉટ

ઝેકોસ્લોવાકિયાએ નિશાળોમાં ઘંટ વગાડવાનું બંધ કર્યું છે. હવેથી ઘંટને સમયે એકાદ બે મિનિટો માટે સંગીત ચાલુ કરવામાં આવશે. નિશાળ શરૂ થતાં કૂચ-સંગીત વાગશે. બાદ પાંચ મિનિટ માટે વિદ્યાર્થીઓને રેડિયો દ્વારા ચાલુ સમાચારોથી વાકેફ કરવામાં આવશે અને ત્યારબાદ વર્ગોનાં કામકાજ ચાલુ થશે. આ પ્રથાથી વિદ્યાર્થીઓનાં મન વધુ પ્રફુલ્લ રહેતાં તેમને અભ્યાસમાં રસ પડશે એમ માનવામાં આવે છે.

સાઇકિલસ્ટો ગુનેગાર

સાઇકલનો હાથો છોડી દઇને સાઇકલ ચલાવવામાં કેટલાકને બહુ રસ પડે છે, પણ જર્મનીમાં તેવી રીતે જાહેર માર્ગ પર સાઇકલ ચલાવનારને કેટલાંક શહેરોમાં ગુનેગાર ગણવામાં આવે છે અને એ રીતે રાહદારીઓના જોખમે પોતાની ચાતુરી બતાવનાર સાઇકિલસ્ટ પર અદાલતમાં કામ ચલાવી શકાય છે

વિકસાતું વિજ્ઞાન

અમેરિકામાં હવે પાણીથી જમાવેલા બરફને બદલે સૂકો બરફ વાપરવામાં આવે છે. આ સૂકો બરફ તે ઠારી જમાવેલો કાર્બન ડાયોક્સાઈડ. તેને ગાળવા સારૂ તેને પ્રવાહીમાં નહિ પણ ગૅસમાં મૂકવો જોઇએ. તે હલકો હોઇ જગ્યા પણ બહુ ઓછી રોકે છે, એટલું જ નહિ પણ પાણીથી જમાવેલા બરફ કરતાં પણ વધુ ઠંડો હોય છે.

ॐ

મંચુકુઓમાં દોઢસો માઇલ લંબાઈની એક રેલવેના પાટાની પહોળાઇ પાંચ ફૂટને બદલે હાલ યુરોપના ધોરણ પ્રમાણે ચાર ફૂટ ને સાડા આઠ ઇંચ કરવાની હતી. સવારના પહોરમાં પાંચ વાગ્યામાં જ બે હજાર માણસો કામે લગાડી દેવાયા અને આઠ વાગ્યા ત્યાં સુધી ત્રણ કલાકમાં તો કામ ખતમ પણ કરી લીધું. જાપાનીસ સ્ફૂર્તિ તે આ!

ॐ

જ્યારે દુનિયા પરનો તેલ અને કોલસાનો બધો જથ્થો ખલાસ થઇ જાય ત્યારે એક નવો ઉપાય હાથ ધરવાનું વૈજ્ઞાનિકો કહે છે. દક્ષિણ ધ્રુવમાં કલાકના પચાસ માઈલની ઝડપે પવનના ઝપાટા લાગ્યા કરે છે. ત્યાં એ લોકો પવનચક્કીઓ ઊભી કરવાનું કહે છે કે જે વાયુશક્તિને વીજળીક શક્તિમાં ફેરવી નાખે ત્યાંથી પછી વાયરલેસ યા વીજળીક તારથી એ શક્તિ બીજા દેશોમાં મોકલી શકાશે!

ॐ

કૉફી પીણાં માનસિક શક્તિ તદ્દન ઘટાડી મૂકે છે એવું અમેરિકાની માનસશાસ્ત્રની સંસ્થા કહે છે. તેણે શિક્ષિત અને ધંધાદારી માણસોની માનસશક્તિના એ બાબેના પુરાવા લીધા છે, જેમાં એક માણસની માનસશક્તિ તો ફક્ત અઢી વર્ષના બાળક જેટલી જ કક્ષાએ પીણાંથી જઇ પહોંચેલી જણાઈ હતી!

ॐ

વિજ્ઞાનીઓ ઘણા વખતથી બૂમો પાડે છે કે, પૃથ્વીના ગર્ભની ગરમી પરનો કાબુ મેળવી શકાય તો આપણી બધી જરૂરિયાતો તેનાથી પૂરી પાડી શકાય. પણ ખપ પડતી ગરમી મેળવવા પૃથ્વીમાં કેટલે ઊંડે જવું પડે તે હજુ નક્કી નથી. થોડા જ વખત પર અમેરિકામાં ટેકસાસની એક તેલ કંપનીને માલૂમ પડયું હતું કે ખોદાણના પહેલા પાંચ હજાર ફૂટ દરમિયાન જમીનની ગરમી હદ ઉપરાંત વધતી જાય છે. ૧૨૭૮૦ ફૂટ ઊંડે સુધીના એ કંપનીનાં ખોદાણમાં ગરમી ૧૮૦ ડિગ્રી ફેરનહાઈટ રહે છે. હજુ યે એ ખોદાણો ફક્ત બે હજાર ફૂટ જો વધુ ખોદવામાં આવે તો, મનાય છે કે, પાણીને ઉકાળી મૂકવા પૂરતી ગરમી મળી રહે!

ઘરધણી: અમારા મકાન બાબત કંઇ ફરિયાદ તો નથી ને!

ભાડુત: બીલકુલ નહિ. નળ ન આવે તો છાપરાંમાંથી પાણી પડે છે એટલે કંઇ અડચણ નથી પડતી. પરંતુ ચોમાસું ગયા પછી જરા વિચારવાનું થશે.

વિહંગ, ઊડ! જો લસે અખૂટ વ્યોમ આશાભર્યાં

'એક દહાડો મને રોજ કરતાં વધારે ખાતો જોઇ મારા બાપે ઠપકો આપ્યો કે તું સંયમ રાખતાં ક્યારે શીખીશ? મેં તદ્દન નિર્દોષ રમૂજમાં કહ્યું: તમે પણ, બાપા, જમી રહીને સૂંઘણીની કેવડી મોટી ચપટી ભરો છો? તરતજ એમણે ખિસામાંથી દાબડી કાઢી ચૂલામાં નાખી દીધી અને તે પછી કદિ છીંકણી સૂંઘી નહિ.' ઇંગ્લંડનો પ્રખ્યાત પાદરી કાર્ડિનલ વૉઘાન આ પ્રસંગ વર્ણવીને કહે છે કે મારૂં ચારિત્ર્યબળ ઘડનાર આ દાખલો મારા જીવનસંયમમાં પહેલો પાયો બન્યો.

ગણિત ગમ્મત

૧૨૩૪૫૬૭૯ × ૯ = ૧૧૧૧૧૧૧૧૧
૧૨૩૪૫૬૭૯ × ૧૮ = ૨૨૨૨૨૨૨૨૨
૧૨૩૪૫૬૭૯ × ૨૭ = ૩૩૩૩૩૩૩૩૩
૧૨૩૪૫૬૭૯ × ૩૬ = ૪૪૪૪૪૪૪૪૪

અને એ પ્રમાણે આગળ

કહેવતોના અર્થ: 'ગાયે ગળ્યું રતન.' તે ગાયને માર્યા વગર નીકળે નહિ અને ગાયને મરાય નહિ. કફોડી સ્થિતિમાં આવી પડેલા માટે આ કહેવત વપરાય છે. એ જ અર્થની બીજી કહેવતો: 'સાપે છછુંદર ગળી'; 'સૂડી વચ્ચે સોપારી'.

જે દુકાનો, ઑફિસો કે ઓરડામાં કાથાની ગૂંથેલી સાદડી જમીન પર પાથરવામાં આવતી હોય ત્યાં સાદડી નીચે છાપાંના મોટા કાગળ પાથરી રાખવાથી નીચે ગરતી ધૂળ તે પર જ પડશે અને સાફ કરતી વખતે સહેલાઇથી ઉઠાવી લઇ શકાશે. નહિતર એ બારીક રજને જમીન પરથી સાફ કરવી બહુ વસમી છે.

રંગીન દોરાનાં આરીભરતવાળાં કપડાંને ધોતાં પહેલાં ચમચો મીઠું કે સરકો નાખેલા ઠંડા પાણીમાં કમમાં કમ બે કલાક પલાળી રાખવાથી રંગ નહિ ઊતરે.

ભેંશના લીલા તાજા છાણને લૂગડામાં નાખી નીચોવી કાઢેલા પાણીનું ટીપું આંખમાં નાખવાથી રાતઆંધળાપો મટે છે એમ કહેવાય છે.



પ્રથમ વાયરલેસ ચલાવનાર

અમેરિકાના વૉશિંગ્ટન શહેરનો ડૉ. એમ. લૂમિસ દુનિયામાં વાયરલેસનો સૌ પહેલો ખરો શોધક ગણાય. માર્કોનીના જન્મ પહેલાં છ વર્ષે તેણે વર્જિનીઆ પ્રાંતમાં બે ગિરિશિખરો પર સામસામા બીનતારી સંદેશા મોકલવાનો સફળ અખતરો કર્યો હતો. (COURTESY·RIPLEY)

થોડા સરકામાં ચમચો મીઠું ભીંજવી તે વડે બારીના કાચ સાફ કરવાથી પણ ચમક આવશે.

પૃથ્વીના મધ્યબિંદુએ ૫૦૦૦૦ ડિગ્રી સેન્ટીગ્રેડ ગરમી રહેલી છે, જ્યારે તેના દર ચોરસ ઇંચે દબાણ ૫ કરોડ રતલ છે.

હિંદુસ્તાનમાં સરેરાશ સૌથી વધુ આયુષ્ય ભોગવનાર પંજાબના જાટ લોકો છે.

હિંદુસ્તાનમાં ફક્ત વાઇસરૉયની જ એક એવી મોટર છે જેને નંબર વિના ચાલવાની રજા છે.


દુનીઆનો મોટામાં મોટો પૂલ સ્કૉટલંડનો ટે-બ્રિજ છે. તેની લંબાઇ સાડા પાંચ માઇલ છે.

આપણા દેશમાં સેંકડે સિત્તેર ટકા ખેતી પર નિર્વાહ ચલાવનારા છે.

થતી આવક ઉપરાંત સરકારે હિંદી પ્રજાને નામે ૫૦ અબજ રૂપિયાનું દેવું તો પરદેશોમાં કર્યું છે; છતાં આપણા દેશની આવકમાંથી દર વર્ષે પોણો અબજ રૂપિયા પેન્શનો પેટે પરદેશ મોકલાય છે.

ઘોડો એના વજન કરતાં નવ ગણો ખોરાક એક વર્ષમાં ખાય છે.

ગયા વર્ષ કરતાં સત્તર કરોડ રૂપિયાનો વધુ પરદેશી માલ આ વર્ષે હિંદમાં આવ્યો છે. એકલી સીગારેટ જ ગયા વર્ષ કરતાં ચાર લાખ પંચ્યાશી હજાર રૂપિયાની વધારે આવી.



દક્ષિણ હિંદમાં કાર્તિકેયની ભક્તિ પ્રચલિત હોવાથી તેના વાહન મોરનો પ્રચાર જીવન-સાધનોનાં સુશોભનો વગેરેમાં ઘણો છે. એક લગ્નપ્રસંગે મોરના આકારમાં ફૂલો વડે શણગારેલી મોટરનું ઉપલું ચિત્ર એ દિશામાં નવો ખ્યાલ આપે છે.